Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment I Insurance I Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 110, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 14 AUGUST, 2020 Vol. 16, No. 33 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# દેશમાં ડાયરેક્ટ ટેક્સના ફેસલેસ યુગનો પ્રારંભ

## ફેસલેસ એસેસમેન્ટ, ટેક્સપેયર્સ અને ચાર્ટડ જેવા મોટા સુધારાની જાહેરાત સાથે અમલ શરૂ, ૨૫ સપ્ટેમ્બરથી સિસ્ટમ લાગુ થશે



નવી દિલ્હી : ડાયરેક્ટ ટેક્સમાં સુધારાને આગળ ધપાવતાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે 'પારદર્શક કરવ્યવસ્થા-પ્રમાણિકોનું સન્માન' નામની નવી વ્યવસ્થાનો પ્રારંભ કરાવ્યો હતો. ભારતના પ્રમાણિકતાથી કર ચૂકવતા નાગરિકોને મોટો પુરસ્કાર આપતાંવડા પ્રધાન મોદીએ ભારતીય અર્થતંત્રને ભારે હાનિ પહોંચાડનારી કોરોના મહામારી મધ્યે પ્રમાણિક કરદાતાઓ માટે કર જટિલતા ઘટાડતાં ડાયરેક્ટ ટેક્સ સુધારાના નવા તબક્કાનો પાયો નાંખ્યો હતો.

વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કરેલા સંબોધનમાં વડા પ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, આજે શરૂ થઈ રહેલી નવી વ્યવસ્થાકરવ્યવસ્થાને ફેસલેસ બનાવી દેશે. દેશના નાગરિકોના જીવનમાં સરકારી હસ્તક્ષેપ ઘટાડવાની દિશામાં આ મોટું પગલું છે. નવી વ્યવસ્થામાં ફેસલેસ એસેસમેન્ટ, ફેસલેસ અપીલ અને ટેક્સપેયર્સ ચાર્ટર જેવા મોટા સુધારા સામેલ કરાયાં છે. ફેસલેસ એસેસમેન્ટ અને ટેક્સપેયર્સ ચાર્ટર આજથી જ અમલમાં આવી જશે જ્યારે ફેસલેસ અપીલનો અમલ ૨૫મી સપ્ટેમ્બરથી શરૂ કરાશે. આ વ્યવસ્થાનો મુખ્ય ઉદ્દેશ્ય નિર્બાધ, પીડારહિત અને ઓળખવિહીન કરવ્યવસ્થા છે. પ્રમાણિક કરદાતાનું જીવન સરળ બને છે ત્યારે તે આગળ વધીને વિકાસ પામે છે, તેની સાથે દેશનો પણ વિકાસ થાય છે. દેશમાં માળખાકીય સુધારાનો ટ્રેન્ડ નવા તબક્કામાં પહોંચ્યો છે. નવી સિસ્ટમ ૨૧મી સદીની ટેક્સ સિસ્ટમ બની રહેશે.

### મહત્વના સુધારા કરાયા

દેશમાં કોઇપણ અધિકારીને અપીલની કાર્યવાહી સોંપાશે, તે અધિકારની ઓળખ જાહેર કરાશે નહીં. અધિકારીઓની ટીમની પસંદગી ઉચ્ચક કરાશે અને તે કોઇપણ શહેરના અધિકારી હોઇ શકે છે. અત્યાર સુધી શહેરના આઇટી અધિકારીઓ દ્વારા અપીલ પર કાર્યવાહી કરાતી હતી, હવે દેશનો કોઇપણ આઇટી અધિકારી ટેકનોલોજીની મદદથી અપીલની ચકાસણી કરશે. આ સિસ્ટમ અંતર્ગત કરદાતાએ આવકવેરાની કચેરી અથવા તો અધિકારીની મુલાકાત લેવાની રહેશે નહીં.

ભારતના ૭૪માં સ્વાતંત્ર્ય દિનની સ્વદેશ પરિવાર તરફથી વાંચકો તથા વજ્ઞાપનદાતાઓને હાર્દિક શુભકામના
Happy Independence Day
– તંત્રી શ્રી

# બ્રાઝિલમાં કરોડોની ઉચાપત, EDએ ભારતમાં ૬૭ બેન્ક ખાતાં ફ્રીઝ કર્યાં

નવી દિલ્હી : બ્રાઝિલમાં કરોડોની ઉચાપતના મામલે પ્રાંતીય ગવર્નર સામે તપાસ ચાલી રહી છે ત્યારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા ભારતીય બિઝનેસમેન અને કંપનીઓના ૬૭ બેન્ક ખાતાં ફ્રીઝ કરાયાં છે. બ્રાઝિલ સરકારની વિનંતીને આધારે મની લોન્ડિંરગ એક્ટ હેઠળ આ પગલું લેવાયું હોવાનું ઈડીએ ગુરુવારે દિલ્હી હાઈકોર્ટને જણાવ્યું હતું. બંને દેશ વચ્ચે આ પ્રકારની કામગીરી કરવા કરાર કરાયા હોવાથી ઈડી એક્શનમાં આવી હતી. જો કે આ સંદર્ભમાં ઈડીએ કોઈ સામે કોઈ કેસ કર્યો નથી. બ્રાઝિલની સરકારે ઈડીને જણાવ્યું હતું કે પ્રાંતીય ગવર્નર દ્વારા ૬૭ ખાતાઓમાં કેટલીક રકમ ટ્રાન્સફર કરાઈ છે જેને પરિણામે શકમંદ ખાતાઓ ફ્રીઝ કરવા તથા બ્રાઝિલ સરકારે ૧૬૧ મિલિયનની ઉચાપતના મામલે તપાસ હાથ ધરી છે જેમાં કયા ચલણમાં કેટલી રકમના વ્યવહારો કરાયા તેનો ઉલ્લેખ કરાયો નથી. આ પછી ઈડીએ સ્ટેટ બેન્કને ૯ કંપનીઓ અને વ્યક્તિઓનાં ખાતાં ફ્રીઝ કરવા આદેશ આપ્યો હતો. ઈડીએ દાવો કર્યો હતો કે બ્રાઝિલના પ્રાંતીય ગવર્નર (જેનું નામ ઈડીએ જાહેર કર્યું નથી) દ્વારા કરોડોની ઉચાપત કરીને ભારત સહિત ૫૦ દેશોમાં આ રકમ ટ્રાન્સફર કરાઈ છે.




RUMA LAW OFFICE
Real Estate Law
Family Law (Legal Aid Certificate Accepted)
Wills and Estates
Affidavit and Power of Attorney
Immigration Law
Legal Documentation and Notarization
Tel: 416-299-4815
RUMA DIWANJI
Barrister, Solicitor & Notary Public
55 Nugget AVE. Suite 230E, Scarborough, ON M1S 3L1
rumalawoffice@gmail.com

Ready to make a move?
Exceptional service from
TD Ready for you
Ask me how
Deepak Patel
Manager, Mobile Mortgage Specialist
C: 416-272-7225
deepakkumar.patel@td.com

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife
Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE I FUNERAL INSURANCE I MORTGAGE INSURANCE I CRITICAL ILLNESS INSURANCE I DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE I INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS I RESP I ESTATE PLANNING I RRSP I RETIREMENT PLANNING

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Inderpendently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં માથું ઉંચકતો કોરોનાઃ ૧૮૪ કેસ, ૬નાં મોત

**સમગ્ર દેશમાં ૪૫૯૭ કેસ હજી એક્ટિવ : ૨૨૯૨ દર્દીઓની હાલત ગંભીર : ગુરૂવારે સૌથી વધુ ક્યુબેકમાં ૧૦૪ કેસ**

### • ઓન્ટેરિયોમાં ૭૮ નવા દર્દી મળ્યાઃ ૯૯ કેસ રિકવર થયા

ઓન્ટેરિયોઃ ગુરૂવારે કેનેડામાં કોરોનાના ૧૮૪ કેસ નોંધાતા વાયરસે ફરી માથું ઉંચક્યું હોય તેમ જણાય છે. આ સાથે જ કેનેડામાં કુલ ૧,૨૧,૦૨૮ કેસ થઈ ગયા છે. જ્યારે આજે સૌથી વધુ મોત ક્યુબેકમાં ૬ થયા હતા. જેને પગલે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૯૦૧૨ થઈ ગયો હતો. અત્યારસુધીમાં કેનેડામાં ૧,૦૭,૪૧૯ દર્દીઓને સાજા કરવામાં સફળતા મળી છે. જ્યારે આજની સ્થિતિએ ૪૫૯૭ કેસ હજી એક્ટિવ છે. જે પૈકી ૨૨૯૨ દર્દીઓની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. કેનેડામાં અત્યારસુધીમાં કોરોના સામે અસરકારક કામગીરી થઈ છે. જો કે આમ છતાં ફરીએકવાર કોરોનાના દર્દીઓનો આંક ઉંચે જઈ રહ્યો છે. ઓન્ટેરિયોમાં ગુરુવારે નવા ૭૮ કેસ નોંધાવા સામે ૯૯ રિકવર થયા હતા. ન્યુ બ્રુન્સવીકમાં બે કેસન નોંધાયા હતા. જ્યારે ક્યુબેકમાં સૌથી વધુ ૧૦૪ કેસ નોંધાવા સાથે ૧૭૧ દર્દીઓ સાજા થયા હતા. અહીં ૨૪ કલાકમાં જ ૬ લોકોના મોત નિપજ્યા હોવાના અહેવાલો છે. આ ઉપરાંત મેનિટોબામાં ૨૫ નવા સંક્રમિતો મળ્યા હતા. જેની સામે ૯ દર્દી રિકવર થયા હતા. સાશ્કેચ્વાનમાં ૨૭ નવા કેસ મળવા સામે ૧૧ દર્દીઓને રિકવરી થઈ હતી.

# ઈન્ટરનેશનલ ફ્લાઈટ દ્વારા ટોરન્ટોમાં પ્રવેશતા પૈકી અનેકને કોવિડના લક્ષણો

### • ચાર દિવસમાં પાંચ ફ્લાઈટ, પાકિસ્તાન, આબુ ધાબી અને નેવાક સહિતના વિસ્તારમાંથી આવી હતી

ટોરન્ટોઃ ઓગસ્ટ માસમાં જયારથી દુનિયાના વિવિધ દેશોમાંથી ટોરન્ટો આવનારી ઈન્ટરનેશનલ ફ્લાઈટસ શરૂ થઈ છે ત્યારથી પાંચ ફ્લાઈટસમાં આવેલા પ્રવાસીઓ પૈકી ઘણાં કોવિડ -૧૯થી સંક્રમિત હોવાનું બહાર આવ્યું છે. ફેડરલ સરકારના જણાવ્યા મુજબ પહેલી ઓગસ્ટથી ચોથી ઓગસ્ટ સુધીમાં કેનેડામાં આવેલી પાંચ ફ્લાઈટના પેસેન્જર્સ પૈકી ઘણાં કેનેડા આવ્યા બાદ કોવિડ -૧૯ના પોઝીટીવ હતા.

આ ફ્લાઈટસમાં પહેલી ફ્લાઈટ એર ટ્રાન્ઝીટની ટીએસ ૮૩૧ પુન્ટા કાનાથી ટોરન્ટોની હતી જે પહેલી ઓગસ્ટે આવી હતી. બીજી ઓગસ્ટે લાહોરથી ટોરન્ટો આવનારી પાકિસ્તાન ઈન્ટરનેશનલ એરલાઈન્સની ફ્લાઈટ પીકે ૭૯૭ હતી.

જયારે અબુ ધાબીથી ટોરન્ટો આવનારી એતિહાદ એરવેઝની ફ્લાઈટ ઈવાય ૧૪૧ બીજી ઓગસ્ટે આવી હતી. આ ઉપરાંત ત્રીજી ઓગસ્ટે નેવાકથી ટોરન્ટો આવનારી યુનાઈટેડ એરલાઈન્સની ફ્લાઈટ યુએ૩૪૮૮ અને ચોથી ઓગસ્ટે શિકાગોથી ટોરન્ટો આવનારી એર કેનેડાની ફ્લાઈટ એસી ૭૬૮૨નો પણ સમાવેશ થાય છે.

સરકારી વેબસાઈટ પર મુકાયેલી આ જાણકારી પ્રોવિન્શીયલ એન્ડ ટેરીટોરીયલ હેલ્થ ઓથોરીટીસ, ઈન્ટરનેશનલ હેલ્થ ઓથોરીટીસ અને પબ્લીક વેબસાઈટે પુરી પાડી હતી. સરકારી વેબસાઈટ પર દિવસમાં એકવાર ડેટા અપડેટ કરવામાં આવે છે. બહારથી કેનેડામાં પ્રવેશનારા દરેકે કોવિડ -૧૯ના લક્ષણો હોય કે ન હોય, તો પણ ૧૪ દિવસ માટે સેલ્ફ આઈસોલેશન ભોગવવાનું ફરજિયાત છે.

# ટ્રાવેલ એન્ડ ટુરિઝમ ઈન્ડસ્ટ્રીની હાલત કફોડી, સરકાર પાસે રાહતની માંગણી



ટોરન્ટો : કેનેડામાં કોવિડ -૧૯થી અસર પામેલી ટ્રાવેલ એન્ડ ટુરીઝમ ઈન્ડસ્ટ્રીના પ્રતિનિધીઓએ કહ્યું હતું કે, જો ફેડરલ સરકાર એમની મદદે નહીં આવે તો તેઓ મોટાપાયે કર્મચારીઓને છૂટા કરશે. જેને કારણે દેવાળાની સ્થિતિ સર્જાશે. સોમવારે હાઉસ ઓફ કોમન્સના ઈન્ડસ્ટ્રી કમિટીના સાંસદોએ કોરોનાને કારણે સર્જાયેલી સ્થિતિમાં દેશના ટ્રાવેલ અને હોસ્પીટાલીટી સેકટરને પડેલા મોટા ફટકાની રજુઆતો સાંભળી હતી.

**સાંસદોએ ટ્રાવેલ અને હોસ્પીટાલીટી સેકટરને થયેલા નુકસાનની રજુઆતો સાંભળી**

પ્રતિનિધીઓએ કહ્યું હતું કે, અત્યારની કોઈ પણ સરકારી રાહતની યોજનામાં એમના સભ્યોને ટકી રહી વ્યવસાય ચાલુ રાખવા જેવી જોગવાઈ નથી. ટ્રાવેલ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન ઓફ કેનેડાના પ્રમુખ શેલોર્ટ બેલે કહ્યું હતું કે, બીજા સેકટર્સને ધીમે ધીમે તેમના વ્યવસાયો શરૂ કરવાની છૂટ મળી રહી છે. જયારે પ્રવાસ પ્રતિબંધોને કારણે ટુરીઝમ સેકટરનું કામ શરૂ થઈ શકયું નથી. બેંકો સરળતાથી લોન આપતી નથી. તેમણે ફેડરલ સરકાર તરફથી આપવામાં આવતી વેજ સબસીડીને આવતા વર્ષના મે માસ સુધી વધારવા અપીલ કરી હતી.

જેથી લોકોને છૂટા કરવા ન પડે કે કંપનીઓ ફડચામાં ન જાય. ફેડરલ સરકારની યોજના મુજબ ૮૪૭ યુએસ ડોલર પ્રતિ સપ્તાહ સુધીના પગારદાર કર્મચારીને ૭૫ ટકા રકમ મળી શકે છે. બેલે એમ પણ કહ્યું હતું કે, સરકારે હોટેલ્સ, કોન્ફરન્સ સેન્ટર્સ અને માટે પણ ટેક્ષ ક્રેડીટ કે ગ્રાન્ટની પણ વ્યવસ્થા કરવી જોઈએ. જેથી તેમને માળખાગત સુવિધાઓમાં મોટો ખર્ચ ઉઠાવવામાં મદદ મળી શકે. આ સેકટરને ટકી રહેવા તાત્કાલિક આર્થિક તરલતાની જરૂર છે.







# કોરોના મહામારી બાદ હવે કેનેડામાં ઈમિગ્રેશન સિસ્ટમ થાળે પડવા તરફ

## જુનમાં કેનેડામાં ઈમિગ્રેશન વધ્યું, ૧૮મી માર્ચથી કેનેડામાં પ્રવાસ પ્રતિબંધ લાગુ થયો હતો

### • IRCCની અરજી પ્રક્રિયાને પણ સોશિયલ ડીસ્ટન્સીંગની અસર પહોંચી હતી

ઓન્ટેરિયો : જુન માસમાં કેનેડાએ અંદાજે ૧૯,૨૦૦ નવા પરમેનન્ટ રેસીડેન્ટસને આવકાર આપ્યો હોવાનું ઈમિગ્રેશન, રેફયુજીસ એન્ડ સિટીઝનશીપ કેનેડા (આઈઆરસીસી)એ આજે જાહેર કરેલા નિવેદનથી જાણવા મળ્યું છે. જુન માસમાં કેનેડામાં પરમેનન્ટ રેસીડેન્ટ બનનારાઓની સંખ્યા ૧૧ હજારથી વધુ હતી. જે એપ્રિલમાં ૪૦૦૦ હતી. જે સંખ્યા કેનેડામાં કોરોનાની સ્થિતિમાં માર્ચ ૨૦૨૦ બાદની એક માસમાં સૌથી વધુ છે. બીજી તરફ એ ગયા વર્ષના જુન માસના ૩૪૦૦૦ ની સરખામણીમાં ઘણી ઓછી પણ છે.

જો કે વૈશ્વિક મહામારીને કારણે આ પ્રમાણ ઓછુ થાય એ દેખીતું છે. ૧૮મી માર્ચથી કેનેડામાં પ્રવાસ પ્રતિબંધ લાગુ થયો હતો. વધુમાં કેનેડાના કાયમી નિવાસની પરવાનગી ધરાવનારાઓ માટે પણ પ્રવાસ પ્રતિબંધ હોવાને કારણે તેઓ કેનેડામાં પ્રવેશી શકયા નહોતા અને આઈઆરસીસીની અરજી પ્રક્રિયાને પણ સોશિયલ ડીસ્ટન્સીંગની અસર પહોંચી હતી.

જુનમાં ઈમિગ્રન્ટસના મૂળ રાષ્ટ્રો છેલ્લા થોડા મહિનાઓથી બદલાયા નથી. જેમને પ્રવેશ મળ્યો છે તેમણે ઘણાં સમય પહેલા અરજી કરી હતી અને એ દેશો મહામારીથી અસરગ્રસ્ત નહોતા.

જુન માસના પીઆર આંકડાઓ દર્શાવે છે કે કેનેડાની ઈમિગ્રેશન સિસ્ટમ હવે સામાન્ય બનતી જાય છે.

### જુનમાં કેનેડામાં કયા કયા દેશના નાગરિકોનો પ્રવેશ થયો




| | |
|---|---|
| ભારત | – ૬૭૬૦ |
| ચીન | – ૨૦૧૦ |
| ફિલીપાઈન્સ | – ૯૦૦ |
| અમેરીકા | – ૭૪૦ |
| પાકિસ્તાન | – ૫૯૫ |
| બ્રાઝીલ | – ૫૬૦ |
| યુનાઈટેડ કિંગડમ | – ૫૩૫ |
| નાઈજિરીયા | – ૫૩૦ |
| ઈરાન | – ૩૯૦ |
| સાઉથકોરિયા | – ૩૫૫ |




# અલ્બર્ટામાં રેડ ડીયરના મેડિકલ ક્લિનીકમાં હુમલોઃ ડોકટરનું મોત

અલ્બર્ટાના રેડ ડીયર શહેરના એક મેડિકલ કલીનિકમાં સોમવારે ડોકટરના એકઝામિનેશન રૂમમાં ડોકટર ઉપર પ્રાણઘાતક હુમલો થયો હતો. ઘટનાની જાણ થતાં જ રોયલ કેનેડીયન માઉન્ટેડ પોલીસે (આરસીએમપી) એક વ્યકિતની હત્યાના આરોપમાં ધરપકડ કરી હતી. જો કે એ દરમિયાન એક પોલીસકર્મીને ઈજા પહોંચી હતી. ઘટના સમયે હાજર એનીના મુલિન નામની એક મહિલાએ જણાવ્યું હતું કે, એ પોતાની ૧૩ વર્ષની પુત્રી સાથે વેઈટીંગરૂમમાં બેઠી હતી. ત્યારે ડોકટરના એકઝામિનેશન રૂમમાંથી બચાવ માટેની વિનંતીનો અવાજ તેણે સાંભળ્યો હતો.

એણે રીસેપ્શનીસ્ટને કહીને પોલીસને જાણ કરી હતી. પોલીસે કહ્યું હતું કે, સમયસર પોલીસ પહોંચી હોવાથી વધુ નુકસાન થયું નથી અને આ ઘટના છૂટીછવાઈ હુમલાની હોવાથી સમાજ માટે કોઈ મોટો ખતરો નથી. ઘટના સમયે હાજર મહિલાએ જણાવ્યું હતું કે તેણે ઝપાઝપીનો અવાજ સાંભળ્યો હતો. જેમાં હુમલાખોરથી બચવા ડોકટરનો અવાજ સંભળાતો હતો. ગભરાયેલી રીસેપ્શનીસ્ટે હાજર બે પુરૂષ દર્દીઓને મદદ માટે કહેતા તેમણે રૂમનો દરવાજો ખોલવાનો પ્રયાસ કર્યો ત્યારે હુમલાખોરોએ દરવાજો સામેથી બંધ કરી દીધો હતો.

# ૧૫મી ઓગસ્ટે ‘ગીતો કી શામ, વતન કે નામ’ લાઈવ કાર્યક્રમનું આયોજન

ઓન્ટેરિયો : કેનેડામાં વસતા બધા ભારતીયોને એક કરી સાથે રાખનાર ભાવિનભાઈ પટેલે કેનેડા- લંડન શહેરમાં ઈન્ડિયન કલ્ચરલ ઓફ લંડન ઓન્ટેરિયો સંસ્થા અથાગ મહેનતથી ઊભી કરી છે અને દિવસેને દિવસે આ સંસ્થા પ્રગતિ કરતી જાય છે. ભાવિનભાઈની પ્રેસિડેન્ટશીપ હેઠળ અત્યાર સુધી બ્લડ ડ્રાઈવ, કેન્સરના પેશન્ટને મદદ, હોસ્પિટલમાં દાખલ થયેલાઓને મદદ તથા તેમને જરૂરી સેવા વગેરે પુરી પાડી છે. આ ૧૫મી ઓગસ્ટે ભારત દેશમાં સવારે ધ્વજવંદન પછી તમામ લોકો જોઈ



શકે તે પ્રમાણે અને કેનેડાના સમય પ્રમાણે તા.૧૪ ઓગસ્ટે રાત્રે ૮.૩૦ વાગ્યેથી ગીતો કી શામ, વતન કે નામ, ફેબુક ઉપરથી લાઈવ પ્રોગ્રામનું વિના મુલ્યે જોઈ શકાય તે રીતે આયોજન કરેલ છે. આ પ્રોગ્રામમાં કોકીલ કંઠી પ્રભા સુભદ્રા અને મોહમંદ રફીના વોઈસમાં મહેમૂદ શેખ દેશભક્તિ, સોલો તથા ડુએટમાં ગીતો ગાશે. ભારત દેશમાંથી જયસીંગભાઈ દવે મુકેશના અવાજમાં અને રમેશભાઈ વ્યાસ નૌશાદના શાસ્ત્રીય રાગ આધારીત મહેમાન કલાકાર તરીકે ભાગ લેશે. આ કાર્યક્રમનું પ્રસારણ ફેસબુક પરથી ઈન્ડિયન કલ્ચરલ ઓફ લંડન ઓન્ટેરિયો સંસ્થા અને અર્થ ટીવીમાં લોગ ઈન થવાથી જોઈ શકાશે. આ સંસ્થામાં હવે પછી પ્રેસિડેન્ટસીપનો હવાલો જાણીતા ફિઝિયોથેરાપીસ્ટ નિરાલી પ્રિયન ત્રિવેદી સંભાળશે.

# પીટર મેકકેના સમર્થનમાં કયૂબેકના અને ઓન્ટેરિયોના નેતાઓ જોડાયા



ટોરન્ટો : કેનેડાના વડાપ્રધાનપદ માટે સર્વસંમતીથી સીપીસીએ પીટર મેક કેનું નામ જાહેર કરતા જ એમના નેશનલ કેમ્પેઈન મેનેજર એલેક્ષા નટેલ અને ટોરન્ટોના ગુલાબ સૈનીએ કહ્યું હતું કે, અમારા સમર્થનમાં બ્રામ્પટનના મેયર પેટ્રીક બ્રાઉન જોડાયા છે. અમારા માટે ઘણી આનંદની વાત છે. એમની સાથે ઘણા સમર્થકો પણ છે. એટલે અમે પાર્ટી તરફથી પીટર મેકકેને ઉમેદવાર તરીકે આવકારીએ છીએ અને કેનેડાના વડાપ્રધાન બને એવી શુભુચ્છા પાઠવીએ છીએ. એ એકમાત્ર એવા નેતા છે જે કેનેડામાં સીપીસીની બહુમતીવાળી સરકારનું નેતૃત્વ સંભાળી શકે. તેમના ભારત સાથેના સંબધો પણ ખૂબ સારા છે. તેઓ કેનેડાના હવે પછીના વડાપ્રધાન બનશે તો વિકાસ સારો થશે.



# બેંગ્લોર હિંસાઃ સોશિયલ મીડિયા ઉપર મચેલો ઉત્પાત કારણભૂત

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

મંગળવારે કર્ણાટકના બેંગલોરમાં ફાટી નીકળેલી હિંસાથી સમગ્ર દેશમાં અંજપો ફેલાયો હતો. આ સાથે જ ભારતમાં સોશિયલ મીડિયાનો પર નિયંત્રણ મૂકવું જોઈએ કે નહીં તેની ચર્ચા પણ શરૂ થઈ છે. આમ તો આ મુદ્દે લાંબા સમયથી વિવાદ ચાલે છે. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પણ ગયો હતો. સુપ્રીમ કોર્ટ તથા કેન્દ્ર સરકાર બંને સોશિયલ મીડિયામાં ફેલાતા ખોટા સંદેશાને રોકવા માટે નિયંત્રણો મૂકવાની તરફેણમાં છે. આવા સમયે મંગળવારે રાત્રે બેંગ્લોરમાં બનેલી ઘટના ચિંતાજનક છે. કર્ણાટકમાં કોંગ્રેસના ધારાસભ્ય આર. અખંડ શ્રીનિવાસ મૂર્તિના ભત્રીજા નવીને મંગળવારે ફેસપુક ઉપર એક પોસ્ટ મૂકી હતી. આ પોસ્ટમાં મોહમ્મદ પયગંબર સાહેબ વિશે અણછાજતી વાતો કરાઈ. આ પોસ્ટ વાયરલ થઈ અને મુસ્લિમોમાં ઉશ્કેરાટ ફેલાતો ગયો. જોતજોતામાં તો મુસ્લિમો બહાર નિકળવા માંડ્યા અને ટોળેટોળાં જામી ગયાં. મીડિયામાં આવેલા અહેવાલ પ્રમાણે સાઠ હજાર કરતાં વધારે લોકો ભેગા થઈ ગયા હતા. આટલું મોટું ટોળું ભેગું થાય પછી હિંસા ફાટી નીકળી. ટોળાએ તોડફોડ શરૂ કરી અને મૂર્તિના ઘર તરફ કૂચ શરૂ કરી. ટોળાએ રસ્તામાં જે સામે મળ્યા તેને ઢીબી નાંખ્યા અને જે પણ ચીજો દેખાઈ તેને સળગાવી દીધી. દુકાનો, મકાનો, વાહનો જે કંઈ મળ્યું એ બધે તોડફોડ અને સ્વાહા કરી નાંખ્યું. ટોળાં તોફાનની શરૂઆત કર્યા પછી બે ભાગમાં વહોંચાઈ ગયું. એક ટોળું પોલીસ સ્ટેશને ગયું અને પોલીસ સ્ટેશનને ઘેરી લઈને જોરદાર પથ્થરમારો કર્યો. તેમાં સંખ્યાબંધ પોલીસનાં માથાં ફૂટ્યાં અને કેટલાયના હાથ-પગ ભાંગ્યા. આટલા મોટા ટોળાને રોકવાનું પોલીસનું ગજું જ નહોતું છતાં પોલીસે બની એટલી મથામણ કરી. પોલીસ સ્ટેશનમાં ભારે નુકસાન થયું અને વાહન તો બધાં સળગાવી દેવાયાં. બીજી તરફ એક મોટું ટોળું મૂર્તિના ઘરે પહોંચી ગયું.

મૂર્તિના પરિવારને ભત્રીજાના પરાક્રમની પહેલાં જ ખબર પડી ગઈ હતી. એટલે ઘરે કોઈ મળ્યું નહીં, તેથી ટોળાએ બધો ખાર મકાન પર કાઢ્યો. મકાનમાં ઘૂસીને તોડફોડ અને લૂંટફાટ કરીને પછી આગ લગાડી દીધી. મૂર્તિના ઘરને આગ લગાડ્યા પછી પણ ટોળાને સંતોષ ન થયો એટલે આજુબાજુમાં પણ ભારે તોડફોડ અને આગચંપી કરી. જેમને આ પોસ્ટ સાથે કંઈ લેવાદેવા નહોતી એવા લોકો પણ ઝપટે ચડી ગયાં. આ તોફાનમાં ત્રણ લોકોનાં મોત થયાં છે. અને અસંખ્ય લોકો ઘાયલ થયા છે. પોલીસના જ સો કરતાં વધારે માણસો હોસ્પિટલમાં પડ્યા પડ્યા કણસે છે. સો કરતાં વધારે કાર-બાઈક વગેરે સ્વાહા થઈ ગઈ છે.

મંગળવારે ચાલેલા ચાર-પાંચ કલાકના તોફાનના કારણે કરોડોનું નુકસાન થયું છે. આઘાતજનકત વાત એ છે કે, જેણે આ પોસ્ટ મૂકી તેને તો કશું થયું જ નથી. એ તો પોતાના પરિવાર સાથે સલામત રીતે ભાગી ગયો પણ નિર્દોષ લોકોએ તેની કિંમત ચૂકવી છે. જેમના જીવ ગયા તેમને આ પોસ્ટ સાથે કે તોફાન સાથે કંઈ લેવાદેવા જ નહોતી. પોલીસે ધારાસભ્યના ભત્રીજાની પછીથી ધરપકડ કરી પણ ત્યાં સુધીમાં તો થવાનું હતું એ થઈ ગયું. આ તોફાનોના સંખ્યાબંધ વીડિયો વાયરલ થયા છે. ટોળાં એટલાં મોટાં હતાં કે ફાયર બ્રિગેડના બંબા પણ આગળ નહોતા વધી શકતા. પોલીસ સ્ટેશન પરના હુમલાનો વીડિયો તો હબકી જવાય એવો છે. પોલીસવાળા નસીબવાળા કહેવાય કે, થોડો ઘણો માર ખાઈને છૂટી ગયા, બાકી ટોળું જે રીતે ઉશ્કેરાયું હતુ એ જોતાં તો લાગતું હતું કે પોલીસ સ્ટેશનને આગ લગાડીને પોલીસોને પણ અંદર સ્વાહા કરી દેશે. બેંગ્લોરમાં જે કંઈ બન્યું એ શરમજનક છે અને સભ્ય સમાજ માટે કલંકરૂપ ઘટના છે. શરમજનક ઘટનામાં પોસ્ટ મુકવી અને તોડફોડ મારપીટમાં નિર્દોષોને નુકસાન બંને ઘટના નીંદનીય છે. કોઈ એક વ્યક્તિની હલકટાઈની સજા આખા સમાજને ના આપી શકાય. બીજી તરફ કૉંગ્રેસી ધારાસભ્યના ભત્રીજાની હરકત પણ શરમજનક છે. એ જોતાં મુસ્લિમોને સીધા આરોપીના કઠેડામાં પણ ઊભા કરી શકાય એમ નથી. ભારતમાં બીજાંની લાગણીઓને આદર આપવાની સમજ જ નથી તેનો આ ઘટના પુરાવો છે. મુસ્લિમો માટે મોહમ્મદ પયગંબર સાહેબ આદરણીય છે અને આ લાગણીની બીજાં લોકોએ કદર કરવી જ જોઈએ. તેમના તરફ અનાદર બતાવીને કે તેમના માટે અપમાનજનક વાત કરીને આનંદ મેળવવો એ વિકૃતિ કહેવાય. આ વિકૃતિ ચલાવી ના લેવાય અને તેને સજા મળવી જ જોઈએ.

આ ઘટના મુસ્લિમોને લગતી છે તેથી તેમની વાત કરી પણ આ વાત તમામ ધર્મનાં લોકોને આ વાત લાગુ પડે છે. માત્ર ધર્મ જ નહીં પણ જીવનને લગતી દરેક બાબતને લાગુ પડે છે. એક જમાનામાં આપણે ત્યાં બહાદુરી બતાવવા માટે હિંદુ દેવ-દેવીઓનાં અશ્લીલ ચિત્રો બનાવવાનો વાવર ચાલેલો. એ પણ માનસિક વિકૃતિ જ હતી. બીજાં ધર્મના લોકો માટે સન્માનનીય કે શ્રધ્ધેય હોય તેની તરફ તમને આદર કે લાગણી ના હોય એ સમજી શકાય એવી વાત છે પણ તેમના માટે અનાદર પણ ના હોવો જોઈએ. આ સભ્ય સમાજની નિશાની છે.

કર્ણાટકના કોંગ્રેસી ધારાસભ્યનો ભત્રીજો અસભ્ય જ ગણાય અને તેને કડકમા કડક સજા કરાવવી જ જોઈએ. હાલ તો કર્ણાટક સરકારે આખી ઘટનાનો મેજિસ્ટ્રિયલ તપાસનો આદેશ આપ્યો છે. સાથે જ તોફાની પાસેથી નુકસાનની વસૂલી માટે પણ માંગ ઉઠી છે. આ પ્રકારની ઘટનાઓ આ દેશનો માહોલ બગાડે છે એ કહેવાની જરૂર નથી. દેશમાં અસહિષ્ણુતાનો માહોલ પહેલેથી છે ત્યારે આવી ઘટનાઓ તેમા વધારો કરશે એ તો મોટું નુકસાન થશે. આવી ઘટનાઓ દેશના લોકશાહી માળખાને પણ નબળું પાડે છે. આ દેશમાં વાણી સ્વાતંત્ર્યનો હક્ક છે. લોકોને જે કંઈ બોલવું કે વ્યક્ત કરવું હોય તે વ્યક્ત કરવાની છૂટ છે. આ છૂટ સત્તામાં બેઠેલા લોકોને નથી ગમતી પણ બંધારણે આ છૂટ આપેલી છે તેથી કશું થઈ શકતું નતી. એ લોકો આ છૂટ પર પાબંદીઓ મૂકવા મથે જ છે અને આવી ઘટનાઓ તેમને કારણ આપી દે છે. આ અધિકારનો કોઈ નાગરિક દુરુપયોગ કરી તે ચાલી શકે તેમ નથી. સોશિયલ મીડિયાના દુરુપયોગની ચોવટ તો લાંબા સમયથી ચાલે જ છે. તેના બહાને સોશિયલ મીડિયા પર નિયંત્રમો મૂકવા પણ કૂદાકૂદી થઈ રહી છે. બેંગ્લોરનાં તોફાનો સોશિયલ મીડિયાના કારણે થયાં છે તેથી નિયંત્રણોની તરફેણ કરનારાંને વધારે એક કારણ મળી જશે. આપણે ત્યાં સુપ્રીમ કોર્ટે તો પહેલાં જ સોશિયલ મીડિયાના દુરૂપયોગને અત્યંત

ખતરનાક ગણાવી છે. સાથે સાથે તેના પર નિયંત્રણ મૂકવા માટે નીતિ ઘડવાની જરૂરિયાત હોવાનું પહેલાં જ કહી દીધું છે. કેન્દ્ર સરકાર તો ક્યારનીય આ નિયંત્રણો મૂકવા માટે થનગને જ છે. કેન્દ્ર સરકારે તો સુપ્રીમમાં કહ્યું જ છે કે, ફેસબુક, ટ્વિટર સહિતનાં જાત જાતનાં સોશિયલ મીડિયા પર સાવ એંઠવાડ કહેવાય એવા કચરાનો ખડકલો થયા જ કરે છે. તેમાં ઘણું બધું મટીરિયલ દેશવિરોધી હોય છે અને લોકોને ભડકાવીને તોફાન કરાવી દે એવું પણ હોય છે. સોશિયલ મીડિયા પર બહુ ન્યુસન્સ ચાલે છે ને તેને રોકવું જરૂરી છે. બેંગ્લોરમાં જે કંઈ બન્યું એ હલકટાઈનો નાદાર નમૂનો છે પણ આવી એકલદોકલ ઘટનાઓના કારણે સોશિયલ મીડિયા પર બધું ખરાબ છે એવું ના કહેવાય. એકલદોકલ ઘટના માટે બધાં પર નિયંત્રણો ના મુકાય. સૂકા ભેગું લીલું પણ બાળી નાંખો એ તેનો ઉપાય નથી પણ આપણે ત્યાં આવી એકલદોકલ ઘટનાઓને જનરલાઈઝ કરવાની માનસિકતા છે તેથી આ ઘટનાનો ઉપયોગ પણ એ રીતે જ થશે.



manoj1968@yahoo.ca









# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**

$ 6.99 10 items

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# કેનેડામાં સાલ્મોનેલાનો ચેપ : અમેરિકાની ડુંગળી કારણભૂત

## ડુંગળીના જથ્થાને કેનેડાના બજારમાંથી પાછી ખેંચી લેવા આદેશ, ૨૯ લોકોને હોસ્પિટલમાં દાખલ કરાયા

ઓન્ટેરિયો : કેનેડાની જાહેર આરોગ્ય સંસ્થાએ જણાવ્યું હતું કે, કેનેડામાં જોવા મળેલા સાલ્મોનેલાના ચેપને કારણે બિમારીના ૨૩૯ કેસમાં અમેરીકામાં ઉગાડવામાં આવેલી ડુંગળી કારણરૂપ છે. જેથી તંત્રએ ડુંગળીને કેનેડાના બજારમાંથી પાછી ખેંચી લેવાનો આદેશ કર્યો હતો. એજન્સીએ જણાવ્યું હતું કે, ૨૯ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને હજુ સુધી આ બિમારીથી કોઈ મૃત્યુ નોંધાયું નથી. કેનેડીયન ફુડ ઈન્સપેકશન એજન્સીએ જણાવ્યું હતું કે, બેકર્સફિલ્ડ, કેલિફની થોમસન ઈન્ટરનેશનલ આઈએનસીએ એમના લાલ, પીળા, સફેદ અને સ્વીટ યેલો ડુંગળીના જથ્થાને ઝડપથી પાછો ખેંચી લેવાનું શરૂ કર્યુ છે. આ ડુંગળી પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ અને નુનાવુટ સિવાયના બધા પ્રાંતોમાં પહોંચાડવામાં આવી હતી.



ફેડરલ સરકારના અધિકારીઓએ લોકોને આ કંપનીની ડુંગળી નહીં ખરીદવા, ખાવા કે પીરસવા અપીલ કરી હતી. ડુંગળી કયાં ઉગાડવામાં આવી છે એની જાણકારી વિના નહીં ખરીદવા પણ જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું હતું કે, કેનેડામાં ઉગાડવામાં આવેલી ડુંગળીથી ચેપ ફેલાતો હોવાના કોઈ પુરાવાઓ મળ્યા નથી.

આ ચેપની તપાસ એજન્સી કરી રહી છે. આ રોગચાળા વિશેની જાણકારી એજન્સીએ પોતાની વેબસાઈટ પર શુક્રવારે મુકી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, બીજી ઓગસ્ટથી ૧૧૯ વધારાના કેસો જોવા મળ્યા છે અને કેનેડામાં ૨૩૯ કન્ફર્મ કેસોની તપાસ પણ ચાલી રહી છે. સાલ્મોનેલાના ચેપની અસર બેકટેરીયા જણાયાના ૭૨ કલાકમાં જોવા મળે છે. એના લક્ષણોમાં તાવ, ઠંડી લાગવી, ઝાડા થવા, પેટમાં ચૂંક આવવી, માથાનો દુખાવો, ચક્કર આવવા અને ઉલટીનો સમાવેશ થાય છે. એજન્સીના જણાવ્યા મુજબ આ બિમારી કોઈને પણ થઈ શકે છે. પણ પાંચ વર્ષ સુધીના બાળકો અને વૃધ્ધો અને સગર્ભા મહિલાઓ તેમજ જેમની પ્રતિકારક શકિત ઓછી હોય તેઓને પણ થવાની શકયતાઓ વધુ હોય છે.

WANTED HOUSE KEEPER
Live in house keeper needed for a religious vegetarian hindu family and looking after the house.
Must be pure vegetarian.
**Couple or single lady over 40 years welcome.**
Contact : Jaimala Gelda (416) 569-7795

ઘરની સાર સંભાળ રાખનાર જોઈએ છે
શાકાહારી, હિન્દુ, ધાર્મિક પરિવારને ઘરની સારસંભાળ રાખી શકે તેવા વ્યક્તિની જરૂર છે. શુદ્ધ શાકાહારી હોવું જરૂરી છે. કપલ અથવા ૪૦ વર્ષથી ઉપરની મહિલા પણ ચાલશે.
સંપર્ક કરો : જયમાલા ગેલડા : (416) 569-7795

WANTED DESK + ORDER PICKER FOR A FOOD WAREHOUSE.
Full time Qualified experienced order desk + order picker for a food warehouse. Permanent job opportunity. Person with computer knowledge of excel for order desk and order picker for food warehouse.
Contact person- Kesh Gelda (416) 399-7795.
Email your resume : Kesh@gelda.com

ADS GAS SERVICES AND INSTALLATIONS INC.
- GAS FURNACE
- Gas Line Installation Stove, BBQ, Dryer
- Fire Places
- Humidifier
- Fridge Water Line
- Dryer & Washer Installation
- Dishwasher Installations

Air condition installed start from $1800



Registered Licensed Contractor
Call: VIPUL SHAH
www.adsgas.ca
416.988.5784
Email:adsgasservice@gmail.com
WE ALSO REPAIR RESTAURANT EQUIPMENT

THANK YOU FRONTLINE WORKERS
MD MORTGAGE DILIGENT
A STEP AHEAD
FSRA # 10252
➲ Purchase ➲ Refinance ➲ Renewal/Switch
5 Yrs Fixed @ 1.79%* High Ratio Only
5 Yrs Variable @ 1.70%* High Ratio Only



Rakesh Patel** Vice President- Commercial. | Pranay Jani * | Nilesh Tailor * | Tushar Patel* | Bala Shah* | Vijay Rana*



Rajesh Khurana, MBA
Principal Broker
Cell : 416-616-1300
Tel.: 289 521 6900
1305 Matheson Blvd E, Mississauga ON L4W 1R1
• info@mortgagediligent.com • www.mortgagediligent.com
Rates are subject to change without notice.* FSCO#10252,OAC,E&O.E * - Mortgage Agent, ** - Vice President
* Some conditions apply

# કોવિડ-૧૯ને કારણે કેનેડામાં જન્મદર ઘટવાની સંભાવના, ઈમિગ્રેશન વધારાશે

## • અમેરિકામાં પણ બાળકના જન્મદરમાં ૩ થી પાંચ ટકાનો ઘટાડો થવાનું અનુમાન



ઓન્ટેરિયો : કેનેડાએ ભવિષ્યમાં પણ ઈમિગ્રેશનને મહત્વ આપવું પડશે. કેમ કે કોવિડ -૧૯ની આડઅસર તરીકે કેનેડામાં જન્મદરમાં મોટા ઘટાડાની શકયતાઓ જોવાઈ રહી છે. કોરોના વાઈરસને કારણે કેનેડાના જન્મદર પર અવળી અસર પડવાની સંભાવના છે. કેમ કે, લોકોની આવકને અસર પડી હોવાથી ઘણા લોકો બાળકનું પ્લાનિંગ કરવાનું ટાળશે, એવી નોંધ સાયન્સ મેગેઝીનના તંત્રીલેખમાં જોવા મળી હતી.

કેનેડા જેવા ઉંચી આવક ધરાવનારા દેશમાં નવજાત બાળકોની સંખ્યા ઓછી રહેશે. જેને કારણે દેશની વસતી ઓછી રહેવાની સંભાવના સેવાઈ રહી છે.

આ સંજોગોમાં કેનેડામાં ઈમિગ્રેશનને વધારવાની જરૂર પડશે. વોશિંગટન ડી.સી.ની થિન્ક ટેંક ગણાતી બ્રુકીંગ્સ ઈન્સ્ટીટયુશને એવું જણાવ્યું હતું કે કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે અમેરીકામાં બાળજન્મમાં અંદાજે ત્રણથી પાંચ લાખનો ઘટાડો થઈ શકે છે.

એ રીતે જ કેનેડામાં પણ એવો ઘટાડો થાય તો માનવબળની તંગી ઉભી થઈ શકે છે. એ જોતા કેનેડાએ ઈમિગ્રેશન વધારવું પડશે. મહામારી પહેલા કેનેડામાં જન્મદર નીચો જોવા મળ્યો હતો. આવનારા દસ વર્ષમાં અંદાજે ૯ મિલીયન લોકો નિવૃત્તિની વયમર્યાદામાં પહોંચશે.

૨૦૩૪ સુધીમાં કેનેડાની વસતીમાં ઈમિગ્રન્ટસનો હિસ્સો મૂળ કેનેડીયનોની બરાબરીનો થઈ જશે. આ અગાઉ વર્ષ ૨૦૨૦ના આરંભે આ પ્રમાણ ૮૨ ટકા જેટલું જોવા મળ્યું હતું. કોન્ફરન્સ બોર્ડ ઓફ કેનેડા કહે છે કે કેનેડામાં માનવબળની આપૂતિ માટે બધો મદાર ઈમિગ્રન્ટસ ઉપર જ રહેશે.

જો કે, છેલ્લા થોડા સમયથી એના પ્રમાણમાં પણ ઘટાડો જોવા મળ્યો હતો. જો કે, કેનેડાએ ઈમિગ્રન્ટસને આકર્ષવા એકસપ્રેસ એન્ટ્રી સિસ્ટમ અને પરમેનન્ટ વિસાની નવી યોજનાઓ જાહેર કરી દીધી છે.

ફેડરલ અને પ્રાંતિય સરકાર આ દિશામાં સક્રિય છે. સાયન્સના તંત્રીલેખની આગાહી સાચી ઠરે છે કે નહીં તેની જાણ તો જુલાઈ - ઓગસ્ટ ૨૦૨૧ સુધીમાં થશે. તે સમયના જન્મદરની સરખામણી અગાઉના ડેટા સાથે થશે.

# માસ્ક ન પહેરી શકતા હો તો કારણના પુરાવા આપો અથવા પ્રવાસ ટાળો

ટોરન્ટો : કોવિડ –૧૯ના પ્રસારને અટકાવવા એપ્રિલ માસથી કેનેડામાં વિમાન પ્રવાસ કરનારાઓ માટે નોનમેડીકલ માસ્ક પહેરવા ફરજિયાત કર્યા હતા. આમ છતાં એનું યોગ્ય પાલન થતું ન હોવાથી શુક્રવારે જાહેર કરાયેલા મંત્રીના ફરમાન બાદ આ નિયમમાંથી છટકબારીઓ પણ બંધ કરી દેવાઈ હતી. નવા ફરમાન મુજબ જે પ્રવાસી માસ્ક પહેરી શકે તેમ ન હોય તો તેણે ડોકટરની સુચનાની લેખિત નોંધની નકલ બતાવવી પડશે કે કયા કારણસર તે માસ્ક પહેરી નહીં શકે અથવા તો તેણે પ્રવાસ રદ કરવો પડશે.

## • તબીબી પ્રમાણપત્ર રજૂ ન કરાશે તો પ્રવાસ ન કરવા દેવા ચીમકી

એપ્રિલની ૨૦મી તારીખથી ફરજિયાત બનાવાયેલા માસ્કના ઉપયોગ એરપોર્ટ પરની પ્રક્રિયા ઉપરાંત વિમાન પ્રવાસ દરમિયાન કરવાનો હોય છે. માત્ર ખાવા પીવાના સમયમાં જ માસ્ક ઉતારી શકાય છે. જો કે, નવજાત બાળકોને માસ્કથી મુકિત આપવામાં આવી હતી.કેનેડાની ટોચની બે એરલાઈન્સ પૈકીની એક વેસ્ટજેટે એક નિવેદનમાં પ્રવાસીઓનો નિયમોના યોગ્ય પાલન કરવા બદલ આભાર માન્યો હતો. વેસ્ટજેટની ફલાઈટમાં આવતી વખતે પ્રવાસીઓએ ચહેરા પર યોગ્ય માસ્ક પહેરવાનો નિયમ હતો. જેનું પાલન થઈ રહયું હોવાથી સરળતા રહે છે. જો કોઈ પ્રવાસી માસ્ક ન પહેરવાની ડોકટરની ભલામણની નોંધ રજુ નહીં કરી શકે તો તેને પ્રવાસ કરવા નહીં દેવાય. આ નોંધ ડોકટરનના લેટરપેડ ઉપર તારીખ અને પ્રવાસીના નામ સરનામા સાથેની તથા કયા તબીબી કારણસર માસ્ક ન પહેરવો એની જાણકારી હોવી જરૂરી છે. માસ્કને ફરજિયાત બનાવાયો ત્યારથી દેશભરમાં ઘણાં લોકોએ તબીબી કારણોસર માસ્ક નહીં પહેરવાની સલાહની નોંધનો વેપાર કર્યો હતો. કેનેડાની અમેરીકા સાથેની સરહદ બિન રહિશો માટે બંધ છે અને ટ્રાન્સપોર્ટ કેનેડાએ બિનજરૂરી પ્રવાસ ટાળવા વિનંતી કરી છે અને આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓ માટે ૧૪ દિવસના આઈસોલેશનનો અમલ જારી રાખવાની જાહેરાત કરી છે.






સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# રાજ્યમાં કોરોનાની કૂચ : ૧૦૯૨ નવા કેસ : ૧૮ મોત

**રાજ્યમાં કેસનો આંકડો ૭૫૦૦૦ને પાર : કુલ મૃત્યુઆંક ૨૭૩૩ : ૧૦૪૬ દર્દીઓને ડિસ્ચાર્જ કરાયા : ૫૮૦૦૦ને સાજા કરાયા**



અમદાવાદઃ રાજ્યમાં ગુરૂવારે ૫૦૮૧૭ ટેસ્ટ કરવામાં આવતા કોરોનાના ૧૦૯૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ સંક્રમિતોનો આંકડો ૭૫ હજારને પાર થઈ ૭૫૪૮૨ થયો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૮ મોત કોરોનાને લીધે થયા તથા કુલ મૃત્યુઆંક ૨૭૩૩ થયો છે. રાજ્યમાં ગુરૂવારે ૧૦૪૬ દર્દી ડિસ્ચાર્જ થયા હતા. ગુરૂવારની સ્થિતિએ કુલ ૧૪૩૧૦ એક્ટિવ કેસ છે જેમાં વેન્ટીલેટર પર ૭૯ અને સ્ટેબલ ૧૪૨૩૧ છે. રાજ્યમાં દિન પ્રતિદિન ટેસ્ટની સંખ્યામાં વધારો કરવામાં આવી રહ્યો છે. આરોગ્ય વિભાગની યાદી મુજબ ગુરૂવારે રાજ્યમાં કોવિડ-૧૯માં લીધે થયેલી ૧૮ મોતમાં અમદાવાદ કોર્પોરેશન-૪, સુરત કોર્પોરેશન-૪ અને જિલ્લામાં-૧, રાજકોટ કોર્પોરેશન-૩, ભાવનગર કોર્પોરેશન, ગાંધીનગર કોર્પોરેશન, ગીરસોમનાથ, જામનગર, કચ્છ અને વડોદરા કોર્પોરેશનમાં ૧-૧ના મોત થયા છે. અમદાવાદ શહેરમાં ૧૪૩ અને જિલ્લામાં ૨૩ સાથે ૧૬૬ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કુલ સંક્રમિતોનો આંકડો ૨૮૫૧૭ થયો છે. ગુરૂવારે વધુ ૪ મોત સાથે કુલ મૃતાંક ૧૬૪૮ થયો છે. સુરત શહેરમાં ૧૮૧ અને જિલ્લામાં ૭૦ સાથે ૨૫૧ કેસ કોરોનાના નોંધાયા છે. આ સાથે કુલ સંક્રમિતોનો આંકડો ૧૬૦૦૦ને પાર થઈ ૧૬૨૧૪ થયો છે. આજે વધુ પાંચ લોકોના મોત કોરોનાને લીધે થતા કુલ મૃત્યુઆંક ૫૨૯ થયો છે. વડોદરા શહેરમાં ૮૭ અને જિલ્લામાં ૨૨ સાથે ૧૦૯ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે. રાજકોટ શહેરમાં ૬૩ અને જિલ્લામાં ૩૨ સાથે ૯૫ કેસ નોંધાયા છે. ગાંધીનગર જિલ્લામાં ૧૮ અને શહેરમાં ૧૫ સાથે કુલ ૩૩ કેસ કોરોનાના નોંધાતા કુલ સંક્રમિતનો આંકડો ૧૮૦૦ થયો છે. જામનગર કોર્પોરેશનમાં ૩૬, અમરેલીમાં ૩૩, ગીર સોમનાથમાં ૨૯, ભાવનગર કોર્પોરેશનમાં ૨૫ અને જિલ્લામાં ૧૫, દાહોદ અને મોરબીમાં ૨૫-૨૫, પંચમહાલમાં ૨૩, કચ્છમાં ૨૨, મહેસાણામાં ૨૦, સુરેન્દ્રનગરમાં ૧૭, મહિસાગરમાં ૧૬, નવસારી અને વલસાડમાં ૧૪-૧૪, ખેડામાં ૧૨ પોઝિટિવ નોંધાયા છે.

## ગોંડલમાં રાજવી પરિવાર કોરોનાથી સંક્રમિત થતાં હડકંપ

ગોંડલ : રાજ્યમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. અમદાવાદ બાદ સુરત અને રાજકોટને કોરોના હંફાવી રહ્યો છે. ત્યારે રાજકોટના ગોંડલમાંથી એક મોટા સમાચાર મળી રહ્યા છે. ગોંડલનો રાજવી પરિવાર કોરોના સંક્રમિત બનતા ખળભળાટ મચી જવા પામ્યો છે. ગોંડલના રાજવી પરિવારમાં મહારાજા અને મહારાણીને કોરોના પોઝિટીવ આવ્યા છે. જેના કારણે તંત્રએ તેમને પેલેસના નિવાસ સ્થાને હોમ આઈસોલેટ કરાયા છે. પેલેસમાં કામ કરતા કર્મચારીઓને પણ તંત્ર દ્વારા ક્વોરન્ટાઈન કરાયા છે. રાજકોટના ગોંડલમાં રાજવી પરિવાર કોરોનાની ઝપેટમાં આવ્યો છે. ગોંડલના મહારાજા સાહેબ અને મહારાણી સાહેબને કોરોના પોઝિટિવ આવ્યો છે.

## માસ્ક નહીં પહેરનાર પાસેથી ૧૦૦૦નો દંડ વસૂલાશે : રૂપાણી

ગાંધીનગર : રાજ્યમાં કોરોના વાયરસ દિવસેને દિવસે વધુ ઘાતક બની રહ્યો છે, જેના કારણે આજે રાજ્યના સીએમ વિજય રૂપાણીએ એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. કોરોના મહામારી વચ્ચે ગુજરાત સરકાર દ્વારા આજે એક મોટી અને મહત્વપૂર્ણ જાહેરાત કરાઈ છે. રાજ્યમાં આવતીકાલથી માસ્ક નહિ પહેરનાર વ્યક્તિ પાસેથી ૧૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પ્રેસ કોન્ફરન્સમાં આ જાહેરાત કરી છે. વિજય રૂપાણીએ માસ્કનો દંડ વધારવાની જાહેરાત કરતા જણાવ્યું કે, ગુજરાતમાં હાઈકોર્ટની ટકોર પછી તેના પર રાજ્ય સરકારે વિચાર વિમર્શ કર્યો છે.

## સુરતના જાણીતા ડો. અશોક કાપ્સેનું કોરોનાથી મોત

સુરત : શહેરના જાણીતા પિડિયાટ્રિશિયન ડો. અશોક કાપ્સેનું કોરોનાથી મોત થયું છે. સુરતના બાળરોગ નિષ્ણાંક ડો. અશોક કાપ્સે કોરોનાની શરૂઆત થયાં બાદ કોરોનાના લક્ષણ અને તેનાથી બચવા માટે લોકોને જાગૃત્ત કરી રહ્યાં હતા. એક મહિના પહેલાં ડો. અશોક કાપ્સેનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેથી ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તેનું એક મહિનાની લાંબી સારવાર બાદ મોત થયું છે. ઉલ્લેખનીય છે કે સુરતમાં આ અગાઉ કેટલાક ડોક્ટરો, પોલીસ કર્મીઓ અને નર્સ પણ કોરોનાથી સંક્રમિત થયા હતા જે પૈકી કેટલાક કમભાગી રહ્યા હતા.

## સુરતમાં બે દિવસમાં ૫૨૩ લોકોને કોરોના, ૧૦ના મોત

સુરત : સુરત શહેરમાં કોરોનામાં બુધવાર અને ગુરવારના રોજના ૩૭૬ અને સુરત જીલ્લામા ૧૪૭મળી કુલ ૫૨૩ દર્દીઓ ઝપેટમાં આવ્યા હતા. સુરત સિટીમાં ૭ અને સુરત ગ્રામ્યમાં ૩ મળી કુલ ૧૦ દર્દીના સારવાર દરમિયાન મોત થયા છે. તો શહેરમાંથી વધુ ૩૦૭ અને ગ્રામ્યમાંથી ૯૧ દર્દીને રજા અપાઇ હતી. આરોગ્ય વિભાગ પાસેથી મળેલી વિગત મુજબ બુધવારે કતારગામ ઝોનમાં ત્રણ વ્યક્તિનાં મોત થયા હતા. જયારે ગુરૂવારના રોજ બેગમપુરામાં એક, લંબેહનુમાન રોડના એક, સીંગણપોરના એક, ભાઠેનાના એક દર્દીના વારા ફરતી સારવાર દરમિયાન મોત થયા હતા.

## ઝાયડસ કેડિલાએ સૌથી સસ્તી દવા લોન્ચ કરી

અમદાવાદ : દવા બનાવતી ઝાયડસ કેડિલાએ ગુરુવારના રોજ કહ્યું હતું કે, તેણે કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓના ઈલાજ માટે ઉપયોગી દવા રેમડેસિવિયરને રેમડેક બ્રાન્ડ નામથી ભારતીય બજારોમાં લોન્ચ કરી છે. કંપનીએ શેરબજારમાં કહ્યું હતું કે, રેમડેકની ૧૦૦ મીલીગ્રામની શીશીની કિંમત ૨૮૦૦ રૂપિયા હશે. જે ભારતીય બજારમાં રેમડેસિવિયરની સૌથી સસ્તી બ્રાન્ડ છે. ઝાયડસ કેડિલાએ જણાવ્યું કે, આ દવા તેમના વિતરણ નેટવર્ક દ્વારા સમગ્ર દેશમાં મળી રહેશે. આ દવા ખાનગી અને સરકારી એમ બંને હોસ્પિટલમાં મળી રહેશે. આ રસીથી દર્દીઓને મોટી રાહત થવાની આશા બંધાઈ છે.

# વડોદરામાં કોરોના દર્દીઓને દવા સાથે લાફિંગ થેરાપી અને યોગા થકી સારવાર

વડોદરા : કોરોના વોર્ડમાં અને આઈસીયુ માંદર્દીઓને ૨૫ થી વધુ ફિઝીઓથેરાપિસ્ટ રોજ દિવસમાં બે વાર કસરતો યોગ અને લાફિંગ થેરાપી કરાવે છે. સયાજી હોસ્પિટલમાં સરેરાશ ૩૦૦ જેટલા દર્દીઓ કોવિડ વોર્ડ એટલે કે આઈસોલેશન અને આઈસીયુમાં સારવાર લે છે. એક વધારાની સારવાર રૂપે ખાસ ફરજ પરના અધિકારી અને શિક્ષણ સચિવ ડો.વિનોદ રાવના માર્ગદર્શન હેઠળ વહીવટદાર અશોક પટેલ અને સલાહકાર ડો. મીનુ પટેલે કોવિડ દર્દીઓ માટે ફિઝીઓથેરાપીના સેશન્સ શરૂ કરાવ્યા છે. આ વ્યવસ્થાનું સંકલન કરતા ડો. એ. ઓ. બેલિમે જણાવ્યું કે ફિઝીઓથેરાપિક ઉપચાર માટે અમે અહી સંચાલિત ફિઝીઓથેરાપી કોલેજ સાથે સંકલન કર્યું છે જેના હેઠળ સિનિયર ફિઝીઓથેરાપિસ્ટ અને મદદનીશ પ્રાધ્યાપક ડો. ચેતના સેજુના નેતૃત્વ હેઠળ આ કોલેજમાં પ્રશિક્ષણ આપતાં ૨૫ થી વધુ ફિઝીઓથેરાપિસ્ટ વોર્ડમાં અને આઈસીયુમાં સારવાર હેઠળના દર્દીઓને દિવસમાં બે વાર ઉપચારાત્મક કવાયતો કરાવે છે. તેમાં યોગનો સમાવેશ થાય છે. લાફિંગ થેરાપી એટલે હાસ્ય ઉપચાર પણ એનો ભાગ છે. ચાલવાની કસરતો પણ કરાવવામાં આવે છે. તેના લીધે દર્દીઓ એકબીજા સાથે અંતર જાળવીને હળતા મળતા થવાથી તેમને એકલતા અનુભવાતી નથી. કારણ કે કોરોના એવો રોગ છે જે તમને સ્વજનો, મિત્રો બધાથી દુર,જાણે કે એકાંતવાસમાં મૂકી દે છે. તેવી સ્થિતિમાં ફિઝીયોથેરાપી દર્દીઓને એકબીજા સાથે જોડી તેમની એકલતાનું પણ નિવારણ કરે છે.

"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

We represent many insurance companies, we can shop around for best rates.

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

**બ્રામ્પટન (વેસ્ટ)**
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

**India import Services Available**
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

**સ્કારબોરો**
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

**મીસીસાગા**
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



# ॥ સંસ્કૃતિ ॥



હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## મધ્યપ્રદેશમાં થયેલી ભુલ રાજસ્થાનમાં કોંગ્રેસે સુધારી લેતાં ગેહલોત સરકાર પરનું સંકટ હાલ પુરતું ટળ્યું

# રાજસ્થાન કોંગ્રેસનું બખડજંતર થાળે પડવા ભણી

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

રાજસ્થાનમાં ૨૫ દિવસથી ચાલી રહેલું રાજકીય સંકટ હવે અંત તરફ જઈ રહ્યું છે. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતથી નારાજ સચિન પાયલોટ છેવટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીની દરમિયાનગીરીથી માની ગયા છે અને તેમના સમર્થકો સાથે તેમણે બળવો ખતમ કરીને પાર્ટીમાં રહેવાનો નિર્ણય જાહેર કર્યો છે. સચિન પાયલોટ જૂથના મનામણા બાદ કોંગ્રેસમાં ખુશીની લહેર છે. સચિન પાયલોટ અને મુખ્યમંત્રી અશોક ગહેલોત વચ્ચેની ખેંચતાણ લગભગ એક મહિના સુધી ચાલી અને એના કારણે બંને જૂથોને અને સરવાળે કોંગ્રેસને નુકસાન થયું. પાયલોટ અને ગહેલોત વચ્ચેની વર્ચસ્વની લડાઈ રાજસ્થાન હાઈકોર્ટમાં પહોંચી હતી.

હકીકતમાં રાજસ્થાન વિધાનસભાના સ્પીકર સી.પી.જોશીએ સચિન પાયલોટ અને તેમના સમર્થક ધારાસભ્યોને નોટિસ મોકલીને પૂછ્યું હતું કે, તેમનું વિધાનસભ્યપદ રદ કેમ ન કરવામાં આવે ? સ્પીકરની નોટિસનો જવાબ આપવાના બદલે સચિન પાયલોટ જૂથે સ્પીકરની નોટિસ વિરુદ્ધ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. દરમિયાન સચિન પાયલોટને રાજસ્થાનના નાયબ મુખ્યમંત્રીપદેથી અને કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષપદેથી દૂર કરવામાં આવ્યાં અને ગહેલોત સરકાર પતન થવાના આરે પહોંચી ગઈ હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોતે ૧૦૨ ધારાસભ્યો સાથે શક્તિ પ્રદર્શન કર્યુ હતું એ વખતે જ તમામ ધારાસભ્યોએ સચિન પાયલોટ અને તેમના સમર્થકોના નિષ્કાસનની માંગ કરી હતી. બીજી બાજુ કોંગ્રેસ નેતૃત્ત્વ સચિન પાયલોટ જૂથને એક તક આપવાના પક્ષમાં હતું અને એટલા માટે જ તેમને બેઠકમાં ભાગ લેવાનું જાહેર આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ છેવટે ગહેલોત જૂથના દબાણ આગળ પાર્ટી નેતૃત્ત્વએ નમવું પડયું અને સચિન પાયલોટને વિદાય આપવાનો નિર્ણય કરવામાં આવ્યો. હકીકતમાં સચિન પાયલોટે કહ્યું હતું કે તેઓ મુખ્યમંત્રીપદ વિના માનવાના નથી. એટલા માટે અશોક ગહેલોત માટે સચિન પાયલોટને દૂર કર્યા વિના ચેન પડે એમ નહોતું.

ખરેખર તો કોંગ્રેસના આંતરિક કલહે ફરી વખત પાર્ટીની નબળાઈઓને સપાટી પર લાવી દીધી છે. થોડા મહિના પહેલા જ મધ્યપ્રદેશમાં પણ આંતરિક વિખવાદના કારણે કોંગ્રેસે સત્તા ગુમાવવાનો વારો આવ્યો હતો. મધ્યપ્રદેશમાં કોંગ્રેસને બેઠી કરનાર જ્યોતિરાદિત્ય સિંધિયાએ બળવો કરીને સમર્થકો સાથે પાર્ટી છોડતા કમલનાથ સરકારનું પતન થયું હતું. એ પહેલાં પણ છથી વધારે ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીઓ, ઓછામાં ઓછા ત્રણ મુખ્યમંત્રીઓ અને ચાર ભૂતપૂર્વ પ્રદેશ અધ્યક્ષ કોંગ્રેસ છોડી ચૂક્યાં છે. એક સમયે સચિન પાયલોટ, જ્યોતિરાદિત્ય સિંધિયા, હેમંત બિસ્વા શર્મા અને અશોક તંવર જેવા યુવાન નેતાઓ રાહુલ ગાંધીની નિકટ મનાતા હતાં. પરંતુ હવે આ યુવાન નેતાઓ પાર્ટી છોડી ચૂક્યાં છે. તેની પાછળ રાહુલ ગાંધીની નબળી નેતાગીરી જ કારણભૂત છે.

ખરું જોતા તો કોંગ્રેસ કદાચ તેના સૌથી કપરા કાળમાંથી પસાર થઈ રહી છે. હકીકતમાં કોંગ્રેસમા નવી અને જૂની પેઢી વચ્ચે વર્ચસ્વનો જંગ જામ્યો છે. જ્યોતિરાદિત્ય સિંધિયા અને સચિન પાયલોટ જેવા યુવાન નેતાઓ હવે જૂની પેઢી સામે લડવા મેદાનમાં આવી ગયા તો ગયા પરંતુ તેમનું પાર્ટીમાં ન ઉપજતાં તેમણે છેવટે બળવા કરવા પડયા. ખેર, જ્યોતિરાદિત્ય સિંધિયાવાળી ભૂલ કોંગ્રેસ હાઈકમાન્ડે સચિન પાયલોટના મામલામાં સુધારી લીધી અને પાયલોટની રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે મુલાકાત યોજાતા સમાધાન થયુ છે.

હકીકતમાં મધ્યપ્રદેશમાં જ્યોતિરાદિત્ય સિંધિયાના કોંગ્રેસ છોડયા બાદ પાર્ટી નબળી પડી ગઈ છે. પાર્ટી હાઈ કમાન્ડને રાજસ્થાનમાં પણ મધ્યપ્રદેશ જેવા હાલ ન થાય એની ચિંતા હતી. એટલા માટે ગહેલોતે સચિન પાયલોટને વખોડવા છતાં ગાંધી પરિવારે પાયલોટ સાથે સંવાદનો માર્ગ ખુલ્લો રાખ્યો હતો.

સોમવારે કોંગ્રેસે અધિકૃત નિવેદન આપ્યું કે, સચિન પાયલોટ રાહુલ ગાંધીને મળ્યાં. આ મુલાકાતમાં સચિન પાયલોટે પોતાની ફરિયાદો રજૂ કરી અને બંને નેતાઓ વચ્ચે સ્પષ્ટ અને નિર્ણાયક ચર્ચા થઈ. બેઠકમાં પાયલોટે રાજસ્થાનમાં પાર્ટી અને સરકારના હિતમાં કામ કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી. જોકે પાયલોટ પાર્ટીમાં સશર્ત પાછા ફર્યા છે. શરતો અનુસાર પાર્ટી અધ્યક્ષ સોનિયા ગાંધી પાયલોટ અને તેમના સાથી ધારાસભ્યો દ્વારા ઉઠાવવામાં આવેલા મુદ્દાઓના સમાધાન માટે ત્રણ સભ્યોની સમિતિની રચના કરશે. પાયલોટ અને તેમના સમર્થક ૧૮ ધારાસભ્યો પાર્ટીની બેઠકોમાં ભાગ લેશે અને વિધાનસભા સત્રમાં પણ સામેલ થશે. ખરેખર તો સચિન પાયલોટ માટે કોંગ્રેસમાં પાછા ફરવા સિવાય કોઈ માર્ગ નહોતો. તેમણે જોશમાં આવીને બળવો તો પોકાર્યો પરંતુ ગહેલોતની પરિપક્વતા આગળ કાચા પડયાં. પાયલોટ માટે ભાજપમાં જવાનો વિકલ્પ પણ નહોતો. કારણ કે, તેમની પાસે એટલું સંખ્યાબળ નહોતું કે, તેઓ ભાજપમાં જઈને ગહેલોત સરકાર ઉથલાવી શકે. એટલા માટે હમણા સુધી ગહેલોત સરકાર લઘુમતિમાં આવી ગઈ હોવાનો દાવો કરી રહેલા પાયલોટે રાજસ્થાન વિધાનસભાનું સત્ર શરૂ થવાના બે દિવસ પહેલા જ સમાધાનનો માર્ગ અપનાવ્યો. બીજી તરફ અશોક ગહેલોતે પોતાનો અનુભવ કામે લગાડયો અને સાફ કર્યુ કે તેમના માટે પાર્ટીની મર્યાદા સર્વોચ્ચ છે અને તેમના આ વલણનું કોંગ્રેસના ધારાસભ્યોએ સમર્થન કર્યુ. ગહેલોત સમય પારખીને રાજકીય પાસા ફેંકવામાં નિપૂણ સાબિત થયા અને વિપરિત પરિસ્થિતિમાં પણ ડગમગ્યા વગર ધારાસભ્યોને સાચવી રાખ્યાં.

સચિન પાયલોટે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે મુલાકાત યોજીને પાર્ટીમાં રહેવાની વ્યવસ્થા તો કરી લીધી છે પરંતુ તેમના બળવાના કારણે તેમની છબિને નુકસાન પહોંચ્યું છે. હાલ તો એવું જણાય છે કે સચિન પાયલોટને રાજસ્થાનની બહાર પાર્ટીમાં કોઈ કેન્દ્રીય જવાબદારી આપવામાં આવશે જેથી બંને નેતાઓ અલગ અલગ કામ કરી શકે અને એકબીજાના રસ્તામાં ન આવે. પરંતુ આ વ્યવસ્થા પણ કેટલો સમય ચાલશે એ તો આવનારો સમય જ કહેશે. હવે પાયલોટ જૂથનો વિદ્રોહ ખતમ થતા સ્પષ્ટ બન્યું છે. ગુરુવારે તો હાઈકમાન્ડના આદેશને પગલે સચીન પાયલટ અને અશોક ગેહલોત વચ્ચે રૂબરું મુલાકાત પણ યોજાઈ હતી. કોંગ્રેસમાં પરત ફર્યા બાદ બંન્ને દિગ્ગજ નેતાઓ પહેલીવાર મળ્યા પરંતુ ગહેલોતે તે પછી તરત જ કહ્યું કે, ૧૯ ધારાસભ્ય પાછા ન આવ્યા હોત તો પણ હું સદનમાં બહુમતી સાબિત કરી દેખાડતે. ગેહલોતના આ નિવેદન બાદ હજુ નેતાઓમાં મનમેળ થયો ના હોય તેવું જણાય રહ્યું છે. હજી પણ ગહેલોત સમર્થક ધારાસભ્યો એવું ઈચ્છે છે કે, તમામ બાગી ધારાસભ્યોને આગામી ત્રણ વર્ષ માટે ના તો સત્તામાં કે ના તો સંગઠનમાં કોઈ જગ્યા મળે. આમ છતાં બેઠક બાદ કોંગ્રેસના ધારાસભ્ય વિશ્વેંદ્ર સિંહે કહ્યું કે, કોંગ્રેસ એકજુટ છે. સીએમ ધારાસભ્ય દળના નેતા છે અને દરેકનું સમ્માન કરે છે.



**પાયલટ સાથે બેઠક બાદ ગેહલોતે ૧૯ ધારાસભ્ય વિના બહુમતિ સાબિત કરવા અંગે આપેલા નિવેદનથી એટલું ચોક્કસ છે કે, અસંતોષની આગનો ધુમાડો હજી નીકળી રહ્યો છે**

# સુશાંતસિંહ કેસઃ સીબીઆઈએ કહ્યું ઈડી અને અમને તપાસ કરવા દો

મુંબઈઃ સુશાંત કેસને બિહારમાંથી મુંબઈ ટ્રાન્સફર કરવા માટે સુપ્રીમ કોર્ટમાં બંને પક્ષો પાસેથી જવાબ માંગ્યા હતા જેના અનુસંધાનમાં ગુરુવારે રિયા ચક્રવર્તી અને બિહાર સરકારે સુપ્રીમમાં જવાબ રજૂ કર્યા હતા. સુશાંતના પિતાએ સુપ્રીમમાં પોતાના જવાબમાં કહ્યું કે આરોપીઓએ મને સુશાંત સાથે ફોન પર વાત કરતા અટકાવ્યા હતા. મારી સુશાંત સાથે વાત થઈ હોત તો તેનું જીવન બચી જાત. સુશાંતના પિતાના વકીલ વિકાસસિંહે સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે અમે ફક્ત નિષ્પક્ષ તપાસ ઈચ્છીએ છીએ અને અમને મુંબઈ પોલીસ પર જરા ફણ ભરોસો નથી.



**સુશાંતની બહેને હાથ જોડીને અપીલ કરીઃ અમને સત્ય જાણવાનો હક્ક છે**

સુશાંતની બહેન શ્વેતાએ હાથ જોડીને એવી અપીલ કરી હતી કે નિષ્પક્ષ તપાસ માંગ કરવી અમારો અધિકાર છે. સુશાંતના મોતનું સત્ય બહાર આવવું જોઈએ. શ્વેતાએ ટ્વિટર પર પોતાનો એક ફોટો શેર કરતા લક્યું કે હું સુશાંતની બહેન છું. હુ સુશાંત કેસ માટે સીબીઆઈ તપાસની અપીલ કરું છું.

**યુરોપની એક હોટલમાં સુશાંતની માનસિક સ્થિત બગડી હતી**

ઈડીની પૂછપરછમાં રિયા ચક્રવર્તીએ જણાવ્યું હતું કે ગયા વર્ષે ઓક્ટોબરમાં તે યુરોપની યાત્રા પર ગયા હતા. સુશાંતને ત્યાંની એક હોટલના રૂમમાં એક તસવીર દેખાઈ અને તે પછી સુશાંતની માનસિક સ્થિતિ બગડી ગઈ. રિયાએ ઈડીને કહ્યું કે, તસવીર જોયા બાદ સુશાંતે રુદ્રાક્ષની માળા જપવાનું શરૂ કર્યું. એટલું જ નહીં આ લોકો યુરોપ પછી ઓસ્ટ્રેલિયા જવાના હતા, પરંતુ સુશાંતની હાલત કથળી હોવાને કારણે તે ન ગયા અને ભારત પરત ફર્યા હતા.

## EDએ બીજા રાઉન્ડમાં ૧૦ કલાક રિયાની પૂછપરછ કરી

મુંબઈઃ સુશાંત સિંહ રાજપૂત કેસમાં રિયા ચક્રવર્તીની ઈડી પૂછપરછનો બીજો રાઉન્ડ ૧૦ કલાક પછી સમાપ્ત થયો છે. ઈડીએ રિયા સહિત તેના ભાઈ, પિતા, સુશાંતની એક્સ બિઝનેસ મેનેજર શ્રુતિ મોદી, સિદ્ધાર્થ પીઠાણીની પૂછપરછ કરી છે. રિયાને સુશાંતના પૈસા વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. રિયાએ તેના ખર્ચનો પુરાવો આપવા ઈડી સમક્ષ દસ્તાવેજો રજૂ કર્યા, પરંતુ કહેવામાં આવી રહ્યું છે કે ઈડી તેના કોઈપણ પુરાવાથી સંતુષ્ટ દેખાઈ રહી નથી. સૂત્રોના જણાવ્યા અનુસાર હજી સુધી કોઈ નક્કર પુરાવા મળ્યા નથી કે રિયા ચક્રવર્તી અને તેના પરિવારે સુશાંત સિંહ રાજપૂતના ૧૫ કરોડ રૂપિયાની હેરાફેરી કરી હતી. સુશાંતના પિતા કે.કે.સિંહે રિયા અને તેના પરિવાર પર આ રૂપિયાની ગોલમાલ કરવાનો આરોપ લગાવ્યો હતો. પરંતુ આ હકીકત હજી સુધી સાબિત થઈ નથી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, સુશાંતના ખાતામાંથી બહાર કાઢવામાં આવેલા રૂ. ૨.૭૮ કરોડ જીએસટી અને ટેક્સનાં ભાગે કાપવામાં આવ્યા છે. ઈડી ઓફિસમાં સુશાંતના મિત્ર સિદ્ધાર્થ પીઠાણીની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. સિદ્ધાર્થ પીઠાણી એ જ વ્યક્તિ છે જે સુશાંતનો ફ્લેટમેડ હતો.

## સંજય દત્તને ફેફસાનું કેન્સર, સારવાર અમેરિકામાં કરાવશે

મુંબઈઃ સંજય દત્તના ચાહકો માટે ખરાબ સમાચાર છે. સ્વાસ્થ્ય સમસ્યાઓના પગલે તેમને સોમવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સંજયદત્તને ફેફસાનું કેન્સર હોવાનું નિદાન થયું હતું. આ પછી, મંગળવારે તેમણે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું, 'હેલો મિત્રો, તબીબી સારવારને કારણે હું મારા કામથી થોડા સમય માટે બ્રેક લઈ રહ્યો છું. મારો પરિવાર અને મારા મિત્રો મારી સાથે છે. હું મારા શુભેચ્છકોને કહેવા માંગુ છું કે તેઓ પરેશાન ન થાય અને કોઈ બિનજરૂરી અફવાઓ ફેલાવશો નહીં. હું તમારા પ્રેમ અને પ્રાર્થના સાથે જલ્દી પાછો ફરીશ. સંજય દત્તના મિત્રોના જણાવ્યા મુજબ હાલમાં કેન્સર જે સ્ટેજ પર છે, તેની સારવાર થઈ શકે છે.

પરંતુ આ માટે સંજય દત્તે તાત્કાલિક અમેરિકા જવું પડશે.



## ફોર્બ્સની ધનકુબેરોની યાદીમાં એકમાત્ર અક્ષયનો ટોપટેનમાં સમાવેશ

મંગળવારે ફોર્બ્સ મેગેઝિને તેની વાર્ષિક યાદી બહાર પાડી છે. જે મુજબ રેસલર અને હોલિવૂડ ફિલ્મ સ્ટાર ડ્વેન જોનસન અને 'ધ રોક'ના નામથી લોકપ્રિય અભિનેતા સતત બીજા વર્ષે સૌથી વધુ વળતર મેળવનાર મેલ એક્ટર્સની લિસ્ટમાં ટોપ સ્થાને રહ્યો છે. જ્યારે ટોપ ૧૦ની વાત કરીએ તો બોલિવૂડનો એકમાત્ર એક્ટર અક્ષય કુમારનું નામ શામેલ છે. રિપોર્ટ પ્રમાણે અક્ષય કુમારે ૧ જૂન ૨૦૧૯થી ૧ જૂન ૨૦૨૦ સુધીમાં ૪૮.૫ મિલિયન ડૉલર એટલે કે લગભગ ૩૬૨ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ સાથે તે ફોર્બ્સની યાદીમાં તે છઠ્ઠા ક્રમાંકે છે. મેગેઝિને દાવો કર્યો છે કે, અભિનેતાની મોટાભાગે આવક પ્રોડક્ટ એડોર્સમેન્ટમાંથી આવી છે. જ્યારે રિપોર્ટ મુજબ જોનસને ૧ જૂન ૨૦૧૯થી ૧ જૂન ૨૦૨૦ સુધીમાં ૮૭.૫ મિલિયન ડોલરની કમાણી કરી.



## આઈએએફએ ગુંજન સક્સેના ફિલ્મના કેટલાક સીન્સ સામે વાંધો ઊઠાવ્યો

મુંબઈઃ નેટફ્લિક્સ પર બુધવારે રિલીઝ થયેલી ફિલ્મ 'ગુંજન સક્સેના' વિવાદોમાં ઘેરાઈ ગઈ છે. ભારતીય વાયુસેના (આઈએએફ)એ ફિલ્મમાં પોતાને 'કારણ વિના નેગેટિવ' બતાવાયાની ફરિયાદ કરી છે. આઈએએફ તરફથી સેન્સર બોર્ડને એક પત્ર મોકલાયો છે, જેમાં કેટલાક સીન્સ સામે વાંધો ઉઠાવાયો છે. ફિલ્મ આઈએએફ અધિકારી ગુંજન સક્સેનાના જીવન પર આધારિત છે, જેઓ ૧૯૯૯ કારગિલ યુદ્ધમાં ભાગ લેનારા પહેલાં મહિલા પાઈલટ હતાં. ફિલ્મને કરણ જોહરની કંપની ધર્મા પ્રોડક્શને પ્રોડ્યૂસ કરી છે. આઈએએફ પહેલા સંરક્ષણ મંત્રાલય પણ વેબ સીરિઝમાં સેનાઓને દર્શાવવાને લઈને વાંધો વ્યક્ત કરી ચૂક્યું છે. વાયુસેનાના એક અધિકારીએ કહ્યું કે, આઈએએફએ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને એક પત્ર લખ્યો છે, જેમાં 'ગુંજન સક્સેના' ફિલ્મના કેટલાક સીન્સ સામે વાંધો ઉઠાવાયો છે. આ સીન્સમાં આઈએએફને કારણ વિના ખોટી રીતે રજૂ કરાઈ છે.'



## સરકારની મંજૂરી મળતા UAEમાં યોજાશે IPL : ૧૮મીએ સ્પોન્સર અંગે ફેંસલો

**૧૯ સપ્ટે.થી ૧૦ નવે. સુધી મેચો રમાશેઃ સ્પોન્સરશિપની રેસમાં પતંજલી પણ જોડાશે**

નવી દિલ્હીઃ ભારત સરકારે બીસીસીઆઈની હાઈપ્રોફાઈલ આઈપીએલનું આયોજન સંયુક્ત આરબ અમીરાતમાં કરવા માટેની મંજૂરી આપી દીધી છે. હવે તારીખ ૧૯મી સપ્ટેમ્બરથી તારીખ ૧૦મી નવેમ્બર દરમિયાન શારજાહ, અબુ ધાબી અને દુબઈમાં આઈપીએલના મુકાબલા ખેલાશે. બીસીસીઆઈની સલાહ અનુસાર હવે તમામ ટીમો તારીખ ૨૦મી ઓગસ્ટ બાદ જ યુએઈ જવા માટે રવાના થશે.

ચીનના ઉત્પાદનો અને કંપનીઓ સામેનો જનાક્રોશ જોતા ચીનની કંપની માત્ર ચાલુ વર્ષ માટે જ આઈપીએલના ટાઈટલ સ્પોન્સર તરીકે ખસી ગઈ છે. હવે તેના સ્થાને નવા સ્પોન્સરની શોધ શરૂ કરી દેવામાં આવી છે અને આ અંગેનો નિર્ણય તારીખ ૧૮મી ઓગસ્ટના રોજ લેવાશે તેવી જાહેરાત પણ આઈપીએલના ચેરમેન બ્રિજેશ પટેલે કરી હતી. એક વર્ષ માટે આઈપીએલના ટાઈટલ સ્પોન્સર માટેની રેસમાં પતંજલી પણ સામેલ થાય તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ધોનીના આગ્રહના કારણે ફ્રેન્ચાઈઝીએ યુએઈ માટે રવાના થતાં પૂર્વે ચેપોક સ્ટેડિયમમાં કેમ્પનું આયોજન કર્યુ છે. ત્યાર બાદ તેઓ તારીખ ૨૨મી ઓગસ્ટ યુએઈ માટે રવાના થશે. દેશમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે, જેના કારણે આઈપીએલની ગવર્નિંગ કાઉન્સીલે ટુર્નામેન્ટ યુએઈમાં યોજવાનો નિર્ણય લીધો હતો.



# મોદીની ટકોર બાદ ગુજરાતમાં કોરોના ટેસ્ટ વધારાયા

## આસામમાં ગુજરાત કરતાં ઓછા કેસ હોવા છતાં ટેસ્ટના મામલે આસામ ગુજરાત કરતાં આગળ

અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૧૧ ઓગસ્ટે રાજ્યના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી અને કોરોનાની સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. મોદીએ ગુજરાત સહિતના રાજ્યોને કોરોનાના ટેસ્ટ વધારવા ટકોર પણ કરી હતી. વડાપ્રધાને ટકોર કર્યા બાદ છેલ્લા ૨ દિવસથી ગુજરાતમાં કોરોનાના ટેસ્ટમાં વધારો જોવા મળી રહ્યો છે. જોકે દેશના એવા રાજ્યો કે જ્યાં કોરોનાના કેસોની સંખ્યા ૬૦ હજારથી વધુ છે એ રાજ્યો સાથે ગુજરાતની તુલના કરવામાં આવે તો છેલ્લા ૧૨ દિવસમાં કરવામાં આવેલા કોરોના ટેસ્ટમાં ગુજરાત ૮મા ક્રમે આવે છે. આસામમાં ગુજરાત કરતાં ઓછા કેસ હોવા છતાં ટેસ્ટના મામલે આસામ ગુજરાત કરતાં આગળ આવે છે.



### ઓગસ્ટના ૧૨ દિવસમાં થયેલા ટેસ્ટમાં ગુજરાત ૮મા ક્રમે

ઓગસ્ટ મહિનાના છેલ્લા ૧૨ દિવસમાં કરવામાં આવેલા ટેસ્ટ અંગે વાત કરીએ તો ૬૦ હજારથી વધુ કેસ ધરવાતા ૧૧ રાજ્યોમાં ટેસ્ટિંગના મામલે ગુજરાત આઠમા ક્રમે આવે છે. આ ૧૨ દિવસમાં સૌથી વધુ ટેસ્ટ ઉત્તર પ્રદેશમાં કરવામાં આવ્યા છે. ઉત્તર પ્રદેશમાં ૧૦૮૬૯૧૮ ટેસ્ટ કરાયા છે, જ્યારે મહારાષ્ટ્રમાં ૭૭૯૯૬૬, તમિલનાડુમાં ૭૭૩૮૮૭, બિહારમાં ૭૨૪૮૦૮, આંધ્રપ્રદેશમાં ૬૯૭૯૯૧, આસામમાં ૬૫૬૪૦૫, કર્ણાટકમાં ૪૭૫૫૨૫ ટેસ્ટ કરવામાં આવ્યા છે. જ્યારે ગુજરાતમાં ૩૪૪૨૨૮ ટેસ્ટ કરાયા છે. આમ જોઈએ તો ઉત્તર પ્રદેશમાં ગુજરાત કરતાં ત્રણ ગણા જ્યારે બિહાર, તમિલનાડુ અને મહારાષ્ટ્રમાં બે ગણાથી વધુ ટેસ્ટ કરાયા છે.

### ઉ. ગુજરાતમાં વધુ ૧૬ લોકો કોરોનાથી સંક્રમિત

સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કોરોના પોઝિટિવ આઠ કેસ નોધાયા છે તેમાં હિંમતનગરના ૪, ઈડરના ૩ અને વડાલીનો ૧ કેસનો સમાવેશ થાય છે. દરમિયાન મંગળવાર સુધી સાબરકાંઠા જિલ્લામાં કુલ કોરોના પોઝેટીવ કેસની સંખ્યા ૫૩૮ પર પહોચી ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં જે આંઠ કેસ નોધાયા છે. તે પૈકી હિંમતનગરના શુભ બંગ્લોઝમાં ૭૦ વર્ષિય પુરૂષ, સિવિલ હોસ્પિટલના સ્ટાફ ક્વાટર્સમાં રહેતા ૪૩ વર્ષિય મહિલા, કાંકણોલના ગોકુલધામ સોસાયટીમાં ૪૨ વર્ષિય પુરૂષ અને પાણપુર ગામમાં ૬૫ વર્ષિય પુરૂષનો મંગળવારે કોરોના રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. તેજ પ્રમાણે ઈડરની શિખર સોસાયટીમાં ૪૧ વર્ષિય પુરૂષ, ૬૨ વર્ષિય મહિલા ઉપરાંત પરમાર વાસમાં રહેતા ૩૬ વર્ષિય પુરૂષનો રીપોર્ટ પોઝેટીવ આવ્યો છે. તદ્ઉપરાંત વડાલી તાલુકાના હિંમતપુર ગામમાં ૩૭ વર્ષિય પુરૂષ કોરોનામાં સપડાતાની સાથે જ મંગળવાર તા.૧૧ ઓગસ્ટ સુધી જિલ્લામાં કોરોના પોઝેટીવ કેસની સંખ્યા ૫૩૮ પર પહોચી છે.

## સૌરાષ્ટ્રમાં વધુ ૩૪૩ લોકોને કોરોનાનો ચેપ

રાજકોટ : જન્માષ્ટમીની પૂર્વ સંધ્યાએ સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓમાં આજે કોરોના પોઝીટીવના વધુ ૩૪૩ કેસો નોંધાયા હતા અને પ્રસિધ્ધ યાત્રાધામો આવેલા છે તે દ્વારકા જિ.માં ૧૭ અને ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળમાં ૨૧ સહિત ૨૬ કેસો નોંધાયા છે. તો આ સમયમાં દર વર્ષે લોકો જ્યાં ફરવા મોટી સંખ્યામાં ઉમટે છે તે દિવમાં આજે વધુ એક કેસ નોંધાયો છે દિવ-૧ બફર ઝોન જાહેર કરાયેલ છે તો રાજકોટમાં સૌથી વધુ ગંભીર એ છે કે સત્તાવાર સૂત્રો અનુસાર આજે શહેરમાં સારવાર લેતા શહેરના રહેવાસી એવા ૭ સહિત ૧૫ દર્દીઓના મૃત્યુ થયા છે.

રાજકોટમાં અત્યાર સુધીમાં ૧૦૦૦થી વધુ દર્દીઓ સાજા થઈને ડિસ્ચાર્જ કરાયા છે તો ૧૦૪૬ દર્દીઓ હાલ સારવાર લે છે. જેમાં ૪૮૦ હોસ્પિટલમાં દાખલ છે અને તેમાં ૨૦ની હાલત ગંભીર હોય વેન્ટીલેટર ઉપર રખાયા છે અને અન્ય ૨૦૦થી વધુ દર્દીઓ ઓક્સીજન અને બીપપથી સારવાર થઈ રહી છે. રાજકોટમાં આજે વધુ ૫૫ કેસો નોંધાયા હતા અને બીનસત્તાવાર મૃત્યુ આંક ૧૯ જણાવાય છે.

### કચ્છમાં બે દિવસમાં ૪૯ કોરોના પોઝિટિવ

કચ્છમાં કોરોના મહામારી ચિંતાજનક રીતે વધી રહી હોય તેમ ગઈકાલ જન્માષ્ટમીનાં વધુ ૨૭ કેસ નોંધાયા હતા, જ્યારે આજે બીજા દિવસે વધુ ૨૨ કેસ નોંધાયા છે. જેમાં અંજારમાં ૧૪, ભુજ ૧૧, ગાંધીધામ ૧૧, મુન્દ્રા ૪, રાપર ૩, નખત્રાણા-અબડાસા ૨-૨, ભચાઉ માંડવીમાં ૧-૧ અને નોંધાયો હતો. જિલ્લા પંચાયતનાં પૂર્વ પ્રમુખનો રિપોર્ટ પ ોઝિટિવ અને ભુજ અને અંજારના તબીબનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો હતો. નોંધાયેલા ૪૯ કેસ સાથે કુલ કેસનો આંક ૮૩૫ પર પહોંચી ગયો છે.

### અંબાજીમાં કોરોનાથી ૧૫૦ વર્ષ જૂનો ભાદરવી પૂનમનો મેળો રદ

અંબાજી : કોરોના મહામારીને કારણે ૧૫૦ વર્ષ જૂનો અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો રદ કરવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલે સોમવારે જણાવ્યું હતું કે, કેન્દ્ર તેમજ રાજ્ય સરકાર દ્વારા જારી કરવામાં આવેલા માર્ગદર્શિકાને ધ્યાનમાં રાખીને મેળો રદ કરવામાં આવ્યો છે. ભાદરવી પૂર્ણિમાનો મહામેળો ૨૭ ઓગસ્ટથી ૨ સપ્ટેમ્બરના સમયગાળામાં યોજાનાર હતો. જેમાં દર વર્ષે આશરે ૨૫ લાખથી વધુ યાત્રાળુઓ ગુજરાત તથા બહારના રાજ્યોમાંથી દર્શનાર્થે આવે છે.

## દૂધસાગર ડેરીના વાઈસ ચેરમેન સહિત ત્રણના જામીન નામંજૂર

મહેસાણા- ઘી ભેળસેળ મામલે પકડાયેલા મહેસાણા દૂધસાગર ડેરીના કથિત ઘી ભેળસેળ મામલે ડેરીના વાઈસ ચેરમેન મોંઘજીભાઈ પટેલ-ચૌધરી, પૂર્વ એમ.ડી. નિશીથ બક્ષી અને લેબોરેટરી હેડ અલ્પેશ જૈનના પોલીસ રીમાન્ડ પૂર્ણ થતા રેગ્યુલર જામીન માટે ચીફ કોર્ટમાં અરજી કરી હતી. આ જામીન અરજી મંગળવારે કોર્ટમાં ચાલી હતી. જેમાં આ કેસના ખાસ સરકારી વકીલ વિજયભાઈ બારોટની દલીલો આધારે ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ આર.જે. પટેલે આ કેસના ત્રણેય આરોપીની જામીન અરજી ફગાવી હતી.

સરકારી વકીલે આરોપીઓના જામીન નામંજૂર થવા બાબતે જણાવ્યું હતું કે આરોપીઓની મીલિભગત તથા પુન્હાના (હરિયાણા)માંથી ઘી બનાવી મહેસાણા સંઘમાં આશરે ૮૦૦ કિ.મી. દૂર લાવી ઘી ના પેકીંગ તૈયાર કરાયા હતા. જે ઘીના નમુના ફેડરેશનના અધિકારીઓ દ્વારા લેવામાં આવ્યા હતા. તેમાંથી ૧૪૭ બેંચના નમુના ફેલ થયેલા છે.

## આણંદના ગામડીમાં જુગારી પકડવા ગયેલી પોલીસ પર ટોળાંનો હુમલો

આણંદ- આણંદ એલસીબીની ટીમ બુધવારે રાત્રે ગામડી ગામના ત્રિકમનગર ખાતે કચ્છીવાસમાં જુગારની બાતમીને આધારે પહોંચી હતી. આ દરમ્યાન ત્યાંથી જુગારિયાઓ પકડાયા હતા. પરંતુ આસપાસની ગલીઓમાંથી અલગ-અલગ શખ્શો ટોળે વળી હાથમાં ધારીયા, લાકડીઓ જેવા મારક હથિયારોથી સજ્જ થઈ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને જુગાર રમતા પકડાયેલ બંને શખ્શોને છોડી મુકો તેવી માંગણી કરી પોલીસ સાથે ઝપાઝપી કરવા લાગ્યા હતા. દરમ્યાન શૈલેષ વાઘેલા નામના શખ્શે લોક રક્ષક જવાન બહાદુરભાઈને પકડી લીધો હતો અને નિશાંત ઉર્ફે વાંદરી ઉર્ફે બાદશાહ નામના શખ્શે પોતાની પાસેનું ધારીયા વડે માથાના ભાગે હુમલો કરતા તે લોહીલુહાણ થઈ ગયો હતો. ત્યારબાદ નયન ચૌહાણે માર માર્યો હતો અને અશોક ચૌહાણે લોખંડની પાઈપ વડે બહાદુરભાઈને માર માર્યો હતો. જે બાદ આણંદ પોલીસે ત્યાં ધસી જઈ ટોળાને વિખેરી નાખી ગંભીર રીતે ઘવાયેલ બહાદુરભાઈને સારવાર અર્થે આણંદની હોસ્પિટલમાં ખસેડયો હતો તથા મારક હથિયારોથી સજ્જ છ શખ્શોને ઝડપી પાડી અન્યને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## કડી તાલુકા પંચાયતના મહિલા પ્રમુખે રાજીનામું આપતાં ગરમાવો

મહેસાણા- ભાજપ શાસિત કડી તાલુકા પંચાયતના વર્તમાન પ્રમુખ રમીલાબેન ભરતભાઈ પટેલ, ભાજપના સદસ્ય સપનાબેન નવીનભાઈ પટેલ તેમજ કડી માર્કેટયાર્ડના ડીરેક્ટર ભોગીલાલ હરજીવન પટેલે એકાએક રાજીનામા આપી દેતાં કડી ભાજપમાં ભડકો થયો છે. આ ત્રણેય હોદ્દેદારોએ રાજીનામું આપવાના કારણમાં રાજીખુશીથી નિર્ણય કર્યો હોવાનો ઉલ્લેખ કર્યો છે. જોકે તેઓના રાજીનામું આપવા પાછળ કેટલાક મુદ્દાઓનો ઉકેલ આવ્યો ન હોવાથી નારાજગી હોવાનું લોકમુખે ચર્ચાય છે. જેમાં કડી તાલુકા પંચાયતના પ્રમુખ રમીલાબેન પટેલે મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી દક્ષિણીને રૂબરૂ મળી પોતાના હોદ્દા પરથી રાજીનામાનો પત્ર સુપરત કર્યો હતો. જ્યારે તેમના સહિત બે મહિલા સદસ્યોએ સભ્યપદેથી પોતાનું રાજીનામું કડીના ટીડીઓને આપ્યું હતું. ઉપરાંત કડી માર્કેટયાર્ડના ડીરેક્ટર ભોગીલાલ પટેલ પોતાનું રાજીનામું એપીએમસીના ચેરમેનને સુપરત કર્યું હતું.

## મોબાઈલ ઉત્પાદક કંપનીઓને આકર્ષવામાં ગુજરાત નિષ્ફળ

ગાંધીનગર: કોરોના પછી અનેકવિધ વૈશ્વિક કંપનીઓને ચીનની બહાર નીકળવું છે. આવી મોબાઈલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓને આકર્ષવામાં ભારતમાં છ રાજ્યો વચ્ચે તીવ્ર સ્પર્ધા છે.

ભારત સરકારે બીજા દેશો પરની નિર્ભરતા ઘટાડવા અનેક પગલાં ભર્યા હતા. જેમાં ચીનથી આવનારા ઉદ્યોગો માટે રૂ.૪૪ હજાર કરોડની સહાય જાહેર કરી હતી. આ સ્કીમના લાભો સાથે ચીનની બહાર નીકળવા મચી રહેલી મોબાઈલ કંપનીઓને ભારતમાં આકર્ષવા ઉત્તરપ્રદેશ, આંધ્રપ્રદેશ, તેલંગણા, કર્ણાટક, તમિલનાડુ અને મહારાષ્ટ્ર એમ છ રાજ્યો ँ स्कीम ઉપરાંત પોતાના તરફથી વધારે ઈન્સેન્ટિવ સાથે ઓફરો કરી રહ્યાં છે. ૧૦ જેટલી મોબાઈલ મેન્યુફેક્ચરિંગ કંપનીઓને આકર્ષવા આ તમામ રાજ્યો વચ્ચે તીવ્ર સ્પર્ધા છે. ઉત્તરપ્રદેશ સરકારે આ કંપનીને મૂડી રોકાણના ૨૦ ટકા ઈન્સેન્ટિવ અને જમીનમાં ૨૫ ટકા સબસિડી આપવાની ઓફર સાથે પત્ર પણ લખી મોકલ્યો છે. માત્ર પેગાટ્રોન જ નહી એપલને પણ ઉત્તરપ્રદેશ સરકારે આવી જ ઓફર કરી છે. તમિલનાડુ સરકારે પણ સેમસંગ અને ફોક્સકોન જેવા સ્માર્ટ મોબાઈલ ફોન મેન્યુફેક્ચર બ્રાન્ડને પ્લાન્ટ સ્થાપવા આમંત્રણ આપ્યું છે. જો કે, ગુજરાત સરકારે આ અંગે કશું કર્યું નથી.

### જૂનાગઢમાં નકલી દવા બનાવતી ફેક્ટરી પર કિસાન કોંગ્રેસની રેડ

જૂનાગઢ : જૂનાગઢમાં ખેડૂતોના માટે ઉપયોગી એવી દવા બનાવતી નકલી ફેક્ટરી પર કિસાન કોંગ્રેસના ખેડૂત અગ્રણીઓએ જનતા રેડ કરી પદાર્ફાશ કર્યો છે. કિસાન કોંગ્રેસની જનતા રેડમાં ખેડૂતોને મગફળીમાં ફુગનો નાશ કરવા માટે ઉપયોગી ટ્રાયકોડરમા નામનો પાવડર લાયસન્સ વગર વર્ષોથી બેરોકટોક બનાવવામાં આવી રહ્યો હતો. ખેડૂતો દ્વારા મગફળીમાં ફૂગનો નાશ કરવા માટે આ પાવડરનો ઉપયોગ કરવામાં આવતો હતો. ગુજરાત ગ્રીન ક્રોપ કેર નામની જૂનાગઢમાં ધોરાજી રોડ પર જ ઈન્ડસ્ટ્રીઝમાં આ કારખાનું ધમધમી રહ્યું હતું.

## સારી નોકરીની લાલચે વડોદરાનાં યુવકે એક કરોડ રૂપિયા ગુમાવ્યા

વડોદરા : વડોદરા શહેર નજીકના ભાયલી ગામે નાગેશ ધુગરધરે રહે છે જેમનો મુંબઈની ભેજાબાજ ગેંગે સંપર્ક કર્યો હતો નોકરીની જરૂરત હોય નાગેશ ભેજાબાજ ગેંગનો શિકાર બન્યો હતો. ભેજાબાજ ગેંગે સારી નોકરી અપાવવાની લોભામણી લાલચ આપી નાગેશ પાસેથી રૂપિયા એક કરોડ આઠ લાખ આંઠ સૌ ચોર્યાસી રૂપિયા પડાવી લીધા હતા. પરંતુ ત્યારબાદ પણ નોકરી નહીં મળતા નાગેશને પોતાની સાથે છેતરપિંડી થયાનું જણાઈ આવતા વડોદરા તાલુકા પોલીસ મથકે છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે તપાસ ચલાવી રહેલી લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે તપાસનો દોર મુંબઈ તરફ અને મુંબઈની અલગ-અલગ નવ બેંકોમાં લંબાવી ભેજાબાજ ટોળકીના મુખ્ય ભેજાબાજ અને એક મહિલા સહિત સાતને ઝડપી પાડયા હતા. જેમાં પોલીસે મુખ્ય આરોપી સેલવા સંતોષ નટેશન અને તેના ૪ સાગરીતો તેમજ પોતાનો બેંક એકાઉન્ટ કમિશન પેટે આપનાર મહિલા સહિત ત્રણની ધરપકડ કરી છે. પોલીસે આરોપીની મુંબઈથી ધરપકડ કરી હતી. જેમાં ત્રણ આરોપીઓ કોરોના પોઝિટિવ આવ્યા હતા. પોલીસે ઝડપી પાડેલા ગેંગ પાસેથી ૧૭ મોબાઈલ ફોન ૧૮ સિમકાર્ડ ૫ પાસબુક ૮ ચેકબુક ૨૮ ડેબિટ કાર્ડ સહિતના દસ્તાવેજો કબજે કર્યા છે.

# સૌરાષ્ટ્રમાં ધોધમાર વરસાદઃ નદીઓમાં ઘોડાપૂર



રાજકોટઃ સૌરાષ્ટ્રમાં બુધવારની રાતથી શરૂ થયેલો વરસાદ આજે દિવસ દરમિયાન પણ ચાલુ રહેતા લગભગ મોટા ભાગના જિલ્લાઓ તરબોળ થયાં હતા. રાજકોટ, અમરેલી અને જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રભરમાં મોડી રાતથી ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો હતો. રાજકોટમાં ચાર ઈંચ, ગોંડલમાં ચાર ઈંચ, વીરપુરમાં ત્રણ ઈંચ, ઉપલેટામાં ત્રણ ઈંચ, જસદણમાં બે ઈંચ, લોધીકામાં બે ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેને કારણે સ્થાનિક નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા, જ્યારે શહેરોના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.

બીજી બાજુ આજે ગુરૂવારે સવારથી રાજ્યના ૨૧૭ તાલુકાઓમાં વરસાદ શરૂ થયો હતો જેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં સૌથી વધુ ૧૮૨ મિમી એટલે કે સાડા સાત ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં ગુરૂવારે અમદાવાદ, આણંદ, ખેડા, સાબરકાંઠા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, વડોદરા, મોરબી, સુરેન્દ્રનગર, બોટાદ, અમરેલી, જામનગર, જૂનાગઢ, કચ્છ, રાજકોટ સહિતના મોટા ભાગના જિલ્લાઓમાં ધોધમાર વરસાદ શરૂ થયો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણમાં ૧૧૩ મિમી એટલે કે સાડા ચાર ઈંચ અને ધ્રાંગધ્રામાં ચાર ઈંચ પાણી વરસ્યું હતું.

રાજકોટમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો છે. શહેરનાં બસ સ્ટેન્ડ, ઢેબર રોડ, ગોંડલ રોડ, યાજ્ઞિક રોડ સહિતના વિસ્તારોમાં વરસાદ પડતા રસ્તાઓ પર પાણી ભરાયા હતા. બીજી તરફ ગોંડલ, વીરપુર, ધોરાજી, જસદણ સહિતના ગામોમાં છેલ્લા ૨૪ કલાકથી વરસાદ વરસી રહ્યો છે. ગોંડલ પંથકમાં ધોધમાર ચાર ઈંચ વરસાદ પડતા ખેતરોમાં પાણી ભરાય ગયા છે.

### રાજ્યમાં એનડીઆરએફની ૧૩ ટીમો તૈનાત

ગાંધીનગરઃ ગુજરાતમાં ૪ દિવસ સુધીમાં ભારે વરસાદની હવામાન વિભાગે કરેલી આગાહીને પગલે એનડીઆરએફની ૧૩ જેટલી ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. ભારે વરસાદની શક્યતાને ધ્યાનમાં રાખીને હાલ એનડીઆરએફની ૧૩ ટીમો રાજ્યનાં અલગ અલગ સ્થળો પર તૈનાત કરવામાં આવી છે. ગુજરાતમાં ૨૧ ઓગસ્ટ સુધી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેને પગલે કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા, ગાંધીનગર, પોરબંદર, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરત, વલસાડ, નવસારી જિલ્લાઓમાં એનડીઆરએફની ટુકડી તૈનાત કરાઈ છે.

## સૌરાષ્ટ્રમાં ૫૫ કરોડના ઈ-વે બિલનું કૌભાંડ, સામખીયાળીનો શખ્સ ઝબ્બે

રાજકોટ- રાજકોટ વેટ ઓફિસના વિભાગ-૧૦ દ્વારા રૂા.૫૫ કરોડના બોગસ ઈ-વે બિલ જનરેટ કરીને રૂા.૯.૭૩ કરોડની ટેક્સ ચોરીનું મસમોટુ કૌભાંડ ઝડપી પાડયું હતું અને આ અંગે સામખીયાળીના રાયધણ ગોવિંદ ડાંગર નામના શખ્સની ધરપકડ કરાઈ હતી. આરોપીની વધુ પુછપરછ માટે તેને કોર્ટમાં રજૂ કરીને એક દિવસના રિમાન્ડ પર મેળવાયેલ છે. કૌભાંડકારોએ મજુર, મંદિરના પુજારી, ખાનગી નોકરિયાત, ચાની લારીવાળા વગેરેના નામે પંચાવન કરોડના માલ સગેવગે કરી દીધાનું તારણ નીકળ્યું છે.

આરોપીએ રાજકોટની (૧) આકાશ એન્ટરપ્રાઈઝના નામે રૂા.૧૪.૦૨ કરોડના બોગસ બિલો પર રૂા.૨.૫૩ કરોડના વેરા ચોરી (૨) રાજકોટના ભવ્ય એન્ટરપ્રાઈઝના નામે રૂા.૧૩.૬૭ કરોડના બિલો પર રૂા.૨.૪૭ કરોડની (૩) મોરબીની સુપિરીયર સિરામીકના નામે રૂા.૧૩.૯૮ કરોડના બિલો પર રૂા.૨.૫૬ કરોડ અને (૪) મોરબીના સ્કાય હાઈ ના નામે રૂા.૧૩.૧૪ કરોડના બિલો પર રૂા.૨.૧૬ કરોડ મળી કૂલ રૂા.૫૪.૮૧ કરોડના માલ ઉપર બોગસ બિલો બનાવીને રૂા. ૯.૭૩ કરોડની વેટ ચોરી કર્યાનું ખુલ્યું છે.

## છ પાલિકાના પ્રમુખ-ઉપપ્રમુખની ૨૪મીએ ચૂંટણી

જૂનાગઢઃ જૂનાગઢ જિલ્લાની છ ન.પા.માં પ્રથમ સત્રમાં પ્રમુખ ઉપપ્રમુખની મુદત ૨૫ ઓગસ્ટનાં પુરી થાય છે. આગામી અઢી વર્ષ માટે નવા પ્રમુખ ઉપપ્રમુખની વરણી માટે તા.૨૪ ઓગસ્ટનાં ચૂંટણી યોજાશે. આ છ ન.પા.ની યોજાનાર સામાન્ય સભામાં પ્રમુખ સ્થાન લેવા માટે કલેકટરે છ અધિકારીની નિમણૂંક કરી છે.જૂનાગઢ જિલ્લાની માંગરોળ, માણાવદર, બાંટવા, ચોરવાડ, વિસાવદર અને વંથલી ન.પા.ની સામાન્ય ચૂંટણી ૧૭.૨.૨૦૧૮નાં થઈ હતી.

## ૬૩ ગુનામાં સંડોવાયેલા લબરમૂછીયાએ રાજકોટમાં એસઆરપીની રાઈફલ લૂંટી

રાજકોટ : રાજકોટ પોલીસનાં ઝાપતામાં ખુંખાર અપરાધી આવી ગયો છે. જેને ગુનાની દુનિયામાં માત્ર ૧૫ વર્ષની ઉંમરે વાહનચોરીથી ડગ માંડ્યું હતું. બે વર્ષમાં આરોપી ઈમરાન ઉર્ફે ઈમલો ઉર્ફે કાળીયો હાસમમિયા કાદરી પર અનેક ગંભીર ગુનાઓ નોંધાય ચુક્યા છે. આરોપીએ રાજકોટ અને અમદાવાદમાં છરીની અણીને વાહન ચાલકોને લૂંટી લેવાનો આરોપી છે. રાજકોટ ક્રાઈમ બ્રાંચને આરોપી જૂનાગઢના ધણખૂંટીયા ગામે હોવાની માહિતી મળતા ક્રાઈમ બ્રાંચની ટીમ પહોંચી હતી. પોલીસને જોઈને ઈમરાને ધારદાર છરો કાઢ્યો હતો. જોકે પોલીસે જીવનના જોખમે તેને પકડવાનો પ્રયાસ કર્યો હતો, દેકારો સાંભળીને ગ્રામજનો ભેગા થઈ જતાં ઈમરાન ત્યાંથી ભાગી છૂટ્યો હતો. જોકે પોલીસે સતત પીછો કરી ગોંડલ ચોકડી નજીકથી તેને ઝડપી લીધો હતો. આરોપીએ ભગવતીપરામાં છરીની અણીએ કરેલી રૂ. ૯૩,૫૦૦ની લૂંટ ઉપરાંત એક પખવાડીયામાં રાજકોટ-અમદવાદામાંથી બે મોંઘી કાર સહિત કુલ ૧૭ લૂંટ-ચોરીની કબૂલાત આપી હતી. પોલીસે આરોપી પાસેથી છરો, રોકડ, બાઈક અને બે કાર, સહિત કુલ રૂ. ૧૨,૬૮,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## વેરાવળ સ્મશાનગૃહને તાળા વાગતા ત્રણ મૃતદેહ ત્રણ કલાક સુધી રઝળ્યા

- કોંગ્રેસ પ્રમુખે પાલિકાને જવાબદાર ગણાવ્યું

સોમનાથઃ વેરાવળ-પાટણ નગરપાલિકા તંત્રના અણધડ શાસનના કારણે સ્મશાનમાં અંતિમ સંસ્કાર માટે લવાતા ૩ મૃતદેહ સ્મશાનગૃહને તાળા લાગેલા હોવાથી રઝળ્યાં હતા. કોંગ્રેસ પ્રમુખ દિનેશ રાયઠ્ઠાના જણાવ્યા મુજબ પાલિકાની આવી કામગીરીને કારણે અગાઉ પણ આવા બનાવો બની ચૂકયા છે. તેમ છતાંય તંત્ર કોઈ બોધપાઠ લેતું નથી, તો બીજી તરફ ચીફ ઓફિસર જતીન મહેતાના જણાવ્યું કે, રવિવાર રાત્રે મૃતદેહો અંતિમ સંસ્કાર માટે લવાયા હોવાથી કર્મચારીઓ ૩ વાગ્યા સુધી ફરજ બજાવ્યા બાદ ઘરે ગયા હતા જેથી કરીને તેઓ મોડેથી સ્મશાન પહોંચ્યા હતા.મીડિયા રિપોર્ટ મુજબ વેરાવળ-પાટણ પાલિકા સંચાલિત સ્મશાનગૃહમાં કિરીટભાઈ રાચ્છની અંતિમયાત્રા પહોંચી હતી. પરંતુ સ્મશાનગૃહે તાળાં લાગેલા હોવાથી કર્મચારીને ફોન કરતા સ્વીચઓફ આવતો હતો. જેથી વેપારી અગ્રણી અનિષ રાચ્છ અને કોંગ્રેસ શહેર પ્રમુખ દિનેશ રાયઠ્ઠાએ પાલિકાનો સંપર્ક કર્યો હતો અને સ્મશાનગૃહએ તાળાં લાગેલા તેમજ કર્મચારી હાજર ન હોવા અંગેની રજૂઆત કરી હતી. આ દરમિયાન આરોગ્ય કર્મચારી કોરોનાના બે દર્દીના મૃતદેહ લઈને સ્મશાનગૃહ પહોંચી ગયા હતા. આમ સ્મશાનગૃહે તાળાં લાગેલા હોવાથી બે કોરોનાગ્રસ્ત અને એક કુદરતી મૃત્યુના મૃતદેહોઓએ અંતિમ સંસ્કાર માટે ૩ કલાક સુધી રાહ જોવી પડી હતી. જોકે બાદમાં ઘટના સોશિયલ મીડિયામાં વાયરલ થતા પાલિકા પ્રમુખ સહિતના શાસકો સ્મશાને દોડી આવ્યા હતા.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits



Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS



# સુરત સુમુલ ડેરીની રસાકસીભરી ચૂંટણીઃ બંને પેનલ વચ્ચે ટાઈ થઈ

સુરત :સુમુલ ડેરીનો ૪૫૦૦ કરોડ રૂપિયાનો વહીવટ મેળવવા માટે સુમુલના જ બે સહકારી આગેવાનો વચ્ચે રાજકીય જંગ જામ્યો હતો. શુક્રવારે સુમુલ ડેરીની ચૂંટણી પૂર્ણ થઈ હતી. અને શનિવારે સવારે ૯ વાગ્યે પરિણામ જાહેર થયા હતા. જેમાં ચોર્યાસી બેઠક પરથી સંદિપ પટેલનો વિજય થયો છે. તો માંગરોળ બેઠક પર રાજુ પાઠકની જીત થઈ છે. આ ચૂંટણીમાં ગણપત વસાવા અને રાજુ પાઠકનું ગ્રૃપ આમનેસામને હતું.

સુમુલ ડેરીની ચૂંટણીમાં બંને પેનલ વચ્ચે ટાઈ પડી છે. સહકાર અને સત્તાધારી પાર્ટીને ૮-૮ બેઠક મળી છે. બંને પેનલ વચ્ચે ટાઈ થતાં હવે પાર્ટીના મેન્ડેટથી ચેરમેન નક્કી કરવામાં આવશે. અને આ માટે કલેક્ટર દ્વારા બોર્ડ મીટિંગ જાહેર કરાશે. જેમાં ૧૬ ડિરેક્ટરો મત આપી ચેરમેન નક્કી કરશે. ચેરમેનનું નામ જાહેર થતા એક સપ્તાહ લાગશે.

## સત્તા માટે ગૂંચવણ : ભાજપનું હાઈકમાન્ડ નક્કી કરશે ચેરમેનઃ સીઆર પાટીલ

સહકાર અને સત્તાધારી પાર્ટીને ૮-૮ બેઠક મળી છે. બંને પેનલ વચ્ચે ટાઈ થતાં હવે પાર્ટીના મેન્ડેટથી ચેરમેન નક્કી કરવામાં આવશે. અને આ માટે કલેક્ટર દ્વારા બોર્ડ મીટિંગ જાહેર કરાશે. જેમાં ૧૬ ડિરેક્ટરો મત આપી ચેરમેન નક્કી કરશે. ચેરમેનનું નામ જાહેર થતા એક સપ્તાહ લાગશે. જો કે બીજી બાજુ પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટિલે ચૂંટણીના પરિણામો બાદ હવે હોદ્દેદારોની વરણી ભાજપનું હાઈકમાન્ડ નક્કી કરશે તેમ જણાવ્યું હતું.

**વિજેતા ઉમેદવાર**

| સત્તાધારી પેનલ | સહકાર પેનલ |
|---|---|
| ચોર્યાસી :- સંદીપ દેસાઈ: ૬ મત | ઓલપાડ:- જયેશ પટેલ:- ૩૮ મત |
| બારડોલી :- અજિત પટેલ: ૪૬ મત | કામરેજ:- બળવંત પટેલ: ૨૧ મત |
| માંડવી :- રેસભાઈ ચૌધરી: ૭૮ મત | પલસાણા:- ભારતસિંહ સોલંકી: બિનહરીફ |
| કુકરમુંડા :- સંજયભાઈ સૂર્યવંશી: ૨૦ મત | મહુવા:- માનસિંગ પટેલ: ૨૯ મત |
| નીઝર :- ભરતભાઇ પટેલ: ૧૭ મત | વાલોડ: નરેશ પટેલ: ૨૫ મત |
| ઉચ્છલ :- સુનિલભાઈ ગામીત:- ૧૮ મત | વ્યારા:- સિદ્ધાર્થ ચૌધરી: ૫૪ મત |
| સોનગઢ :- કાંતિભાઈ ગામીત: ૫૮ મત | ડોલવણ:- શૈલેષ પટેલ: ૨૭ મત |
| માંગરોળ :- રાજેશકુમાર પાઠક : ૬૬ મત | ઉમરપાડા: રિતેશ વસાવા: બિન હરીફ |

# આકાશમાં સૂર્યની ચારે બાજુ રીંગ કે વર્તુળ દેખાય તેની સમજ

સૂર્યની ફરતે વર્તુળ દેખાય તેને બ્રહ્મ વર્તુળ કે સૂર્યરીંગ તરીકે ઓલખવામાં આવે છે. આ એક આકાશી-કઘોલખીય ઘટના હોય છે. આવા વર્તુળ ચોમાસાની ઋતુમાં વાદળ છાયા વાતાવરણમાં દેખાતા હોય છે.

ચોમાસાની ઋતુમાં વાતાવરણમાં વાદળો અને ભેજનું પ્રમાણ વધારે હોય છે. સૂર્ય પણ આછો દેખાતો હોય છે. આવા સમયે સૂર્યનો પ્રકાશ આવા ભેજવાળા વાતાવરણણાં વાદળો ઉપર પડવાથી તે પ્રકાશ પરાવર્તિત થાય તેને કારણે સૂર્યની ફરતે એક રીંગ બને છે. તેને બ્રહ્મવર્તુળ કે સનરીંગ કહે છે. આવા વર્તુળ દુનિયામાં આ ઋતુમાં જોવા મળતા હોય છે. આવા વર્તુળ ૨૫થી ૧૦૦ કિલોમીટરના વિસ્તારમાં દેખાય અને તેનો સમય ૧ કલાકથી ૩ કલાક સુધીનો હોય છે. આવા વર્તુળ દેખાવાથી લોકોના મનમાં અનેક તર્ક-વિતર્ક, બીક, ડર, ભય અને અફવાઓ પેલાતી હોય છે. પણ હકીકતમાં આ આકાશી જોવાલાયક ખગોળકીય ઘટના જ છે. તેના સિવાય અન્ય કશુ હોતુ નથી. આ મુજબનું વર્તુળ ભારતમાં આ ચોમાસાની ઋતુમાં અમુક પ્રદેશોમાં તા. ૨૯-૭-૨૦૨૦ના રોજ બપોરના સમયે જોવા મળેલ છે.

આવા બ્રહ્મ વર્તુળ સૂર્યરીંગ આકાશી નજારો છે. જેને આપણે પૃથ્વી ઉપરથી જોતા અચંબો અને આશ્ચર્યચક્તિ થતા હોઈએ છે. આ આકાશી વાતાવરણની ઘટના સિવાય બીજું કશું જ નથી.



-------------- : સંપર્ક સાધવા માટે : --------------
**બીપીન એસ્ટ્રોલોજર**
૮ ઓક્ટોમ્બર પ્લેસ, બ્રામ્ટન, ઓન્ટારિયો L6YOR6 કેનેડા
Whatsapp No. 98790 87511
Time : 10.00 am to 6.00 pm

# ચોથા માળેથી કુદેલા ભાઈને બચાવવા ગયેલી બહેન પટકાઈ

સુરત- સચિનના પાલી ગામમાં નીલકંઠ સોસાયટીમાં રેતી ૧૭ વર્ષીય રિતેશ નંદલાલ યાદવ ગત તા.૯મી માતા સાથે બોલાચાલી થઈ હતી. જેથી તેમની માતાએ તેના પિતાની આ અંગે જાણ કરી હતી તેથી તેના પિતાએ તેને સમજાવ્યો અને પ્રેમથી ઠપકો આપ્યો હતો. જેથી રિતેશને માઠું લાગી આવતા ગત તારીખ ૯મી રાત્રે તરત ઘરના ચોથા માળની અગાસીએથી દોડતો પહોંચી ગયો હતો અને તેની પાછળ પાછળની ૧૯ વર્ષીય બહેન રોશની દોડીને ગઈ હતી. તે સમયે અચાનક રિતેશ ઉપરથી નીચે ઝંપલાવ્યું હતું ત્યારે ભાઈને બચાવવા ગયેલી બહેન રોશની પણ બેલેન્સ ગુમાવતા નીચે પટકાયો હતો. જેમાં બંને ભાઈ-બહેન ને ગંભીર ઈજા થતા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન રોશનીનું મોત નીપજ્યું હતું જ્યારે રિતેશ સારવાર હેઠળ છે.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ : જાપાનની કોર્ટમાં દ.ગુજરાતના ખેડૂતો ફરિયાદ કરશે

અમદાવાદ : દક્ષિણ ગુજરાતના ખેડૂતો બુલેટ ટ્રેન મામલે જાપાનની કોર્ટમાં કંપની સામે ફરિયાદ કરવાની માહિતી મળતા ખળભળાટ મચી ગયો છે. દક્ષિણ ગુજરાતના ખેડૂતો જમીન અધિગ્રહણની રીતથી સંતુષ્ટ ન હોવાનો આરોપ લાગ્યો છે. જાપાનની કંપની જાયકા પર દબાણ લાવવા ખેડૂતો હવે એક મોટું કદમ ઉઠાવવા જઈ રહ્યા છે.

દક્ષિણ ગુજરાતના ખેડૂતો બુલેટ ટ્રેન પ્રોજેક્ટમાં કંપની દ્વારા જે જમીન અધિગ્રહણ કરવામાં આવ્યું છે, તે રીતથી સંતુષ્ટ નથી. જેના કારણે તેઓએ જાપાનની કોર્ટમાં કંપની સામે ફરિયાદ કરશે. દક્ષિણ ગુજરાતના ખેડૂતોએ જણાવ્યું કે, કંપની અમારી સાથે અન્યાય કરી રહી છે. જમીન અધિગ્રહણની રીત ગુજરાત અને મહારાષ્ટ્રમાં અલગ છે, એજ રીતે ગુજરાત, મહારાષ્ટ્ર માટે અલગથી નિયમો પણ બનાવવામાં આવ્યા છે. ત્યારે કંપની એક છે, પ્રોજેક્ટ એક છે તો જાપાનની કંપની ગુજરાત અને મહારાષ્ટ્રના ખેડૂતો સાથે અલગ અલગ રીતે કેવી રીતે વર્તી રહી છે.

મળતી માહિતી પ્રમાણે, દક્ષિણ ગુજરાતના ખેડૂતોએ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ મુદ્દે જાપાનની કોર્ટમાં કેસ કરવાની તૈયારી શરૂ કરી દીધી છે. એક ખેડૂતે જણાવ્યું હતું કે, જમીન અધિગ્રહણનું કાર્ય ૪૦ ટકા જ પુરું થયું છે.

# ઉમરપાડામાં ૧૧ અને માંડવીમાં ૧૪ ઈંચ વરસાદ

સુરતઃ સુરત જિલ્લામાં છેલ્લા બે દિવસથી દિવસ રાત વરસી રહેલા વરસાદી પાણીથી પૂર જેવું સંકટ ઊભું થયું હોય તેમ માંડવી તાલુકામાં ૧૪ ઈંચ જેટલા ભારે વરસાદના પગલે ગોડધા તેમજ લાખી ડેમ ઓવરફલો તરફ વધતા વહીવટી તંત્ર દોડતું થઈ ગયું હતું. આજે સતત વરસાદના પગલે માંડવી તાલુકા સહિત ઉપરવાસમાં ભારે વરસાદના પગલે ઉભરાયેલી ખાડીઓના પાણીથી કોઝ-વે ડૂબી જતા તાલુકા મથકના ૨૪ રસ્તાઓ બંધ થઈ જઈ વહીવટી તંત્રએ ભારે જહેમતનાં અંતે ચાલુ વરસાદે અન્ય વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરવામાં આવી હતી. આવી જ ૫ રિસ્થિતિ પણ ઉમરપાડા તાલુકાની હોય તેમ છેલ્લા બે દિવસમાં ૧૧ ઈંચ વરસાદ નોંધાઈ તાલુકામાં આભ ફાટયું હોય તેમ જંગલ વિસ્તારમાં ઠેર-ઠેર નીચાણવાળી જગ્યાઓમાં પાણી ભરાઈ ગયા હતા.

# ગુપ્ત (ગૈબી-અદ્રશ્ય-આધ્યાત્મિક) જ્ઞાન-ઈલ્મુલગૈબ પાલનહાર અલ્લાહ સિવાય બીજા કોઈ પાસે હોય શકે?

**ઈસ્લામની આરસી**
કાસિમ અબ્બાસ

ભાગ-૩

"(હે પયગંબર), આ લોકોને કહી દો કે 'હું તમને એમ નથી કહેતો કે મારી પાસે અલ્લાહના સર્વે ખજાનાઓ છે અને ન તો હું ગુપ્ત (ગૈબી) જ્ઞાન ધરાવું છું અને ન તો હું એમ કહું છું કે હું દેવદુત (ફરીશતો) છું. અને હું એમ પણ નથી કહેતો કે જે લોકોને તમારી આંખો ધિક્કારપૂર્વક જુએ છે, તેમને અલ્લાહે ભલાઈ નથી આપેલ. તેમના મનની સ્થિતિ તો અલ્લાહ જ બહુ સારી રીતે જાણે છે. જો હું આમ કહું તો હું અન્યાયી (જુલ્મી) થઈ જાઉં." (પ્રકરણ ૧૧, શ્લોક ૩૧)

"(હે પયગંબર), આ લોકોને કહો કે 'મારા પોતાના અધિકાર માં તો મારો નફો નુકસાન પણ નથી, સિવાય કે જો અલ્લાહ ચાહે તો તેની ઈચ્છા પર આધારિત છે." (પ્રકરણ ૧૦, શ્લોક ૪૯)

"(હે પયગંબર), આ લોકોને કહી દો કે 'હું તમારા માટે ન તો કોઈ નુકસાન નો અધિકાર ધરાવું છું અને ન કોઈ ભલાઈનો. તેમને કહો કે 'મને અલ્લાહની પકડમાંથી કોઈ બચાવી શકતું નથી અને ન તો હું તેના સિવાય કોઈ બીજું આશ્રય સ્થાન મેળવી શકું છું. મારૂં કાર્ય આ સિવાય બીજું કશું નથી કે અલ્લાહની વાત અને તેનો સત્ય સંદેશો (કુરાન મજીદ) બીજાઓને પહોંચાડી દઉં. હવે જો કોઈ અલ્લાહ અને તેના પયંગબર(રસુલ)ની વાત નહિં માને, તેના માટે નર્ક (જહન્નમ)ની અગ્નિ છે, જેમાં તેઓ હંમેશ માટે રહેશે." (પ્રકરણ ૭૨, શ્લોક ૨૧, ૨૨ અને ૨૩)



મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના બોધવચનો પર આધારિત

પાલનહાર અલ્લાહના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.) વિષેના ઉપર આપેલા સર્વે બોધવચનો અનુસાર પાલનહાર અલ્લાહ પોતાના પયગંબર (રસુલ)ને આદેશ આપે છે કે લોકોને તેમના તરફથી કહી દેવામાં આવે કે પાલનહાર અલ્લાહના પયગંબર પાસે પણ ગુપ્ત (ગૈબી) જ્ઞાન નથી. પાલનહાર અલ્લાહ સર્વે વસ્તુઓ પર શક્તિમાન હોવાથી એ વાત પણ તદન સત્ય છે કે જો તે પોતે ચાહે તો તે પોતે પોતાની મરજીથી તેના પયગંબરને ગુપ્ત (ગૈબી) જ્ઞાન અર્પણ કરી શકે છે, કારણ કે તે કેવળ તેના જ અધિકારમાં છે. અને વાસ્તવિકતા પણ એજ છે કે પાલનહાર અલ્લાહ માટે આ કાર્ય જરા પણ મુશ્કેલ નથી. પાલનહાર અલ્લાહના પોતાના તરફથી અને પોતાની જ મરજીથી પોતાના અંતિમ પયગંબરને ગુપ્ત (ગૈબી) જ્ઞાન અર્પણ કરવા વિષેના બે બોધવચનો આ પ્રમાણે છે :-

"અને અલ્લાહની આ પદ્ધતિ નથી કે તે તમને ગુપ્ત (ગૈબી) વાતો જણાવી દે. આ માટે તો અલ્લાહ પોતાના પયગંબરો પૈકી જેને ચાહે છે તેને પસંદ કરી લે છે. માટે તમે અલ્લાહ અને તેના પયગંબર પર શ્રધ્ધા (ઈમાન) રાખો. જો તમે શ્રધ્ધા (ઈમાન) રાખશો અને સંયમી રહેશો તો તમને અવશ્ય તેનો મહાન બદલો મળશે." (પ્રકરણ ૩, શ્લોક ૧૭૯)

"તે અલ્લાહ ગુપ્ત (ગૈબી) જ્ઞાનનો જાણકાર છે. પોતાની ગુપ્ત (ગૈબી) બાબતો કોઈને જણાવતો નથી, સિવાય તે પયગંબરના, જેને તેણે ગુપ્ત (ગૈબી) જ્ઞાન અર્પણ કરવા માટે પસંદ કરી લીધેલ હોય. તે અલ્લાહ તેની આગળ પાછળ રક્ષકો લગાડી દે છે, જેથી તે જાણી લે કે તેમણે પોતાના પાલનહાર (રબ)ના સત્ય સંદેશા પયગંબરને પહોંચાડી દીધા છે અને તેણે તેમનું સંપૂર્ણ વાતાવરણ આવરી લીધું છે, અને એકે એક વસ્તુની સંખ્યા તેણે ગણી રાખી છે." (પ્રકરણ ૭૨, શ્લોક ૨૬, ૨૭ અને ૨૮)

ઉપરના બંને બોધવચનો અનુસાર પાલનહાર અલ્લાહ પોતાની મરજીથી જ પોતે જો ચાહે તો જ ગુપ્ત (ગૈબી) જ્ઞાન (ઈલ્મુલ ગૈબ) પોતાના સિવાય કેવળ પોતાના પયગંબર ને જ અર્પણ કરે છે. અને આ અર્પણ કરવું પણ કેવળ તેના પોતાના જ અધિકારમાં છે.

ક્રમશઃ

ગુજરાતના ખેડૂતો આનંદો!

# રૂપાણી દ્વારા કિસાન યોજનાની જાહેરાત

ગાંધીનગર : મુખ્યમંત્રી વિજય ભાઈ રૂપાણીએ રાજ્યના લાખો કિસાનોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી કિસાન યોજનાની જાહેરાત કરી છે. નાયબ મુખ્યમંત્રી નીતિન ભાઈ પટેલ અને કૃષિ મંત્રી આર સી ફળદુની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીએ આ યોજનાની જાહેરાત કરી હતી.

તેમણે કહ્યું કે, ખેતીમાં ખાસ કરીને ખરીફ ઋતુમાં વરસાદની અનિયમિતતા ખેડુતોને આર્થિક નુકશાન કરનાર પરિબળ છે. આવા કુદરતી આપત્તિના પ્રસંગોએ ખેડૂતોને થતા પાક નુકસાન માટે પારદર્શક અને સરળ પદ્ધતિ જેમાં રાજ્યના બધાજ ખેડુતોનો સમાવેશ થાય અને નુકસાન થયેલ ખેડૂત રહી ન જાય તે ધ્યેય સાથે ખરીફ ઋતુમાં કુદરતી આપત્તિથી થયેલ પાક નુકશાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા અને તમામ પાક અને સમગ્ર રાજ્યના વિસ્તારોને આવરી લે તેવી યોજના અમલમાં મૂકવા રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, આ યોજનાનો લાભ રાજ્યના નાના મોટા સીમાંત બધાજ ખેડૂતો ને આવરી લેવાયા છે, એટલું જ નહિ આ યોજના માટે ખેડૂતે કોઈ જ પ્રીમિયમ ભરવાનું રહેશે નહિ તેમ પણ તેમણે જણાવ્યું હતું. આ યોજના સરળ અને પારદર્શી છે તેની ભૂમિકા મુખ્યમંત્રીએ આપી હતી. તેમણે જણાવ્યું કે એસ.ડી આર એફ ના લાભો યથાવત રાખીને આ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના લાભ અપાશે. મુખ્યમંત્રીએ આ યોજનાની વિસ્તૃત વિગતો પ્રચાર માધ્યમો સમક્ષ આપતા વિગતવાર માહિતી આપી હતી.

### યોજના હેઠળ આવરી લેવામાં આવેલા જોખમો

**(૧) અનાવૃષ્ટિ :** જે તાલુકામાં ચાલુ સિઝનનો ૧૦ ઇંચથી ઓછો વરસાદ પડેલ હોય અથવા રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા (૨૮ દિવસ) વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ હોય અને ખેતીના વાવેતર થયેલ પાકને નુકશાન થયેલ હોય તેને અનાવૃષ્ટિ (દુષ્કાળ) નું જોખમ ગણવામાં આવશે.

**(૨) અતિવૃષ્ટિ:** લુકાને યુનિટ ગણી અતિવૃષ્ટિના પ્રસંગો જેવા કે વાદળ ફાટવું, સતત ભારે વરસાદ કે જેમાં દક્ષિણ ગુજરાત રિજિયનના જિલ્લાઓ (ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ) માટે ૪૮ કલાકમાં ૩૫ ઇંચ કે તેથી વધુ અને તે સિવાયના રાજ્યના તમામ જિલ્લાઓમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ મહેસુલી તાલુકાના રેઇન ગેજ મુજબ નોંધાયેલ હોય અને ખેતીના વાવેતર કરેલ ઊભા પાકમાં થયેલ નુકશાનને અતિવૃષ્ટિનું જોખમ ગણવામાં આવશે.

**(૩) કમોસમી વરસાદ (માવઠું) :** ૧૫ ઑક્ટોબર થી ૧૫ નવેમ્બર સુધીમાં મહેસુલી તાલુકાના રેઇન ગેજમાં સળંગ ૪૮ કલાકમાં ૫૦ મી.મી. થી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકસાન થાય તો તે કમોસમી વરસાદ (માવઠું) નું જોખમ ગણવામાં આવશે

## આગ પ્રકરણમાં શ્રેય હોસ્પિટલના ટ્રસ્ટી ભરત મહંતની અંતે અટકાયત

- કોરોના રિપોર્ટ બાદ મહંતની ધરપકડ થશે, હોસ્પિ.સંચાલકોએ આગની જાણ કરી ન હતી

અમદાવાદ : શ્રેય હોસ્પિટલ આગ પ્રકરણમાં હોસ્પિટલના ટ્રસ્ટી ભરત મહંતની બુધવારે પોલીસે અટકાયત કરીને કોરોનાનો ટેસ્ટ કરવામાં આવ્યો હતો, જો કે કોરોનાનો રિપોર્ટ આવ્યા બાદ ધરપકડ કરવામાં આવશે. પોલીસ તપાસમાં હોસ્પિટલમાં આગની ઘટના બની ત્યારે હોસ્પિટલના સંચાલકો દ્વારા ફાયર બ્રિગેડ કે પછી પોલીસને આગની જાણ કરવામાં આવી ન હતી. નવરંગપુરામાં આવેલી કોવીડ-૧૯ શ્રેય હોસ્પિટલમાં ૫ ઓગસ્ટના રોજ મોડી રાત્રે લાગેલી ભીષણ આગમાં કોરોનાના આઠ દર્દી બળીને ભડથુ થઈ ગયા હતા. આ અંગે નવરંગપુરા પોલીસે શ્રેય હોસ્પિટલના ટ્રસ્ટી ભરત વિજયદાસ મહંત સામે બેદરકારીનો ગુનો નોંધ્યા બાદ આજે ભરત મહંતની નવરંગપુરા પોલીસે મહંતની અટકાયત કરીને કોરોનાના ટેસ્ટ કરાવ્યો હતો જો કે કોરોનાનો રિપોર્ટ આવ્યા બાદ કોરોનાનો રિપોર્ટ પોઝિટીવ આવશે તો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે અને રિપોર્ટ નેગેટીવ આવશે તો ધરપકડ કરવામાં આવશે.

## પાટીદારો વિરુદ્ધના કેસો પાછા ખેંચવાની સરકારની અરજી સેશન કોર્ટે ફગાવી દીધી

ગાંધીનગર : ગુજરાત સરકાર માટે પાટીદારોને રીઝવવાનું હવે વધારે અઘરૂં બનતું જઈ રહ્યું છે. ૨૦૧૫માં પાટીદાર અનામત આંદોલન અને ત્યારબાદ રાજ્યભરમાં ફાટી નીકળેલા તોફાનો વચ્ચે સરકાર દ્વારા અનેક પાટીદારો સામે જુદા જુદા ગુના સબબ કેસ દાખલ કરાયા હતા. જે પૈકી ઘણા સામે ક્રિમિનલ ગુના હેઠળની કલમ પણ લગાવવામાં આવી છે. જોકે ત્યારબાદ પાટીદાર સમાજને રીઝવવા માટે સરકારે જાહેર કર્યું હતું કે એવા પાટીદારો જેમના વિરુદ્ધ કોઈ ગંભીર કલમ હેઠળ ગુનો નોંધાયો નથી તેમની સામેથી સરકાર કેસ પરત ખેંચશે. જોકે આ મામલે હવે સરકારને પીછેહઠ કરવી પડી શકે છે. કારણ કે શહેરના મિર્ઝાપુર કોર્ટ કેમ્પસમાં આવેલ સેશન કોર્ટે સરકારની કેસ પરત ખેંચવાની અરજી ફગવતા કહ્યું કે આરોપીઓએ કોર્ટની કાર્યવાહીનો સામનો જરુર કરવો જોઈએ. મહત્વનું છે કે સરકારે ૨૦૧૭માં ચૂંટણી પહેલા પાટીદારોને રીઝવવા માટે જાહેરાત કરી હતી કે જેમની સામે બહુ સીરિયસ કાયદાની કલમો નથી લગાવવામાં આવી તેવા તમામ કેસને પરત ખેંચશે. જે બાદ સરકારે કોર્ટમાં અપીલ કરતા આ તમામ કેસ પરત ખેંચવા માટે મંજૂરી માગી હતી.જોકે સેશન કોર્ટે ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ અરજીને ફગાવી દીધી હતી અને કાર્તિક પટેલ સહિત પાંચ વ્યક્તિ સામે કરવામાં આવેલ કેસને પરત ખેંચવાની મંજૂરી આપી નહોતી. તેમની સામે ૨૬ ઓગસ્ટ ૨૦૧૫ના રોજ બોપલ પોલીસ દ્વારા બસ, બીઆરટીએસ સ્ટેન્ડ સહિતની જાહેર સંપત્તિને નુકસાન, હુલ્લડ અને હત્યાના પ્રયાસનો ગુનો નોંધવામાં આવ્યો હતો.

## દ્વારકા સહિત ગુજરાતમાં જન્માષ્ટમીની ઉજવણી



મથુરાથી દ્વારકા સુધી દેશભરમાં જન્માષ્ટમીની હર્ષોલ્લાસથી ઉજવણી કરવામાં આવી હતી. કોરોના વાયરસના કારણે આ વખતે 'કૃષ્ણલીલા' અને કોઇ અન્ય વિશેષ કાર્યક્રમોનું આયોજન ન હતું. પરંતુ મોડી રાત્રે મોટાભાગના મંદિરોમાં પૂજા-અર્ચના અને પારણા ઝુલાવવાના કાર્યક્રમ યોજાયા હતા.કૃષ્ણ જન્મ સાથે મંદિરોમાં નંદ ઘેરા નંદ ભયો ના નારા ગુંજી ઉઠ્યા હતા.



## ધોળકામાં નહાતી દીકરી બાબતે ઠપકો મળતા પરિવારના ૩ની હત્યા

ધોળકા : ધોળકામાં પાસે આવેલ કેલીયા વાસણા ગામે એક જ પરિવારના ૩ લોકોની પાડોશીએ હત્યા કરી હતી. ધારીયા વડે પડોશમાં રહેતી ૨ મહિલા અને એક બાળકીને પડોશીએ રહેંસી નાખ્યા હતા. હવે ત્રણ-ત્રણ હત્યા કરવા મામલે ખુલાસો થયો છે.

ધોળકા પાસે આવેલ કેલીયા વાસણમા એક જ પરિવારના ૩ લોકોને પાડોશીએ જ રહેંસી નાખ્યા હતા. બાથરૂમમાં ૭ વર્ષની બાળકી નાહતી હોવાથી તેની માતાએ રાજુ પટેલને ઠપકો આપી ઘરમા જવાનું કહ્યું હતું. પરંતુ આ ઠપકો આરોપી રાજૂને લાગી આવતા તાના માથા પર ભૂત સવાર થઈ ગયું હતું અને પડોશમાં રહેતા અને ફેકટરીમા કામ કરતા વિજય પટેલ ઘરે ન હતા ત્યારે તેમના પરિવારના જશોદા બેન, તેમની વહુ સુમિત્રા અને સગીર દિકરીની ધારીયા ના ઘા મારી હત્યા કરી નાંખી હતી. જોકે ઘટના બની ત્યારે વિજય ભાઈની ૧૨ વર્ષની દીકરી અને ૬ વર્ષનો પુત્ર ઘરની સાંકળ વાખીને ઘરમાં પુરાઈ જતા તેમમાં જીવ બચી ગયા હતા. આરોપીએ ૩ લોકોની હત્યા કરીને બાદમાં ગામના અન્ય લોકોની હત્યા કરવા જઈ રહ્યો હતો પરંતુ ગામના લોકોએ તેને પકડીને પોલીસ હવાલે કર્યો હતો. આરોપી રાજુ પટેલ મૂળ કેલીયા વાસણાનો છે. કેટલાક વર્ષથી આરોપી અમદાવાદના બોપલ વિસ્તારમાં રહે છે.

## ગુજરાતમાં પ્રથમવાર વર્ચુઅલ ડાયમંડ જ્વેલરી એક્ઝિબિશન

સુરત- કોરોનાકાળમાં હીરા અને જ્વેલરી ઉદ્યોગ માટે એક્ઝિબિશન શક્ય નથી ત્યારે ગુજરાતમાં પ્રથમવાર જેમ્સ એન્ડ જ્વેલરી પ્રમોશન કાઉન્સીલ દ્વારા વર્ચુઅલ ડાયમંડ જ્વેલરી એક્ઝિબિશન યોજાશે. બાયર ટુ બાયર એક્ઝિબિશનમાં વિદેશથી પણ મોટી કંપનીઓ જોડાશે.

જેમ્સ એન્ડ જ્વેલરી પ્રમોશન કાઉન્સિલ ઓફ ઈન્ડિયા વેસ્ટ ઝોન દ્વારા તારીખ ૨૭ અને ૨૮ મી ઓગસ્ટના રોજ ગુજરાતના પ્રથમ વર્લ્ડ વર્ચ્યુઅલ ડાયમંડ જ્વેલરી એક્ઝિબિશનનું આયોજન થશે. આ બાયર ટુ બાયર એક્ઝિબિશનમાં એક જ દિવસમાં ૧૦ જેટલા ડાયમંડ જ્વેલરી મેન્યુફેક્ચરોએ રજિસ્ટ્રેશન પણ કરાવી દીધું છે. પ્રથમ ડાયમંડ જ્વેલરી એક્ઝિબિશન માત્ર ૧૦ મેન્યુફેક્ચરર દ્વારા શરૂ કરાશે. જેમાં વિશ્વભરની કંપનીઓ પણ ભાગ લેશે. જેજીઈપીસી વેસ્ટ ઝોન ચેરમેન દિનેશ નાવડિયાએ કહ્યું કે, આ એક્ઝિબિશનમાં ભાગ લેવા માટે દોઢ લાખનો ખર્ચ થતો હોય છે.

## જૂનાગઢના જૂના સ્વામીનારાયણ મંદિરમાં દેવ પક્ષનું શાસન યથાવત

જૂનાગઢ : જૂનાગઢના જુના સ્વામિનારાયણ મંદિરમાં આચાર્ય અને દેવ પક્ષ વચ્ચે છેલ્લા ઘણા સમયથી ચાલતા કાનુની વિવાદમાં હાઈકોર્ટે દેવ પક્ષનું શાસન યથાવત રાખવા તથા આચાર્ય પક્ષને જોઈન્ટ ચેરીટી કમિશનરમાં અપીલ કરવાનો આદેશ કરી શાસન બદલવાની અરજ ફગાવી દીધી છે.

જૂનાગઢના જવાહર રોડ પર આવેલ સ્વામિનારાયણ મંદિરમાં આચાર્ય પક્ષના સદસ્યોને ચેરિટી કમિશનર દ્વારા ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા અને જેથી દેવ પક્ષ દ્વારા બહુમતી મળી હોવાથી શાસન આચાર્ય પક્ષ પાસેથી સંભાળી લીધું હતું. તે બાબતે વિવાદ પણ થયો હતો જેમાં આચાર્ય પક્ષ દ્વારા હાઈકોર્ટમાં અરજ કરવામાં આવી હતી અને સોશિયલ ડિસ્ટન્સ પાલન થયેલ ન હોય અધિકારીઓનો દુરુપયોગ કરવામાં આવ્યો હોય, આવા અનેક મુદ્દે ફરિયાદ થઈ હતી. જે બાબતે હાઈકોર્ટે ચેરિટી કમિશનરના નિર્ણય અંગે જોઈન્ટ ચેરીટી કમિશનરમાં અપીલ કરવાનુ જણાવી અરજીનો નિકાલ કર્યો હોય તેમ દેવ પક્ષના કોઠારી પ્રેમ સ્વરૂપ સ્વામી જણાવી રહ્યા છે. તથા સોશિયલ ડિસ્ટન્સ અને લોકડાઉનના ભંગની એસપી કક્ષાના અધિકારીએ તપાસ કરવાનો આદેશ હાઈકોર્ટે આપ્યો છે.

## ૮ બેઠકોની પેટા ચૂંટણી બેલેટ પેપરથી કરાવવા કોંગ્રેસની માંગ

ગાંધીનગરઃ ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં બ્યૂગલ વાગી રહ્યા છે. ત્યારે ગુજરાતમાં પેટા ચૂંટણીને રોકવા માટે ગુજરાત હાઈકોર્ટમાં થોડા દિવસો પહેલા એક અરજી કરવામાં આવી હતી. આ અરજી કોરોના વાયરસના વધતાં સંક્રમણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે જો હાલના સમયમાં પેટાચૂંટણી યોજાશે તો કોરોનાનું વધુ સંક્રમણ ફેલાશે અને ચૂંટણી દરમિયાન ૫૦ લાખ લોકોની અવરજવર થશે તેથી તેને મોકૂફ રાખવામાં આવે. પેટા ચૂંટણીને લઈને કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણી પંચને સૂચનો સોંપવામાં આવ્યા છે. કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચને જે સુચનો આપવામાં આવ્યા છે તેમા ચૂંટણી બુથ વધારવામાં આવે તેવું પણ કહેવામા આવ્યું છે. સાથે જ એક મતદાન મથક પર ૫૦૦ જેટલા જ મતદારો હોય અને ઈવીએમ મશીન દ્વારા કોરોનાં સંક્રમણ વધવાની શક્યતા છે જેથી ઈવીએમના બદલે બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવે તેવું કોંગ્રેસે સુચન કર્યુ છે.

# કોરોનાઃ દેશમાં વધુ ૬૬,૯૯૯ કેસ, ૯૪૨ મોત

નવી દિલ્હી : કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં અત્યારસુધીના કોરોના સંક્રમણના સૌથી વધુ ૬૬.૯૯૯ પોઝિટિવ કેસ નોંધાયાં હતાં. આ સાથે દેશમાં કોરોના સંક્રમિત કુલ દર્દીઓની સંખ્યા ૨૪ લાખ નજીક ૨૩,૯૬,૬૩૮ થઇ હતી. છેલ્લા ૨૪ કલાકમાં ૯૪૨ દર્દીઓએ મહામારીમાં જીવ ગુમાવતાં કુલ મૃતાંક ૪૭,૦૩૩ ઉપર પહોંચ્યો હતો. આ સાથે મોતના મામલામાં ભારતે બ્રિટનને પાછળ પાડી દીધો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૬,૩૮૩ દર્દીઓએ કોરોનાને માત આપતાં સાજા થનારા દર્દીઓની કુલ સંખ્યા ૧૬,૯૫,૯૮૨ ઉપર પહોંચી જતાં રિકવરી રેટ ૭૦.૭૭ ટકા થયો હતો. આમ હવે દેશમાં કોરોના સંક્રમણના કુલ ૬,૫૩,૬૨૨ એક્ટિવ કેસ છે. આરોગ્ય મંત્રાલયનો દાવો છે કે કોરોના વાઈરસના કારણે દેશમાં થઈ રહેલા મોતનો દર સતત ઘટી રહ્યો છે. હાલ મૃત્યુદર બે ટકાથી પણ ઘટીને ૧.૯૬ ટકા પર આવી ગયો છે. કેન્દ્ર સરકારે જણાવ્યું હતું કે ૧૧ માર્ચથી અત્યાર સુધીમાં રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશો અને કેન્દ્રીય સંસ્થાનોને ૩.૦૪ કરોડથી વધુ એન૯૫ માસ્ક, ૧.૨૮ કરોડથી વધુ પીપીઈ કિટ અને ૧૦.૮૩ કરોડથી વધુ હાઈડ્રોક્લોરોક્વિન ટેબલેટ કેન્દ્ર સરકાર દ્વારા વિનામૂલ્યે આપવામાં આવી છે. તે ઉપરાંત ૨૨,૫૩૩ મેક ઈન ઈન્ડિયા વેટિલેટર પણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યાં છે. કોરોના વાઈરસની રસી ફક્ત કેન્દ્રસરકાર દ્વારા જ ખરીદવામાં આવશે.



## મુંબઈમાં ૧૨૦૦ દર્દી સાથે આંક ૧૨૭૫૫૬ પર

મુંબઈઃ રાજ્યમાં ગુરુવારે ૧૧,૮૧૩ નવા દર્દી સાથે કોરોનાગ્રસ્તોની સંખ્યા ૫,૬૦,૧૨૬ પર પહોંચી ગઈ હતી આની સાથે જ રાજ્યમાં ૪૧૮ કોરોનાગ્રસ્તોનાં મોત પણ થયા હતા. આમાંથી ૨૮૮નાં મોત છેલ્લા ૪૮ કલાકમાં થયા છે, જ્યારે ૭૪ ગયા અઠવાડિયાના છે. બાકીના ૫૧ મોત એની પહેલાના સમયગાળાના છે. આ ૫૧ દર્દીમાંથી ૩૧ થાણે જિલ્લામાં, ૪ જળગાંવમાં, ૩ પુણે, નાશિક અને ૫ ાલઘરમાં, લાતુર, ઉસ્માનાબાદના ૨-૨, રાયગઢ, વાશિમ અને ઔરંગાબાદમાં એક-એક કોરોનાગ્રસ્તોના મોત થયા હતા. મુંબઈમાં કોરોનાગ્રસ્તોનો આંક ૧૨૦૦ના વધારા સાથે ૧,૨૭,૫૫૬ પર પહોંચ્યો છે. આ ઉપરાંત કોરોના ગ્રસ્તોની સંખ્યા થાણે જિલ્લામાં ૧,૦૯,૭૦૩, પાલઘર જિલ્લામાં ૧૯,૮૯૭, રાયગઢ જિલ્લામાં ૨૧,૮૧૩, પુણે જિલ્લામાં ૧,૨૨,૦૨૦ કોરોના પોઝિટિવ હોવાનું રાજ્ય સરકાર દ્વારા ગુરુવારે જણાવવામાં આવ્યું હતું.

# કોરોનાને અંકુશમાં લેવા વડા પ્રધાન મોદીએ ૧૦ રાજ્યોને ૭૨ કલાકની ફોર્મ્યુલા સૂચવી

નવી દિલ્હી : પીએમ નરેન્દ્ર મોદીએ મંગળવારે કોરોનાને અંકુશમાં લેવા માટે સૌથી વધુ પ્રભાવિત ૧૦ રાજ્યોના મુખ્યપ્રધાનો સાથે વીડિયો કોન્ફરન્સિંગથી મંથન કર્યું હતું. તેમણે કોરોનાને અંકુશમાં લેવા રાજ્યોને ૭૨ કલાકની ફોર્મ્યુલા અપનાવવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે કોરોનાના સંક્રમણની ઓળખ મેળવવામાં અને તેને રોકવામાં આપણે સફળ થઈ રહ્યા છીએ. એક્ટિવ કેસની ટકાવારી ઘણી ઓછી થઈ છે. રિકવરી રેટ સતત ઘટી રહ્યો છે. મતલબ કે આપણા પ્રયાસો સફળ થઈ રહ્યા છે. લોકોમાં ડર ઘટાડવાનું તેમજ આત્મવિશ્વાસ વધારવાનું ઘણું જરૂરી છે.

## ૧૦ રાજ્યોમાં ટેસ્ટિંગ વધારવા જરૂરી છે

મોદીએ ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશ, તેલંગણા, આંધ્રપ્રદેશ, બિહાર, પંજાબ, તામિલનાડુ અને કર્ણાટકના મુખ્યપ્રધાનો સાથે કોરોના સામે કેવી રીતે લડવું તેની ચર્ચા કરી હતી. આ ૧૦ રાજ્યો કોરોના પર કાબૂ મેળવી લેશે તો ભારત કોરોના સામેનો જંગ જીતી શકશે. ગુજરાત, બિહાર, યુપી, પશ્ચિમ બંગાળ અને તેલંગણામાં ટેસ્ટિંગ વધારવાની જરૂર છે.

**શું છે ૭૨ કલાકની ફોર્મ્યુલા? :** મોદીએ નિષ્ણાતોને ટાંકીને રાજ્યોને ૭૨ કલાકની ફોર્મ્યુલા અપનાવવા અપીલ કરી હતી. જો શરૂઆતનાં ૭૨ કલાકમાં સંક્રમણ શા કારણે થયું તેનો ખ્યાલ આવી જાય તો કેસો ઘટાડી શકાય છે. ૭૨ કલાકમાં સંક્રમિત વ્યક્તિઓનો ટેસ્ટ થવો જરૂરી છે.

**મોદીનાં મહત્ત્વનાં સૂચનો :** કોરોનાના ૮૦ ટકા એક્ટિવ કેસ ૧૦ રાજ્યોમાં છે આથી કોરોના સામેની લડાઈમાં આ રાજ્યોની ભૂમિકા મહત્ત્વની છે. કોરોના સામે કન્ટેનમેન્ટ, કોન્ટેક્ટ ટ્રેસિંગ અને સર્વેલન્સ પ્રભાવશાળી હથિયાર છે. તમામ રાજ્યોએ સાથે મળીને અને સાથે રહીને કામ કરવાની જરૂર છે.

## આંધ્રપ્રદેશમાં કોવિડ સેન્ટરમાં આગ, ૧૧ દર્દીનાં કરુણ મોત

આંધ્રપ્રદેશના વિજયવાડા ખાતે એક પ્રાઇવેટ હોસ્પિટલ દ્વારા હોટેલમાં ઊભા કરાયેલા કોવિડ કેર સેન્ટરમાં રવિવારે સવારે પાંચ કલાકે લાગેલી ભીષણ આગમાં ૧૧ દર્દીનાં મોત થયાં હતાં. વિજયવાડાના કોવિડ કેર સેન્ટરમાં આગ લાગી તે સમયે ઓછામાં ઓછા ૪૨ દર્દીઓની સારવાર ચાલી રહી હતી. પ્રાથમિક અહેવાલો પ્રમાણે ઇલેક્ટ્રિક શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું મનાય છે. વિજયવાડાના ઇલુરુ રોડ પર આવેલી સ્વર્ણ પેલેસ હોટેલને રમેશ હોસ્પિટલ દ્વારા કોરોનાના દર્દીઓની સારવાર માટે લીઝ પર લેવામાં આવી હતી.

# મુંબઇ પોર્ટ પર ૧૦૦૦ કરોડના ડ્રગ્સ સાથે બે એજન્ટ સહિત ૪ની ધરપકડ

મુંબઇ : મુંબઇ પોર્ટ ખાતે અફઘાનિસ્તાનથી ભારત પહોંચેલી નશીલા પદાર્થની મોટી ખેપ ઝડપાઇ ગઇ છે. અંદાજે રૂપિયા ૧,૦૦૦ કરોડના નશીલા પદાર્થને પ્લાસ્ટિકની પાઇપમાં છુપાવીને અફઘાનિસ્તાનથી ઈરાનને રસ્તે લાવવામાં આવ્યો હતો. જે પાઇપમાં નશીલા પદાર્થને છુપાવીને લાવવામાં આવ્યો હતો તે પાઇપને એ રીતે રંગવામાં આવી હતી કે તે વાંસ જેવી દેખાય.



ડીઆરઆઇ અને કસ્ટમ વિભાગના અધિકારીઓએ નશીલા પદાર્થને ઝડપ્યો ત્યારે દાણચોરોએ તે આયુર્વેદિક દવા હોવાનું જણાવ્યું હતું. દવાને પાઇપમાં છુપાવીને લાવવાના મુદ્દે સવાલ કર્યા તો દાણચોરોએ જણાવ્યું કે દવા ખરાબ ના થઇ જાય તે હેતુસર આ રીતે લાવવામાં આવી છે. પરંતુ અધિકારીએ તપાસ કરીને કડક વલણ અપનાવતાં દાણચોરોએ નશીલા પદાર્થની દાણચોરી કરી હોવાની કબૂલાત કરી લીધી હતી. એજન્સીઓએ દાવો કર્યો છે કે અત્યારસુધીનું સૌથી મોટું કેફી દ્રવ્યોનું કૌભાંડ ઝડપાયું છે. કસ્ટમ એજન્ટ મીનાનાથ બોડકે અને કોડીબાઉ પાંડુરંગ ગુંજાલની ધરપકડ થયા પછી સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. તેમને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

# અમે આ 19 MLA વિના પણ બહૂમતિ સાબિત કરી દેત : અશોક ગહેલોત

જયપુર : રાજસ્થાનના રાજકિય સંકટ શાંત પડવા તરફ જઈ રહ્યું છે આ વચ્ચે પ્રદેશના શિર્ષ નેતૃત્વમાં કડવાશ હજુ દુર થઈ નથી તેવું જણાય રહ્યું છે. બાગી તેવર દેખાડનારા સચિન પાયલટ અને ઝસ અશોક ગહેલોતની મુલાકાત બાદ ગહેલોતે કહ્યું કે, અમે આ ૧૯ ધારાસભ્યો વિના પણ બહૂમતિ સાબિત કરી દેત.

રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી સાથે મુલાકાત બાદ પાર્ટીમાં પાયલટ પાર્ટીમાં પરત ફર્યા છે પરંતું હવે ગહેલોત સમર્થકોએ તેમની સામે મોર્ચો માંડ્યો છે. ગહેલોત સમર્થક ધારાસભ્યો એવું ઈચ્છે છે કે, તમામ બાગી ધારાસભ્યોને આગામી ત્રણ વર્ષ માટે ના તો સત્તામાં કે ના તો સંગઠનમાં કોઈ જગ્યા મળે. આ પહેલા ધારાસભ્ય દળની બેઠકમાં ગહેલોતના નિવાસ સ્થાને પાયલટ પહોંચ્યા હતા જ્યાં બંન્ને નેતાઓ ઉષ્માભેર મળ્યા હતા. કોંગ્રેસમાં પરત ફર્યા બાદ બંન્ને દિગ્ગજ નેતાઓ પહેલીવાર મળ્યા પરંતુ ગહેલોતના આ નિવેદન બાદ હજુ નેતાઓમાં મનમેળ થયો ના હોય તેવું જણાય રહ્યું છે.

બેઠક બાદ કોંગ્રેસના ધારાસભ્ય વિશ્વેંદ્ર સિંહે કહ્યું કે, કોંગ્રેસ એકજુટ છે. સીએમ ધારાસભ્ય દળના નેતા છે અને દરેકનું સમ્માન કરે છે. અંત ભલા તો સબ ભલા, જો ભાજપ ઈચ્છે તો કાલે અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકે છે.

# પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની તબિયત નાજુક, હજુ પણ વેન્ટિલેટર પર

નવી દિલ્હી : ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની સ્થિતિમાં કોઇ સુધારો જોવા મળ્યો નથી. તેમની સ્થિતિ નાજુક છે. સેનાની રિસર્ચ અને રેફરલ હોસ્પિટલે કહ્યું કે પ્રણવ મુખર્જીની સ્થિતિ ચિંતાજનક છે અને હજુ તેમને વેન્ટિલેટર પર જ રાખ્યા છે. આપને જણાવી દઈએ કે બ્રેન સર્જરી બાદથી પ્રણવ મુખર્જીની સ્થિતિ ગંભીર છે. સેનાની રિસર્ચ એન્ડ રેફરલ હોસ્પિટલે પોતાના નિવેદનમાં કહ્યું કે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીની સ્થિતિમાં સવારથી કોઇ ફેરફાર નથી. તેઓ કોમામાં છે. અત્યારે તેઓ સતત વેન્ટિલેટર પર છે. ૮૪ વર્ષના મુખર્જીને સોમવારના રોજ સૈન્ય હોસ્પિટલમાં દાખલ કરાયા હતા અને બ્રેન સર્જરી પહેલાં તેમને કોરોના વાયરસથી સંક્રમિત થયાની પુષ્ટિ થઇ હતી. ડોકટર્સનું કહેવું છે કે મંગળવારના રોજ પૂર્વ રાષ્ટ્રપતિની તબિયત લથડી અને તેમની સ્થિતિમાં કોઇ સુધારાના લક્ષણ દેખાતા નહોતા.

# પુત્રીઓને પણ પરિવારની સંપત્તિ હોય તેમાં પુત્રો જેટલો અધિકાર : સુપ્રીમ

- સંપત્તિમાં પુત્રીઓના અધિકારોના કેસ પેન્ડિંગ હોય તેનો છ મહિનામાં નિકાલ કરવા આદેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે એક મહત્વપુર્ણ ચુકાદામાં કહ્યું છે કે ભારતમાં પુત્રીઓને પણ પરિવારની જે સંપત્તિ હોય તેમાં પુત્રો જેટલો જ સમાન અધિકાર છે. અને પુત્રીઓને તેમના આ અધિકારોથી વંચીત ન રાખી શકાય કે તેને છીનવી ન શકાય.

હિંદુ પરિવારના કાયદામાં જે જોગવાઈ છે તેને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે આ સ્પષ્ટતા કરી છે. ન્યાયાધીશ અરૂણ મિશ્રા અને એસ નાઝીર તેમજ એમ.આર. શાહની બેંચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. સામાન્ય રીતે પુત્રીઓના લગ્ન થઈ જાય તે બાદ તેમને પરિવારની સંપત્તિથી વંચીત કરી દેવામાં આવે છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટે આપેલા આ ચુકાદાથી અનેક મહિલાઓને તેમના અધિકારો મળવાની શક્યતાઓ છે. ૨૦૦૫માં હિંદુ પરિવાર કાયદામાં સુધારા કરવામાં આવ્યા હતા જેમાં પણ પુત્રીઓને પરિવારની સંપત્તિમાં સમાન અધિકાર આપવામાં આવ્યો છે. જોકે કોર્ટ સમક્ષ સવાલ એ ઉભો થયો હતો કે શું આ સુધારા પહેલા જે પિતાનું નિધન થઈ ગયું હોય અને તેવી મહિલાઓને સંપત્તિથી વંચિત રાખવામાં આવી તેમને પણ સમાન અધિકાર હવે મળી શકે.

# ૧૫મી ઓગષ્ટે લાલ કિલ્લા પર ખાલિસ્તાની ઝંડો ફરકાવવાનું ષડયંત્ર : આઈબી

નવી દિલ્હી : સ્વંત્રતા દિવસ એટલે ૧૫ ઑગષ્ટને લઈને આઈબીએ મોટું એલર્ટ જાહેર કર્યું છે. એલર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકામાં રહેનારા શીખ ફોર જસ્ટિસના કર્તા-ધર્તાઓમાંથી એક ગુરુવતપંત સિંહ પન્નૂએ ૧૪, ૧૫ અને ૧૬ ઑગષ્ટના લાલ કિલ્લા પર ખાલિસ્તાની ઝંડો ફરકાવનારા શીખને સવા લાખ ડૉલર આપવાની જાહેરાત કરી છે. ખાલિસ્તાની આતંકવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના ગુરુવતપંત સિંહ પન્નૂએ એક વિડીયો જાહેર કર્યો છે. તાજેતરમાં જ ગુરુવતપંત સિંહ પન્નૂને ભારત સરકારથી ટેરરિસ્ટ ગણાવવામાં આવ્યા છે. ગુરુવતપંત સિંહ પન્નૂએ જાહેરાત કરી છે કે જે ૧૫ ઑગષ્ટના ખાલિસ્તાનનો ઝંડો લાલ કિલ્લા પર ફરકાવશે તેને સવા લાખ આપવામાં આવશે. પાકિસ્તાની ખુફિયા એજન્સી આઈએસઆઈની સાથે મળીને ગુરૂવતપંત સિંહ પન્નૂ રેફરેન્ડમ ૨૦૨૦ની ચળવળ ચલાવી રહ્યા છે.

# વરસાદ અને પૂરથી કર્ણાટકને ૪૦૦૦ કરોડનું નુકસાન

## ૮૦ હજાર એકરનો પાક બરબાદ : કેરળમાં ભૂસ્ખલનથી ૫૩ના મોત : આસામ, બિહારમાં પૂર

બેંગ્લુરૂ : ભારે વરસાદ અને પૂરને કારણે કેરળ અને કર્ણાટકની હાલત ખરાબ થઈ છે. કર્ણાટકને ૪,૦૦૦ કરોડનું નુકસાન થયું છે તો ૮૦ હજાર એકરનો પાક બરબાદ થયો છે તો કેરળમાં લગાતાર ત્રણ દિવસથી પડી રહેલા અનરાધાર વરસાદને કારણે રાજ્યમાં પૂર જેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. કેરળના ઈડુક્કી ભૂસ્ખલનના કાટમાળમાંથી વધુ ત્રણ મૃતદેહો મળી આવતા મૃતકોની સંખ્યા વધીને ૫૩ થઈ છે. જો કે કેરળમાં વરસાદ અને પૂરનું પાણી ઓછું થતાં જનજીવન સામાન્ય થઈ રહ્યું છે. બીજી તરફ આસામ અને બિહારમાં પૂરની સ્થિતિ ફરી એક વખત વણસી છે. બિહારમાં નવા વિસ્તારોમાં પાણી ઘૂસી જતાં વધુ અઢી લાખ લોકોને અસર થતાં પૂરગ્રસ્ત લોકોની સંખ્યા વધીને ૭૫ લાખ થઈ ગઈ છે. કેરળના ઈડુક્કી જિલ્લામાં ભૂસ્ખલનમાં ગુમ થયેલા લોકોને શોધવા માટે ચાલી રહેલા અભિયાન હેઠળ આજે કાટમાળમાથી બે પુરૂષ અને એક મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. સાત ઓગસ્ટે બનેલી આ કુદરતી હોનારતમાં હજુ પણ ૧૯ લોકો લાપતા છે. તેમને શોધવા માટે એનડીઆરએફ, ફાયર, ફોરેસ્ટ અને પોલીસ વિભાગના કર્મચારીઓ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યાં છે. બિહારના ૧૬ જિલ્લામાં વધુ ૬૨,૦૦૦ લોકોને પૂરની અસર થઈ છે. બિહારમાં પૂરનો મૃત્યુ આંક ૨૪ પર સ્થિર રહ્યો છે. આસામ સરકાર દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર રાજ્યમાં પૂરની સ્થિતિ ફરીથી વણસી છે. નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સને વાયનાડ અને ઈડુક્કી ખાતે તહેનાત કરી દેવાઈ છે. હાલમાં દેશના છ રાજ્યો બિહાર, આસામ, યુપી, કેરળ, કર્ણાટક અને મધ્યપ્રદેશમાં વત્તાઓછા પ્રમાણમાં પૂરની પરિસ્થિતિ છે.



# ભારત ૮૭૨૨ કરોડનાં ખર્ચે ૧૦૬ સ્વદેશી ટ્રેનર એરક્રાફ્ટ ખરીદશે

નવી દિલ્હી : લદ્દાખમાં ચીન સાથે ચાલી રહેલી તંગદિલીને જોતાં ભારત સતત પોતાની સુરક્ષા મજબૂત કરવામાં લાગ્યું છે. રફાલ વિમાનોની ખરીદી બાદ સંરક્ષણ મંત્રાલયે ૧૦૬ સ્વદેશી ટ્રેનર એરક્રાફ્ટ ખરીદવાની મંજૂરી આપી દીધી છે. આ વિમાન હિંદુસ્તાન એયરોનોટિક્સ લિમિટેડ (એચએએલ) પાસેથી ખરીદવામાં આવશે. આ ઉપરાંત સેના અને કોસ્ટ ગાર્ડ માટે પણ સામાન ખરીદવાને મંજૂરી આપવામાં આવી છે. એચએએલ પાસેથી ખરીદવામાં આવનાર વિમાન HTT-40 બેઝિક ટ્રેનર હશે. આ સાથે જ ટેન્ક ભેદી ગોળા ખરીદવાની પણ મંજૂરી આપવામાં આવી છે. કોસ્ટ ગાર્ડના જહાજોમાં લાગનાર તોપોની ખરીદીને પણ રક્ષા મંત્રાલયે પોતાની સ્વિકૃતિ આપી છે. આ રક્ષા સોદા પર કુલ ૮૭૨૨.૮૮ કરોડ રૂપિયા ખર્ચ થશે. તમને જણાવી દઈએ કે ગરમીઓમાં યુદ્ધાભ્યાસના બહાને ચીન લદ્દાખમાં સેનાનો જમાવડો કર્યો અને ત્યારબાદ પૈંગોગ સરોવર, દેપસાંગ પ્લેન, ગોગરા, ગલવાન સહિત ઘણા ભાગોમાં અતિક્રમણ કરી લીધું. ગલવાનમાં ૧૫ જૂનના રોજ બંને દેશોની સેનાઓમાં હિંસક અથડામણ અને સતત વાતચીત બાદ ગોગરા, ગલવાન અને હોટ સ્પ્રિંગમાં ડિસએંગેજમેન્ટ કરવાને લઈને સહમત થઈ ગયું.

# PM મોદીએ સૌથી વધારે સમય સુધી બિન કોંગ્રેસી વડાપ્રધાન બનવાનો રેકોર્ડ બનાવ્યો

- વાજપેયી પોતાના કાર્યકાળ મળીને ૨૨૬૮ દિવસ સુધી દેશના વડાપ્રધાન પદે રહ્યાં હતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. પીએમ મોદીએ સૌથી વધારે સમય સુધી બિન કોંગ્રેસી વડાપ્રધાન બનવાનો રેકોર્ડ બનાવ્યો છે. વાજપેયીએ પોતાના તમામ કાર્યકાળ મળીને ૨૨૬૮ દિવસ સુધી દેશના વડાપ્રધાન પદે રહ્યાં હતાં. તેઓ અત્યાર સુધીમાં સૌથી વધારે સમય સુધી સત્તામાં રહેનારા બિન-કોંગ્રેસી વડાપ્રધાન હતાં. પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને પાછળ છોડી દીધા છે.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં નરેન્દ્ર મોદીની આગેવાનીમાં ભાજપે ઐતિહાસિક જીત મેળવી હતી. તેમણે ૨૬મે ૨૦૧૪ના રોજ વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કર્યા હતાં. ત્યાર બાદ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં ફરી ભાજપે ઐતિહાસિક જીત હાંસલ કરી અને નરેન્દ્ર મોદી ફરી દેશના વડાપ્રધાન બન્યા.

વાજપેયી ૩ વાર ભારતના વડાપ્રધાન રહ્યાં. પહેલીવાર તેઓ ૧૯૯૬માં વડાપ્રધાન બન્યાં પણ બહુમત સાબિત ના કરી શક્યા. ત્યાર બાદ તેઓ ફરી ૧૯૯૮માં વડાપ્રધાન બન્યા. તે દરમિયાન તેઓ ૧૩ મહિના માટે વડાપ્રધાન રહ્યાં. જ્યારે ૧૯૯૯માં તેઓ ત્રીજી વાર વડાપ્રધાન બન્યા અને ૨૦૦૪માં પોતાનો કાર્યકાળ પુરો કર્યો. આમ ભારત આઝાદ થયું ત્યારથી ૨૦૦૪ સુધીમાં અટલ બિહારી વાજપેયી જે એવા બિન-કોંગ્રેસી વડાપ્રધાન હતાં જેમણે પોતાનો ૫ વર્ષનો કાર્યકાળ પુરો કર્યો હતો.

# FB પર પોસ્ટ બાદ બેંગલુરૂમાં હિંસા ૩ના મોત, ૬૦ પોલીસકર્મી ઘાયલ

બેંગ્લુરુ : કર્ણાટકના બેંગલુરૂમાં મંગળવારે મોડી રાતે અથડામણની ઘટના બની હતી. કોંગ્રેસના ધારાસભ્ય શ્રીનિવાસ મૂર્તિના અંગત વ્યક્તિ દ્વારા કરવામાં આવેલી ફેસબુક પોસ્ટને લઈ ઉશ્કેરાયેલા લોકોએ ધારાસભ્યના ઘરે હુમલો કરી દીધો હતો. ત્યાર બાદ મામલો આગજની, પથ્થરમારો અને પોલીસ સાથેની અથડામણ સુધી પહોંચી ગયો હતો. પોલીસ ફાયરિંગમાં ત્રણ લોકો મૃત્યુ પામ્યા હોવાના સમાચાર છે અને તે સિવાય અનેક લોકો ઘાયલ પણ થયા છે. સ્થાનિક પોલીસના કહેવા પ્રમાણે રાતે બે કલાકે સ્થિતિ કાબુમાં



આવી હતી તથા ધારાસભ્યના ઘર, પોલીસ સ્ટેશનમાંથી ભીડને વિખેરવામાં આવી હતી. અત્યાર સુધીમાં પોલીસે ૧૧૦ લોકોની ધરપકડ કરી છે. પોલીસ કમિશનર કમલ પંતના કહેવા પ્રમાણે આ ઘટનામાં ૬૦ પોલીસ કર્મચારી ઘાયલ થયા છે.

### તોફાનીઓની મિલકતો જપ્ત કરવા સરકારની વિચારણા

બેંગ્લુરુ : બેંગ્લુરૂના કેટલાક વિસ્તારોમાં મંગળવારે રાત્રે અચાનક ફાટી નીકળેલી હિંસાનાં કારણોની મેજિસ્ટ્રિયલ તપાસના કર્ણાટક સરકારે આદેશો આપ્યા છે. બેંગ્લુરૂ અર્બનના ડે. કમિશનર શિવમૂર્તિએ ઘટનાની તપાસ કરીને ૩ મહિનામાં તેનો રિપોર્ટ રજૂ કરશે. કર્ણાટક સરકાર હિંસામાં સામેલ લોકોની મિલક્તો જપ્ત કરીને તેમની પાસેથી થયેલા નુક્સાનની રકમ વસૂલ કરવા વિચારી રહી છે આ માટેના આદેશ આપી દેવાયા છે.

# આતંકીઓના ખોફથી કાશ્મીરમાં ૪૦ ભાજપી નેતાઓનાં રાજીનામાં

જમ્મી કાશ્મીર : જમ્મુ કાશ્મીરમાં ભારતીય જનતા પાર્ટીના નેતા સતત રાજીનામાં આપી રહ્યાં છે. કાશ્મીરમાં સરપંચો અને પંચાયત સભ્યો સહિત પક્ષના નેતાઓ ઉપર હાલમાં થયેલા હુમલા બાદ ભાજપના નેતા અને કાર્યકર્તાઓ ભયભીત છે. મધ્ય કાશ્મીરના ગાંદરેબલ જિલ્લામાંથી ભાજપના ૬ સભ્યોએ પક્ષમાંથી રાજીનામા આપી દીધા છે. એ સાથે જ કાશ્મીરમાં છેલ્લા એક અઠવાડિયામાં પક્ષમાંથી રાજીનામાં આપનારા ભાજપના નેતાઓ અને કાર્યકર્તાઓ મળીને સંખ્યા ૪૦ ઉપર પહોંચી છે.

૮ જુલાઈએ આતંકવાદીઓએ ભાજપના વાસીમ બારી, તેમના ભાઈ ઉમર શેખ અને પિતા બશીર શેખની બાંદીપોરામાં ગોળીમારીને હત્યા કરાઈ હતી. ભાજપના નેતા રામમાધવ તમામને સુરક્ષા પૂરી પાડવાનું આશ્વાસન આપ્યું છે.

કાશ્મીરમાં નેતાઓને ૧૬ ઓગસ્ટ સુધી સુરક્ષા પૂરી પાડવા માટે અસ્થાયી વ્યવસ્થા કરાઈ હતી. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે ૧૫ ઓગસ્ટ સુધી જ નેતાઓને જોખમ છે. પરંતુ મુખ્ય સવાલ એ છે કે કાશ્મીરમાં પંચાયત સભ્યોની સુરક્ષા માટે સરકાર નીતિ શું ઘડશે, જેથી તેઓ સુરક્ષિત હોવાનો અહેસાસ કરે.

# કોરોનાથી સંક્રમિત પ્રખ્યાત શાયર રાહત ઈન્દોરીનું હાર્ટ એટેકને કારણે નિધન

ઈન્દોરી : ઉર્દૂ ને હિંદીના વિખ્યાત શાયર રાહત ઈન્દોરીનું મંગળવારે હાર્ટ એટેકના કારણે નિધન થયું છે. ૧૦ ઓગષ્ટ એટલે કે સોમવારે તેમને કોરોના વાયરસનો ચેપ લાગ્યાની પુષ્ટિ થઈ હતી. ત્યારબાદ તેમને સારવાર માટે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં આવેલા અરવિંદો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. રાહત ઈન્દોરીના દીકરા સતલજે આ વાતની જાણકારી આપી હતી, ઉપરાંત બાદમાં રાહત ઈન્દોરીએ પણ ટ્વિટ કરીને પોતોને કોરોના થયો હોવાની વાત કહી હતી. રાહત ઈન્દોરીએ કરેલા ટ્વિટમાં લખ્યું હતું કે, ‘કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા હું અરવિંદો હોસ્પિટલમાં દાખલ થયો છું. પ્રાર્થના કરો કે હહું જલ્દી આ બિમારીને હરાવી શકુ.’ ત્યારે આ પ્રાર્થના કદાચ કામ ના આવી. કોરોના તો બાજુ પર રહ્યો પરંતુ હાર્ટ એટેકના કારણે તેનનું મૃત્યુ થયું છે. રાહત ઈન્દોરીને પહેલાથી જ શુગર અને હાર્ટ એટેકની બીમારી હતી.

## રાજસ્થાન સામૂહિક હત્યાકાંડનું રહસ્ય ખુલ્યું

# ઉંદર મારવાની દવાનું ઈન્જેક્શન આપી પરિવારનાં ૧૧ સભ્યોને મારી નાંખ્યા

જોધપુર : રાજસ્થાનના જોધપુર જિલ્લામાં એક જ પરિવારનાં ૧૧ લોકોની મોતને લઈને પ્રાથમિક તપાસમાં ચોંકાવનારી હકીકત સામે આવી છે. આ પ્રાથમિક તપાસમાં લાગે છે કે, ૩૮ વર્ષની લક્ષ્મીએ તમામને ઝેરનું ઈન્જેક્શન આપીને મારી નાખ્યા હતા. લક્ષ્મી ૭૫ વર્ષીય બુધારામની પુત્રી હતી. અને તમામ પાકિસ્તાનથી આવેલ હિન્દુ શરણાર્થી હતા. પોલીસને લાશોની આસપાસ ઝેરની શીશી અને ઈન્જેક્શન મળી આવ્યા છે. પોલીસની અત્યાર સુધીની તપાસમાં સામે આવ્યું છે કે, મરનાર તમામ લોકોને ઉંદર મારવાની દવાનું ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઘટનાસ્થળેથી અલ્પ્રાઝોલમ ટેબ્લેટ પણ મળી આી છે, જે ઊંઘની દવા તરીકે ઉપયોગ થાય છે. પોલીસને શક છે કે લક્ષ્મીએ જ પરિવારનાં તમામ સભ્યોને ઈન્જેક્શન આપ્યું છે. કેમ કે તે ઈન્જેક્શન આપવાનું જાણતી હતી. અને શંકા વધારે મજબૂત એટલાં માટે બને છે કેમ કે, મરનાર તમામ ૧૦ લોકોને હાથમાં ઈન્જેક્શન આપવામાં આવ્યું છે. જ્યારે લક્ષ્મીના પગમાં ઈન્જેક્શન આપ્યાના નિશાન છે. અને તે જ કારણે લાગે છે કે, લક્ષ્મીએ પહેલાં પરિવારનાં તમામ લોકોને હાથમાં ઈન્જેક્શન આપ્યું હોવું જોઈએ અને બાદમાં પોતે પગમાં ઈન્જેક્શન મારીને આપઘાત કર્યો હોવો જોઈએ.

# કોરોનાના વધતા પ્રકોપ વચ્ચે વારાણસીના સ્વાસ્થ્ય કેન્દ્રના પ્રભારીઓના રાજીનામા

વારાણસી : દેશમાં કોરોના દિવસેને દિવસે વિકરાળ સ્વરુપ ધારણ કરી રહ્યો છે. એકબાજુ દેશના નાગરિકો આ મહામારીના કારણે ત્રસ્ત છે, બીજી બાજુ કોરોનાના કેસ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. તેવામાં સામાન્ય લોકોના જીવ બચાવવાની જવાબદારી જે સ્વાસ્થ્યકર્મીઓ પણ કોરોનાની ઝપેટમાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં વારાણસીના સ્વાસ્થ્ય અધિકારીઓનો અસંતોષ ખુલીને સામે આવ્યો છે. વારાણસીના શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં સ્થિત બધા પ્રાથમિક અને સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રના પ્રભારીઓએ સામુહિક રાજીનામા આપ્યા છે. જિલ્લાના તમામ સ્વાસ્થ્ય કેન્દ્રના અધિકારીઓ મુખ્ય આરોગ્ય અધિકારીની કચેરીએ ગયા અને રાજીનામા આપ્યા હતા. આ અધિકારીઓ આક્ષેપ લગાવ્યો છે કે કોરોના સામેની કાર્યવાહીમાં જિલ્લા પ્રશાસન અને સ્વાસ્થ્ય વિભાગ વચ્ચે કોઈ તાલમેળ નથી.

# ફેસબૂકમાં અફવા ફેલાતા શિકાગોમાં લૂંટ તેમજ હિંસા, ૧૦૦ની ધરપકડ



શિકાગો : ફેસબુકમાં અફવા ફેલાયા પછી શિકાગોમાં પોલીસ અને નાગરિકો વચ્ચે હિંસક અથડામણ થઈ હતી. પોલીસના ફાયરિંગમાં એક ૧૫ વર્ષના કિશોરનું મોત થયું છે એવી અફવા પછી શહેરમાં અલગ અલગ સ્થળોએ હિંસા થઈ હતી. હિંસા અને લૂંટના આરોપ હેઠળ ૧૦૦ કરતાં વધુ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ૧૩ પોલીસ જવાનો પણ ઘાયલ થયા હતા. શિકાગોના ઈંગલવૂડ વિસ્તારમાં પોલીસ અને નાગરિકો વચ્ચે ઝપાઝપી થઈ તેનો વીડિયો ફેસબુકમાં મૂકાયો હતો. ફેસબૂકમાં એ વીડિયો શેર થયા પછી લોકોએ સિટી સેન્ટરમાં એકઠાં થવાનું ઓનલાઈન નક્કી કર્યું હતું અને એ પછી સ્થિતિ વધુ વણસી ગઈ હતી. પોલીસે ટોળાને કાબુમાં રાખવા માટે ગોળીબાર કર્યો હતો. પોલીસ ફાયરિંગમાં એક ૧૫ વર્ષના કિશોરનું મોત થયા થયું હતુ એવી અફવાએ સોશિયલ મીડિયામાં જોર પકડયું હતું. એ પછી લોકો વિફર્યા હતા. લોકોએ હિંસક દેખાવો કર્યા હતા અને પોલીસને નિશાન બનાવી હતી. લોકોએ આચરેલી હિંસામાં ૧૩ કરતાં વધુ પોલીસ જવાનોને ઈજા થયાનું કહેવાયું હતું.

# યુએન ઇરાન પરના પ્રતિબંધોને વધુ લંબાવે : ખાડીઓના છ દેશ

- બેહરીન, કુવૈત, ઓમાન, કતાર, સઉદી, યુએઈની બનેલી જીસીસીએ યુએનએસસીને પત્ર લખ્યો

દુબઈ : ખાડી અરબ ક્ષેત્રના છ દેશોના સમૂહે પોતાના આંતરિક ઝઘડાને બાજુ પર મૂકીને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા ઈરાન પર મૂકવામાં આવેલા શસ્ત્રોના પ્રતિબંધને વધુ લંબાવવાની તરફેણ કરી છે. ઈરાન પરનો વર્તમાન પ્રતિબંધ બે મહિના પછી સમાપ્ત થઈ રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે સંયુક્ત રાષ્ટ્રે ૨૦૧૦માં પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખવા બદલ ઈરાન પર વિદેશમાંથી શસ્ત્રો ખરીદવા પર પ્રતિબંધ મૂકી દીધો હતો. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ(જીસીસી)એ યુએન સિક્યુરિટી કાઉન્સિલને પત્ર લખી ઈરાન પર વિદેશથી ફાઈટર જેટ, ટેન્ક અને યુદ્ધ જહાજ સહિતના શસ્ત્રો ખરીદવા પરનો પ્રતિબંધ હજુ પણ ચાલુ રાખવાની માગ કરી છે. જીસીસીમા બેહરીન, કુવૈત, ઓમાન, કતાર, સઉદી અરેબિયા અને યુનાઈટેડ આરબ અમિરાતનો સમાવેશ થાય છે. જીસીસીએ યુએન સિક્યુરિટી કાઉન્સિલને લખેલા પત્રમાં જણાવ્યું છે કે ઈરાને પાડોશી દેશોમાં સીધા અથવા સંગઠનાત્મક પ્રવૃત્તિઓથી શસ્ત્રો દ્વારા દખલગીરી કરવાનું બંધ કર્યુ નથી.

# વ્હાઈટ હાઉસ નજીક ફાયરિંગ થતાં ટ્રમ્પને સુરક્ષિત સ્થળે ખસેડવા પડ્યા

- ટ્રમ્પની પ્રેસ કોન્ફરન્સ ચાલતી હતી ત્યારે જ ફાયરિંગ થયું હતું

વોશિંગ્ટન : વ્હાઈટ હાઉસ નજીક ફાયરિંગ થતાં ટ્રમ્પને તુરંત સુરક્ષિત સ્થળે ખસેડાયા હતા. ટ્રમ્પ મીડિયાને સંબોધી રહ્યા હતા એ દરમિયાન જ વ્હાઈટ હાઉસની બહાર ફાયરિંગ થયું હતું. હુમલાખોરને સિક્રેટ સર્વિસના અધિકારીઓએ ગોળી મારી દીધી હતી. સ્થિતિ કાબૂમાં હોવાનું ટ્રમ્પે કહ્યું હતું.

વ્હાઈટ હાઉસની બહાર ફાયરિંગ થયું હતું. એ વખતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ મીડિયાને સંબોધી રહ્યા હતા. અચાનક ફાયરિંગ થયાની જાણ ખુદ ટ્રમ્પે જ મીડિયાને કરી હતી. એ પછી અધિકારીઓ ટ્રમ્પને સલામત સ્થળે દોરી ગયા હતા.

અધિકારીઓએ તેમને પોડિયમથી ઉતરવાનું સૂચન કર્યુ એ વખતે જતા જતા ટ્રમ્પે શૂટિંગની વિગતો મીડિયાને કહી હતી. થોડી મિનિટો પછી ટ્રમ્પ ફરીથી મીડિયા સામે હાજર થયા હતા અને તેમણે જાહેર કર્યું હતું કે હવે સ્થિતિ કાબૂમાં છે. સિક્રેટ સર્વિસના અધિકારીઓએ હુમલાખોરને ગોળી મારી દીધી હતી. જોકે, વ્હાઈટ હાઉસે તે અંગે વધુ જાણકારી આપી ન હતી.

# USના બાલ્ટીમોરમાં ૩ માળના મકાનમાં ગેસ પાઈપલાઈનમાં વિસ્ફોટ : ૧નું મોત

- વિસ્ફોટને પગલે મકાન સંપૂર્ણ ધરાશયી
- ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ : એક વ્યકિત હજુ પણ કાટમાળમાં દટાયેલ



બાલ્ટીમોર : અમેરિકાના મેરીલેન્ડ રાજ્યના બાલ્ટીમોર શહેરમાં એક ત્રણ માળના મકાનની ગેસ પાઈપલાઈનમાં વિસ્ફોટ થતાં મકાન સંપૂર્ણપણે ધરાશયી થઈ ગયું હતું. આ ઘટનામાં એક મહિલાનું મોત થયું છે અને ત્રણ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જ્યારે એક વ્યકિત હજુ પણ મકાનના કાટમાળમાં દટાયેલ છે. રાહત અને બચાવ કર્મચારીઓ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગયા હતાં અને તેમણે કાટમાળમાં દબાયેલા લોકોને બહાર કાઢવાના પ્રયત્નો કર્યા હતાં. સૂત્રોના જણાવ્યા અનુસાર મેરીલેન્ડના બાલ્ટીમોટરમાં લેબરિંથ એન્ડ રીસ્ટર્સટાઉન રોડ સોમવાર સવારે ૧૦ વાગ્યે એક ભયાનક વિસ્ફોટ થયો હતો. આ વિસ્ફોટને કારણે આસપાસના મકાનોને પણ નુકસાન થયું છે અને અનેક મકાનોના બારીઓના કાચ તૂટી ગયા હતાં.

# લેબેનોનમાં વિસ્ફોટ બાદ સમગ્ર સરકારે રાજીનામું આપ્યું, દેશ ધણીધોરી વગરનો

- બૈરૂત વિસ્ફોટ મુદ્દે સુરક્ષા એજન્સી દ્વારા પૂછપરછ શરૂ



બેરૂત : બૈરૂતમાં ગયા સપ્તાહે થયેલા ભયંકર વિસ્ફોટ અંગે લેબનાનના એક જજ આજે દેશનસુરક્ષા એજન્સીની પુછપરછ શરૂ કરી હતી. એ પછી વડાપ્રધાન સહિત આખા મંત્રી મંડળે રાજીનામાં આપી દીધા હતાં. માટે દેશ હવે ધણીધોરી વગરનો બની ગયો છે. બીજી તરફ સુરક્ષા એજન્સીઓ દ્વારા પૂછપરછ અને તપાસ ચાલુ છે.અન્ય જનરલોની પણ પૂછપરછ થશે એમ મનાય છે.

નુકસાનગ્રસ્ત સ્થળની મુલાકાત દરમિયાન જેમના પર લોકોએ પાણીનો મારો કર્યો હતો અને ગાળો બોલી હતી તે ન્યાય મંત્રી મેરી-કલાઈડ નજમે પણ આજે વડા પ્રધાનને પોતાનું રાજીનામુ આપી દીધું હતું, એમ સમાચાર એજન્સીએ કહ્યું હતું.વિસ્ફોટના પગલે રાજીનામું આપનાર તેઓ ત્રીજા મંત્રી હતા.સમગ્ર મંત્રી મંડળ જ રાજીનામું આપી દેશે એવી અટકળો વચ્ચે આજે તેમનની બેઠક મળી હતી.

લેબનોનના કાયદા અનુસાર જો ૨૦માંથી સાત મંત્રીઓ રાજીનામા આપે તો સરકાર માત્ર રખેવાળ સરકાર જ બની જાય છે.અત્યાર સુધી કુલ નવ સાંસદો એ રાજીનામા આપી દીધા હતા. ચોથી ઓગસ્ટે બંદર પરની

# યુએસના ન્યૂયોર્કમાં ટાઇમ સ્ક્વેર ઉપર પહેલીવાર ત્રિરંગો લહેરાશે

ન્યૂયોર્ક : અમેરિકના ન્યૂયોર્ક શહેરમાં આવેલા જગપ્રસિદ્ધ ટાઈમ સ્ક્વેરમાં ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકશે. અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર આવી ઘટના ટાઈમ સ્ક્વેર પર બનશે. પંદરમી ઑગષ્ટે ભારતના સ્વાતંર્ત્ય દિવસે અહીં ત્રિરંગો ફરકશે અને એક નવો ઈતિહાસ રચાશે. ન્યૂયોર્ક, ન્યૂ જર્સી અને કનેક્ટિકટમાં વસતા ભારતીયોની એનજીઓ ફેડરેશન ઑફ ઈન્ડિયન એસોસિયેશન (ૈંછ)એ આ નિર્ણય કર્યો હતો. ૈંછ દ્વારા પ્રગટ કરાયેલા એક નિવેદનમાં આ જાહેરાત કરવામાં આવી હતી. આ નિવેદનમાં વધુમાં જણાવાયું હતું કે ૧૪મી ઑગષ્ટની રાત્રે એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ પર કેસરી, સફેદ અને લીલા રંગની રોશની કરવામાં આવશે. ટાઈમ સ્ક્વેર પર ત્રિરંગો ફરકે ત્યારે અમેરિકામાંના ભારતીય રાજદૂત રણદીર જયસ્વાલ અતિથિ વિશેષ તરીકે હાજરી આપશે.

અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર ટાઈમ સ્ક્વેર પર આ રીતે ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકશે અને એક નવો ઈતિહાસ રચશે. આમ તો દર વરસે સ્વાતંર્ત્ય દિને અમેરિકાના ભારતીયો ભારતની કોઈ સેલેબ્રિટીને નિમંત્રિત કરીને ઈંડિયા પરેડ યોજે છે. પરંતુ આ વખતે કોરોનાએ અમેરિકામાં હાહાકાર વર્તાવ્યો છે એટલે પરેડ યોજવાનું શક્ય નથી.

# ન્યુયોર્કના આરોગ્ય કમિશનર તરીકે ગુજરાતી ડોક્ટર ચોકસીની નિમણુંક કરાઈ

ન્યૂયોર્ક : અમેરિકામાં કોરોના વાયરસના સંકટ વચ્ચે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીની તૈયારીઓ ચાલુ છે. ૩ નવેમ્બરના રોજ યોજાનારી ચૂંટણી પહેલા ડેમોક્રેટ્સના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર જો બિડેને પોતાના ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવારનું નામ જાહેર કર્યું હતું. ભારતીય મૂળના અમેરિકી સીનેટર કમલા હેરિસ હવે ડેમોક્રેટ્સ તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનશે. જો બિડેને મંગળવારે ટ્વિટરના માધ્યમથી આ અંગેની જાહેરાત કરી હતી અને ત્યાર બાદ ચારે બાજુથી શુભેચ્છાઓનો ધોધ વહેવાનું ચાલુ થયું હતું. જો બિડેને ટ્વિટમાં લખ્યું હતું કે, ‘તેઓ આ યુદ્ધમાં કમલા હેરિસને પોતાના જોડીદાર બનાવીને ખૂબ જ ખુશ છે. તેમની ગણતરી દેશના સૌથી સારા સીનેટરમાં થાય છે. મેં ઘણાં લાંબા સમય સુધી તેમના સાથે કામ કર્યું છે. તેમણે મહિલાઓ અને બાળકો માટે શાનદાર કામ કર્યુ છે અને ભવિષ્ય ઘડ્યું છે.

# ઇન્ડોનેશિયામાં જ્વાળામુખીમાં વિસ્ફોટ, ૩૦ કિલોમીટર સુધી રાખ વરસી



જાકાર્તા : ઇન્ડોનેશિયામાં એક મોટો જ્વાળામુખી ફાટતાં ૨ કિલોમીટર ઊંચો રાખનો ધોધ વરસ્યો હતો. આ જ્વાળામુખીમાંથી વછૂટેલી રાખ ૩૦ કિલોમીટર દૂર સુધી પહોંચી હતી. સ્થાનિક લોકોને આ જ્વાળામુખીથી ત્રણ કિલોમીટરના વિસ્તારથી દૂર રહેવા જણાવ્યું હતું. ઉપરાંત પાંચ કિલોમીટર દૂર સુધી જ્વાળામુખીના વિસ્ફેટ સંભળાયા હતા.

# અમેરિકામાં ૩.૮૦ કરોડની સ્કોલરશીપ મેળવનાર દીકરીનું છેડતી દરમિયાન મોત

વોશિંગ્ટન : અમેરિકાના બોબસન કોલેજથી ૩.૮૦ કરોડ રૂપિયાની વધુની સ્કોલરશિપ મેળવનાર સુદીક્ષા ભાટીનું માર્ગ અકસ્માતમાં મોત નીપજ્યું હતું. દાદરી વિસ્તારની ડેરી સ્કનર ગામની રહેવાસી સુદીક્ષા પોતાના કાકાની સાથે બાઈક પર બુલંદશહરમાં રહેતા મામાને મળવા જઈ રહી હતી. ત્યારે રસ્તામાં એક બુલેટ ચાલકે તેની સાથે છેડતી કરવાની કોશિષ કરી આ દરમ્યાન તેના બાઈકને ટક્કર મારી હતી. જેથી તે નીચે પટકાઈ હતી અને ગંભીર ઈજાઓના પગલે મોત નીપજ્યું હતું. સુદીક્ષા ભાટીના પરિવાજનોએ જણાવ્યું કે ૨૦ ઓગસ્ટે અમેરિકા પરત જવાનું હતું. કોરોના સંક્રમણના કારણે તે જૂનના પહેલા સપ્તાહમાં અમેરિકાથી ભારત આવી હતી. સોમવારથી સવારે પોતાના મામાને મળવા માટે કાકા સતેન્દ્ર ભાટી સાથે સિકંદરાબાદ (બુલંદશહર) જઈ રહી હતી.

# રશિયાની કોરોના વેકસીન વિવાદમાં : માત્ર ૩૮ લોકો પર ટેસ્ટીંગ કરાયું, અનેક સાઈડ ઈફેક્ટ

## માત્ર ૪૨ દિવસના સંશોધન બાદ જ રસીને મંજૂરી : ૧૮થી નીચે-૬૦ વર્ષથી ઉપરનાને રસી નહીં અપાય

મોસ્કો : રશિયાના રાષ્ટ્રપતિ પુતિને મંગળવારે દુનિયાની સૌપ્રથમ કોરોના રસી બનાવ્યાનો દાવો કર્યો હતો. તેવામાં શરૂઆતથી જ દુનિયાભરના વિજ્ઞાનીઓ આ રસી અંગે શંકા વ્યક્ત કરી રહ્યા છે. આ રસીનું ત્રીજા સ્તરનું ટ્રાયલ કરવામાં આવી નથી. ત્યારે હવે ડેઈલૂ મેઈલમાં પ્રકાશિત થયેલા અહેવાલ પ્રમાણે રશિયાની કોરોના રસીનું માત્ર ૩૮ લોકો પર ટેસ્ટીંગ કરવામાં આવ્યું છે. આ સિવાય આ રસીની અનેક સાઇડ ઈફેક્ટ હોવાનું પણ સામે આવ્યું છે.



અન્ય એક રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે રશિયાની રસીની સાઇડ ઈફેક્ટ તરીકે માથઆનો દુખાવો, શરીરનો દુખાવો, તાવ, નાકમાંથી પામી પડવું, ડાયેરિયા, ગળુ ખરાબ થવું વગેરે સામેલ છે. આ સિવાય અશક્તિ પણ વધી જાય છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે રશિયાના અધિકારીઓએ માત્ર ૪૨ દિવસના સંશોધન બાદ જ રસીને મંજૂરી આપી દેવામાં આવી છે. આ સિવાય રસીના રજીસ્ટ્રેશન માટે જે કાગળ પવામાં આવ્યા હતા, તેમાં પણ લખેલું હતું કે મહામારી ઉપર રસીના પ્રભાવને લઈને કોઈ ક્લિનિકલ ટ્રાયલ થયું નથી. જેના કારણે દુનિયાભરના વિજ્ઞાનીઓને ભય છે કે આ રસી ખતરનાક સાબિત થઈ શકે છે. ઉપરાંત આ રસીના કારણે મહામારીના વિકરાળ રુપ લેવાની પણ શક્યતા રહેલી છે. રસીના પરીક્ષણ રિપોર્ટ પ્રમાણે ૪૨ દિવસમાં સાઇડ ઈફેક્ટની ૩૧ ઘટનાઓ સામે આવી છે.

## જર્મનીમાં ત્રીજા દિવસે ૧,૦૦ કેસ

જર્મનીમાં સતત ત્રીજા દિવસે ૧,૦૦૦થી વધુ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧,૧૨૨ લોકોને કોરોનાનો ચેપ લાગ્યો છે. જ્યારે ૧૨નાં મોત થયાં છે. કોરોનાથી કુલ ૯,૧૯૫ લોકોનાં મોત થયા છે. સંક્રમણ વધવાથી ફરી નિયમો વધુ કડક કરાયા છે અને ટેસ્ટિંગ વધારવામાં આવ્યું છે.



## યુએસમાં આપઘાતનું પ્રમાણ વધ્યું

રિપોર્ટ અનુસાર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ એક નવો નિયમ લાગુ પાડી રહ્યાં છે જે અનુસાર બહારથી આવનાર સંદિગ્ધ લોકોને દેશમાં પ્રવેશ નહીં મળે. અમેરિકામાં સંક્રમિતોનો આંકડો ૫૦ લાખને પાર કરી ગયો છે તથા ૧.૫૦ લાખ કરતા પણ વધારે લોકોના મોત થયા છે. લોકડાઉનને કારણે અમેરિકાના ૨૦ શહેરોમાં આપઘાતનું પ્રમાણ વધી રહ્યું છે.

## અમેરિકામાં જુલાઈમાં ૯૭ હજાર બાળકોને કોરોનાનો ચેપ લાગ્યો

વોશિંગટન : દુનિયામાં કોરોના વાયરસનો પ્રકોપ દિવસેને દિવસે વધી રહ્યો છે. અમેરિકા કોરોના વાયરસના કારણે સૌથી પ્રભાવિત દેશોમાંથી ક છે. ત્યારે હવે અમેરિકાથી બીજા ચિંતાજનક સમાચાર આવી રહ્યા છે. અમેરિકામાં જુલાઈના છેલ્લા બે અઠવાડિયાની અંદર ૯૭ હજાર બાળકો કોરોના વાયરસની ઝપેટમાં આવ્યા છે. અમેરિકાની બાળરોગ એકેડમી અને ચિલ્ડ્રન હોસ્પિટલ એસોસિએશન દ્વારા આ માહિતિ આપવામાં આવી છે. એસોસિએશન દ્વારા રાજ્ય સ્તરનો ડેટા જાહેર કરવામાં આવ્યો છે. જેનાથી સામે આવ્યું છે આ ૯૭ હજાર કેસથી અમેરિકામાં કોરોનાના કુલ કેસમાં ૪૦ ટકાનો વધારો થયો છે.

આ રિપોર્ટ એવા સમયે આવ્યો છે જ્યારે અમેરિકામાં શાળાઓના ખુલવા પર વિચાર થઈ રહ્યો હતો. અમેરિકામાં દેશભરની શાળાઓ સુરક્ષિત રીતે કઈ રીતે અને ક્યારથી ખોલી શકાય તે અંગે વિચારણા ચાલતી હતી. તેવામાં આ રિપોર્ટ આવતા ચિંતામાં વધારો થયો છે. આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે બાળકોની રોગપ્રતિકારક ક્ષમતા પર કોરોના વાયરસ ભારે પડી રહ્યો છે.

કોરોના વાયરસના ફેલાવાની શરૂઆતથી લઈને આજ સુધી અમેરિકામાં ત્રણ લાખ ૪૦ હજાર બાળકોને ચેપ લાગ્યો છે. જે દેશના કુલ કોરોના કેસના નવ ટકા છે. અમેરિકામાં મિસૌરી, ઓક્લાહોમા, જ્યોર્જિયા, ફ્લોરિડા, મોંટાના અને અલાસ્કાની અંદર બાળકોમાં કોરોનાનો ચેપ ઝડપથી ફેલાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતમાં પણ લોકડાઉન લાગુ થયા બાદથી તમામ શાળા બંધ છે. અમેરિકાની સ્થિતિ જોતા શાળાઓ ખોલવી જોખમી છે.

## ફ્રાન્સમાં માસ્ક ફરજિયાત

ફ્રાન્સમાં જાહેર સ્થળોએ માસ્ક ફરજિયાત બનાવાયું છે. આ નિયમ ૧૧ વર્ષ કરતા મોટી ઉંમરના લોકો માટે લાગુ પાડવામા આવ્યો છે. ફ્રાન્સમાં જુલાઈ પછી કોરોનાનો નવા કેસો વધી રહ્યાં છે તેથી સરકારે માસ્ક પહેરવું ફરજિયાત બનાવ્યું છે. નિયમનું પાલન ન કરનારાને ૯ હજારનો દંડ નક્કી કરાયો છે.



## ભૂતાનમાં ટોટલ લોકડાઉન

ભૂતાનના વડાપ્રધાને દેશમાં ટોટલ લોકડાઉનની જાહેરાત કરી છે. ગેલેફૂ ટાઈનમાં એક મહિલા સંક્રમિત મળી હતી. આ સંક્રમિત મહિલા પારો, થિંપૂ અને બીજા વિસ્તારના લોકોના સંપર્કમાં આવી હતી. તેમણે કહ્યું કે સંક્રમિત મહિલાના સંપર્કમાં આવેલા ૭૧ લોકોની ઓળખ કરાઈ છે. સરકારે લોકો અને વાહનવ્યવહારની અવરજવર પર પ્રતિબંધ મૂકી દીધો છે.

## ન્યુઝીલેન્ડમાં ૧૦૨ દિવસ બાદ કોરોનાના કેસ

વેલિંગ્ટન : કોરોના વાયરસ સંક્રમણથી ૧૦૨ દિવસ સુધી દૂર રહ્યા બાદ ન્યુઝીલેન્ડમાં સ્થાનિક સ્તરે આ રોગચાળાનાં સંક્રમણનો પ્રથમ કેસ નોંધાયો છે. જણાવવામાં આવી રહ્યું છે કે એક જ પરિવારના ચાર સભ્યોને કોરોના વાયરસથી ચેપ લાગ્યો છે. આ કેસ સામે આવ્યા બાદ સમગ્ર દેશમાં ફરી એકવાર કડક લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે. આ પરિવારના સંપર્કમાં આવતા તમામ લોકો એકલા થઈ ગયા છે. આખું વિશ્વ આજકાલ કોરોના વાયરસ રોગચાળા સામે ઝઝુમી રહ્યું છે. આવી સ્થિતિમાં ન્યુઝીલેન્ડ વિશ્વમાં એક દ્રષ્ટાંત તરીકે ઉભરી આવ્યું છે. ન્યુઝીલેન્ડ સરકાર દ્વારા માર્ચના અંતમાં કડક લોકડાઉન કરીને આ સંક્રમણને સંપૂર્ણપણે નિયંત્રિત કરવામાં આવ્યું હતું. તે સમયે અહીં માત્ર ૧૦૦ લોકોને વાયરસનો ચેપ લાગ્યો હતો. રવિવારે જ સ્થાનિક સ્તરે ચેપનો એક પણ કેસ ન નોંધાયાનાં ૧૦૦ દિવસ પૂરા થયાં હતાં. છેલ્લાં ત્રણ મહિનાથી ન્યુઝીલેન્ડમાં ફક્ત થોડા લોકોને જ ચેપ લાગ્યો છે. તેમાંથી એવા લોકો પણ છે જે વિદેશથી પરત ફરી રહ્યા છે. તેમને સરહદ પર જ આઇસોલેશનમાં મોકલવામાં આવ્યા છે.

## ટ્રમ્પનો મોડર્ના સાથે કરાર : ૧૦ કરોડ ડોઝ આપશે

રશિયાએ દુનિયાની પહેલી કોરોના વેક્સિન બનાવી લીધી છે. તેવામાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ કોરોના વેક્સિનને લઈને મોટો ખુલાસો કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, કોરોનાની વેક્સિન બનાવનાર કંપની મોડર્ના સાથે કરાર કરવામાં આવશે. અને ખુદ ડોનાલ્ડ ટ્રમ્પે આ વાતની પુષ્ટિ કરી છે. અમેરિકામાં કોરોનાનાં કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ટ્રમ્પે કહ્યું છે કે, સમગ્ર વિશ્વસમાં સૌથી વધારે કોરોનાનાં ટેસ્ટ અમેરિકામાં કરવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકા કોરોનાની રસી બનાવનાર કંપની મોડર્ના સાથે એક કરાર કરશે. આ સંબંધમાં હજુ ઘણું બધું નક્કી કરી લેવામાં આવ્યું છે. તેઓએ કહ્યું કે, આ કરાર હેઠળ મોડર્ના પોતાની વેક્સિનના ૧૦ કરોડ ડોઝ અમેરિકાને આપશે. આ સાથે જ ટ્રમ્પે કહ્યું કે, અમેરિકામાં કોરોનાના ટેસ્ટિંગ દુનિયાના બાકીનાં દેશો કરતાં ખુબ જ વધારે કરવામાં આવ્યા છે. અમેરિકામાં અત્યાર સુધી ૬.૬ કરોડ લોકોનાં કોરોના ટેસ્ટ થઈ ચૂક્યા છે. જ્યારે દોઢ અરબની વસ્તીવાળા ભારતમાં ૨.૪ કરોડ જ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

## એચ-વનબી વિઝાધારકોને મળી મોટી રાહત, અનેક ભારતીયોને થશે ફાયદો

વોશિંગ્ટન : અમેરિકાએ પોતાના ત્યાં વિઝા પ્રતિબંધોમાં મોટી રાહત આપી છે. જેનાથી ભારતીયોને ઘણો ફાયદો મળશે. કોરોના વાઈરસ મહામારીને ધ્યાનમાં રાખતા અમેરિકાએ વિઝા પ્રતિબંધોને લાગુ કરી દીધા છે. ટ્રમ્પ વહીવટીતંત્રએ ૐ૧૪ વિઝા ધારકો માટે નિયમોમાં ઢીલ આપી છે. જેથી તેઓ અમેરિકામાં પ્રવેશ કરી શકે. ભારતીય આ વિઝા દ્વારા સૌથી વધારે સંખ્યામાં અમેરિકા જાય છે.

ઉલ્લેખનીય છે કે ટ્રમ્પ વહીવટીતંત્રએ કહ્યુ છે કે તેઓ એચ-૧બી વિઝા ધારકો માટે બનાવવામાં આવેલા નિયમોમાં કેટલીક છુટછાટ આપી રહ્યા છે. જેથી તેઓ સંયુક્ત રાજ્ય અમેરિકામાં આવી શકે. જોકે, આ માટે એક શરત રાખવામાં આવી છે. વહીવટીતંત્ર તરફથી કહેવામાં આવ્યુ છે કે આ વિઝા ધારકોએ તે જ નોકરી કરવા માટે પાછુ ફરવુ પડશે, જેને તે વિઝા પ્રતિબંધો પહેલા કરી રહ્યા હતા. અમેરિકી વિદેશ મંત્રાલયના સલાહકારે કહ્યુ કે આશ્રિતોને પણ પ્રાથમિક વિઝા ધારકોની સાથે મુસાફરી કરવાની અનુમતિ આપવામાં આવશે. વિભાગીય સલાહકારે કહ્યુ કે એક જ એમ્પ્લોયર અને પોતાની જૂની જ નોકરીને ફરીથી શરૂ કરનારોને આવવાની પરવાનગી આપવામાં આવે છે.

## સૂર્ય પર સનસ્પોટમાં મોટો ફેરફાર, પૃથ્વી માટે મોત સમાન : વૈજ્ઞાનિકો

વોશિંગ્ટન : આપણો સૂર્ય ૧૧ વર્ષથી લોકડાઉનમાં હતો. હવે તે જાગ્યો છે. તેમાં એક મોટો સનસ્પોટ જોવા મળ્યો છે. એટલે કે સૌર ડાઘ. આ ડાઘ એટલો મોટો છે કે તેમાંથી નીકળતી સૌર જ્વાળાઓ એટલે કે સૌર ફ્લેયર્સ પૃથ્વીને નુકસાન પહોંચાડી શકે છે. આ સૌર જ્વાળાઓ પૃથ્વીની સંચાર પ્રણાલીને વિક્ષેપિત કરી શકે છે. ઉપગ્રહ સંચારને અસર થઈ શકે છે. નેવિગેશન વગેરેમાં સમસ્યા આવી શકે છે એટલે કે હવા અને દરિયાઈ ટ્રાફિકમાં સમસ્યા ઉભી થઈ શકે છે.

વૈજ્ઞાનિકોએ એ વાતને માની છે કે દર ૧૧ વર્ષે સૂર્યની સપાટી પર ઘણા ફેરફારો થાય છે. તે છેલ્લા ૧૧ વર્ષોથી શાંત હતો. પરંતુ હવે તેમાં હલચલ મચી ગઈ છે. તાજેતરમાં જ સૂરજમાં એક મોટી જગ્યા જોવા મળી છે. એઆર૨૭૭૦ નામનો આ સનસ્પોટ પૃથ્વી તરફ ઘૂમી રહ્યો છે અને આગામી દિવસોમાં તેનો આકાર મંગળ કરતા પણ મોટો થઈ શકે છે તેવી વૈજ્ઞાનિકોની ચેતવણી છે. સૂર્યમાં દેખાયેલા એઆર૨૭૭૦ સનસ્પોટની પહેલી તસવીર અમેરિકાના ફ્લોરિડાના રહેવાસી અને એસ્ટ્રોનોમર માર્ટિન વાઈઝે લીધી હતી. એસ્ટ્રોનોમર વાઈઝે સોલર ફિલ્ટર્સ લગાડેલા ૮ ઈંચના ટેલિસ્કોપથી સનસ્પોટથી તસવીર લીધી છે.

# ભારત-ચીન વચ્ચે ટ્રેડવોર, ચીને પાંચ વર્ષ માટે એન્ટિ ડમ્પિંગ ડયૂટી લંબાવી

બિજિંગઃ લદ્દાખની બોર્ડર પર LAC ખાતે ભારત અને ચીનની સેનાએ સામસામે મોરચો માંડયો છે. ચીનની અવળચંડાઈ પછી ભારતે લદ્દાખથી લઈને અરુણાચલ અને સિક્કિમ સુધી સૈનિકોની વધુ ટુકડીઓ ગોઠવી છે. ટેન્કો અને તોપોનાં નાળચાં ચીન તરફ ગોઠવ્યાં છે. આમ બંને દેશો એકબાજુ યુદ્ધની તૈયારી રી રહ્યાં છે ત્યારે ભારતે ચીનને હંફાવવા બીજી તરફ ટ્રેડવોર શરૂ કરી છે. ભારતની ઓઈલ કંપનીઓએ વિદેશમાંથી ઓઈલની આયાત કરવા ચીનની ટેન્કરોને ભાડે નહીં લેવાનો નિર્ણય લીધો છે. ચીને ભારતની ઓપ્ટિક ફાઈબર પર પાંચ વર્ષ માટે એન્ટિડમ્પિંગ ડયૂટી લંબાવી છે.

દેશની સરકારી ઓઈલ કંપનીઓએ ચીન દ્વારા સંચાલિત ઓઈલ ટેન્કરોને પોતાનાં કોન્ટ્રાક્ટ નહીં આપવાનું નક્કી કર્યું છે. ચીનની કંપનીઓનાં ટેન્કર્સ કોઈ ત્રીજા દેશમાં રજિસ્ટર્ડ હશે તો પણ તેને કોન્ટ્રાક્ટ અપાશે નહીં. ઓઈલ કંપનીઓ પહેલેથી જ ગ્લોબલ ટેન્ડર્સમાં ફર્સ્ટ રાઈટ ઓફ રિફ્યુઝલનો અધિકાર ધરાવે છે. આથી દેશની ઓઈલ કંપનીઓને આનાથી કોઈ મોટી અસર પડશે નહીં. દેશની વીજળી કંપનીઓ દ્વારા તેમજ રેલવે દ્વારા ચીનની કંપનીઓને આપવામાં આવેલા કોન્ટ્રાક્ટ રદ કરવામાં આવ્યા છે.

### અમેરિકાએ યુદ્ધવિમાનો તૈનાત કર્યા

લદ્દાખમાં ચીન દ્વારા સેના અને આધુનિક ટેન્ક તેમજ તોપો ખડકાઈ રહી છે ત્યારે તેને પાઠ ભણાવવા અમેરિકાએ ડિયેગો ગાર્સિયામાં તેના નૌકા કાફલામાં સૌથી ઘાતક પરમાણુ બોમ્બર B2 Spirit Stealthને તહેનાત કર્યા છે. આ બોમ્બર વિમાનો એક સાથે ૧૬ અણુબોમ્બ લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

## આઈપીએલમાં તક ન મળતા તિવારીએ આત્મહત્યા કરી

મુંબઈઃ મુંબઈમાં એક ક્લબ ક્રિકેટર કરન તિવારીએ સોમવારે આત્મહત્યા કરી હતી. તે પોતાના મલાડ (પૂર્વ) સ્થિત ઘરમાં મૃત મળી આવ્યો હતો. આ વિશે તેના એક દોસ્તે જણાવ્યું કે તે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં સિલેક્ટ ન હોવાના કારણે પરેશાન રહેતો હતો. કરણને મુંબઈનો ડેલ સ્ટેઈન (સાઉથ આફ્રિકાનો દિગ્ગજ ફાસ્ટ બોલર) કહેવામાં આવતો હતો. કરન તિવારીના બેડરુમનો દરવાજો અંદરથી જ બંધ હતો. રાતે ૧૦:૩૦ કલાકે જ્યારે ખટખટાવવાથી પણ કરને દરવાજો ખોલ્યો ન હતો. જે બાદ દરવાજો તોડી તપાસ કરતા કરનનો મૃતદેહ લટકતી હાલતમાં હતો.

### બસ હવે તો મારે ઉડવું છે...


દિશા ત્રિવેદી

આકાશમાં ઉડતા પંખીને જોઈ મન
થાય છે ઉડવાનું,
ના કોઈ ડર, ના કોઈ ફિકર,
ગગન જ મારું ઘર,
**બસ હવે તો મારે ઉડવું જ છે..**

આંખ બંધ રાખીને સપના જોવા છે,
આંખ ખોલીને સપના પુરાં કરવા છે.
બસ, હવે તો મારે ઉડવું જ છે..
દુનિયાથી અલગ થઈ દુનિયાથી અલગ કરવું છે,
**બસ હવે તો મારે ઉડવું જ છે..**

જાણું છું કે ઉડવું આટલું સહેલું નથી.
ક્યારેક વરસાદ, તો ક્યારેક તડકો,
ક્યારેક વાવાઝોડા, તો ક્યારેક તોફાન મને ઉડતા રોકે.
પણ અટલ વિશ્વાસને કોણ રોકી શકે ?
**બસ હવે તો મારે ઉડવું જ છે..**

- દિશા ત્રિવેદી

Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service

3642 Kingston Rd


$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers

1177 Pure Spring Blvd


$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen

25 Heron Park Pl


$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry. Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School.

12 Silverwood Circ


$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms

19 Rosebank Dr


$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted

192B Magnolia Ave


$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)


PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com


MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com


JAINIK JARIWALA
Sales Representative
416.206.6115

Designed by Swadesh- Gujarati News Paper

Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc.
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract

વાસ્તુશાંતી પૂજા-યજ્ઞ





વેદોક્ત પદ્ધતિથી સંપૂર્ણ વાસ્તુ શાસ્ત્રથી વાસ્તુ શાંતિ પૂજા યજ્ઞ

ઘર પૂજા સ્થાન છે. ઘરમાં જ સ્વર્ગ છે. ઘરમાં જ શાંતિનો આધાર છે. અને ઘરમાંજ સુખ, શાંતિ, સમૃદ્ધિ અને લક્ષ્મીનો વાસ છે. પરંતુ જો આ બધી શ્રેષ્ઠતા આપનાં ઘરમાં ના હોય તો ઘરનાં કહેવાય તેને નર્ગ કહેવાય તો આપના નવા ઘરને સ્વર્ગ બનાવવા માટે સચોટ અને શાસ્ત્રોક્ત પદ્ધતિથી વાસ્તુશાંતિ યજ્ઞ થવો જરૂરી છે. કારણ કે જ્યારે નવા ભવનનું નિર્માણ કરવામાં આવે છે ત્યારે તેના ભૂગર્ભમાંથી ખોદકામથી આઠ વસ્તુઓ દોષ યુક્ત નિકળે છે તદઉપરાંત નર-અને પશુના અસ્થિ નિકળવાથી ભૂમિદોષ લાગે છે જેનાથી ઘર સ્વર્ગ નહિ પરંતુ નર્ગ બની સ્મશાન જેવું થઈ જાય છે. આવા અશુભ દોષનાં નિવારણ માટે વાસ્તુ શાંતિ યજ્ઞ કરાવવો.



કથા, વાસ્તુ, બેબીશાવર, ગૃહપ્રવેશ, નવચંડી, લઘુરુદ્ર, રુદ્રી પાઠ, ચંડીપાઠ દરેક પ્રકારના હવન અને પૂજા વિધિ કરાવનાર, જન્માક્ષર બનાવવા તથા જોવડાવવા માટે મળો

શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી
આણંદ (બોરસદ) ગુજરાત વાળા
મોબાઈલ :- 647 770 5984

શ્રી શાસ્ત્રી મિલનભાઈ ત્રિવેદી
આણંદ-બોરસદ ગુજરાતવાળા





આપની દરેક સમસ્યાનું સમાધાન સાધના અનુષ્ઠાનથી કરાવવામાં આવશે



॥ શ્રી ગણેશાય નમઃ ॥

સચોટ અને શાસ્ત્રોક્ત જ્યોતિષ
સલાહ અને નિદાન-વિધાન

નવા, જનમાક્ષર બનાવવા અને જોવડાવવા, કુંડળીમેળાપ, કાલસર્પદોષ, ગ્રહણદોષ પિતૃદોષ, શનીપનૌતી, લગ્નયોગ, મકાન-યોગ, ગુપ્તરોગ, દેવુમુક્તિ, શિગ્રવિવાહ, શિગ્રનોકરી પ્રાપ્તિ, બાળકોના ભણવા માટે વિદ્યા યોગ, વિદેશગમન યોગ તથા આપની કોઈપણ ગુપ્ત સમસ્યા, ગુપ્ત રોગ, ગુપ્ત શત્રુનિવારણ માટે મળો. શું આપના બાળકો પુત્ર-પુત્રી ગલત માર્ગથી પાછા વાળવા માંગો છો, શું આપના ઘર પરિવાર ઉપર કોઈએ મેલી વિદ્યા કરેલ છે, શું આપના ઘરમાં હંમેશા લડાઈ-ઝઘડા થાય છે, શું આપનો ભાગ્યોદય થવામાં વિલંબ થાય છે. શું આપના ઘર પરિવાર ઉપર કોઈક સંમોહન વશીકરણ કરેલ છે. શું આપ હંમેશા કોઈ મોટી બિમારીના શિકાર છો તેનો ઈલાજ કર્યા છતાં પણ તેનું નિવારણ નહિ થતું, શું આપનાં વ્યાપાર ધંધાને લગતી કોઈ સમસ્યા છે તો આવી જીવનની દરેક સમસ્યાનાં નિવારણ માટે આજેજ અમારી મૂલાકાત લો અને સચોટ શાસ્ત્રોક્ત વિધાનથી સમસ્યાનું નિવારણ કરાવો.

દરેક પ્રકારના ગ્રહોના નંગ, યંત્રોગ, સ્ફટિકની માળા, શિવલિંગ, ઘોડાની નાળ, શિયાળાસિંગિ, હથ્થા જોડી, વૈજંતીબિજની માળા, મુંગાની માળા, રુદ્રાક્ષ માળા, મેરુપૃષ્ટ શ્રી યંત્ર, ગોમતીચક દરેક વસ્તુવિધી કરેલ પ્રાણપ્રતિષ્ઠત વાળી મળશે.

# WELCOME !

## GENERAL & COSMETIC FAMILY DENTISTRY

**Dr. Salim Kapadia** DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken: English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.
- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FREE LASER WHITENING

FOR APPOINTMENT PLEASE CALL

**416-321-3268**

Email: info@drsalimkapadiadental.com

Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**

1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9

Hours: Monday-Friday 9:00am-8:00pm

Saturday 9:00am-5:00pm | Sunday as per request

**MOTEL for SALE**

# NIRAJ PANCHOLI, REALTOR®

ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)

**Cell: 647-866-2790**

Email: ncpancholi@gmail.com

Website: www.century21.ca/niraj.pancholi

Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award, Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



## MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

| | | |
|---|---|---|
| **29 ROOM MOTEL Hwy 11, Near Cochrane** With huge 5 BR house, year round business, busy in winter &summer, only motel in town, no competition. City water & sewer. Gross Revenue : about $350K **VTB Available - Asking Price: $1,100,000** | **42 ROOM MOTEL Hwy 11, North of Timmins** Inside corridor, decent size rooms, city water, year round business, potential to convert to franchise Gross Revenue : about $540K **VTB Available - Asking Price: $1,300,000** | **27 ROOM MOTEL in Sarnia, Near USA border** With 3BR house, newer roof, well maintained property with city water & sewer. Minutes away from Lambton Collage, mall, hospital, school etc. long term customers & good business form workers **VTB Available Asking Price: $1,649,000** |
| **12 ROOM MOTEL Near North Bay** With 3 BR house, updated rooms, very well maintained, with city water & sewer, close to all amenities.Asking Price: $849,000 | **27 ROOM MOTEL** Thunder Bay $2.1M **60+ ROOM MOTEL** Thunder Bay $2.3M **40+ ROOM MOTEL** 4 HRS East $2.2M | **12 ROOM MOTEL** Hwy 7, Near Peterborough Asking Price: $750,000 |
| **18 ROOM MOTEL Near Pembroke** With 3 BR house, spent over $150K in room renovation, no competition, located near Pembroke, about 1.5 hrs form Ottawa **VTB Available - Asking Price: $799,000** | **30+ ROOM MOTEL Near Sault Ste Marie** Great year round business Gross Revenue : about $450K **VTB Available Asking Price: $2,000,000** | **COMFORT INN NEAR GTA** Principal buyers to sign confidentiality & BRA Min $3M provable down payment require |
| **OTHER MOTELS FOR SALE** @ Near London under 1M @ Near Niagara Falls - $2.2 M to $5M @ Near Owen Sound/Tobermory - $1M to $2.5 | **MOTELS on Hwy 17, Sudbury to Sault Ste Marie** @14 ROOM & REST VTB available Asking $699,000 @12 ROOM Inside Corridor Asking $799,000 Other Motels also available on same road | **FRANCHISE MOTELS & HOTELS FOR SALE** **@ 40+ ROOM MOTEL North Ontario - $3.8M** **@ 70+ ROOM MOTEL 3 Hrs - $4.5M** **@ 50+ ROOM MOTEL 3 Hrs - $4.5M** **@ 60+ ROOM MOTEL 6 Hrs North - $3.5M** |

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke